Barcode - 99999990852402
Title - Asaliyate khoja yane asal kharekhara khojao kon
Subject -
Author -
Language - gujarati
Pages - 98
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13

# અસલીયતે ખોજ.

યાને

## અસલ ખરેખરા-ખોજાઓ કોણ


રચનાર.

હાશમ બોધા મા ર.



બીજી આવૃતિ, નકલ ૨૫૦૦

પ્રગટ કરનાર

વીરજી પ્રેમજી પારપીઆ.

૫૬૭, ડોંગરી સ્ટ્રીટ, મુંબઇ. ૯.

ઇ. સ. ૧૯૧૨. હી. સ. ૧૩૩૦

કિંમત અમુલ્ય.



કોપીરાઇટ પુસ્તક કર્ત્તાએ પોતાને સ્વાધીન રાખેલ છે.

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गूजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૨૩૦૪ वर्गांक

पुस्तकनुं नाम અસહાયને [illegible]

विषय સ ૧૭૩ પ ૭૨ ૧૯

# અસલીયતે ખોજ.

યાને

## અસલ ખરેખરા ખોજાઓ કોણ?

રચનાર.

**હાશમ બોઘા મ**

બીજી આવૃતિ, નકલ ૨૫૦૦

પ્રગટ કરનાર

**વીરજી પ્રેમજી પારપીઆ.**

૫૯૭, ડોંગરી સ્ટ્રીટ, મુંબઇ. ૯.

ઇ. સ. ૧૯૧૨. હી. સ. ૧૩૩૦

કિંમત અમુલ્ય.

કોપીરાઇટ પુસ્તક કર્ત્તાએ પોતાને સ્વાધીન રાખેલ છે.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

૭૩૦૪

આ પુસ્તક મુંબઈ નં૦ ૯૩ ચીંચપોકલી પરેલરોડપર
લેડી નૉર્થકોટ હિંદુ ઓર્ફનેજ, કે. એન. સેલર
પ્રેસમાં ભાણજી દેવચંદ મહેતાએ
છાપ્યું છે.

# અર્પણ પત્રિકા.

## મહાન બોધગુરૂ માનવંતા પીર સદરૂદ્દીન.

આપ
મહાન બોધ-
ગુરૂએ અમો ખો[illegible]
કોમની નજાત માટે અસ[illegible]ણ
પ્રયાસ કરી, પાક દીને ઈસલામ[illegible] ખાસ
અર્ક, **પાક શીઆ ઈમામી ઈસમાઈલી મઝહબનો**
માર્ગ અમોને દેખાડીને, **પાક ઈસમાઈલી ઈમામોના** વાવટા
નીચે અમોને એકઠા કરવામાં, તન મનના ભોગે હેરત ભર્યા
પ્રયાસો કીધા છે, તે સઘળા ઝળકતા બનાવોની
યાદમાં આ " **અસલીયતે ખોજા** "
નામનું લઘુ પુસ્તક આપ
મહાત્માના પાક રૂહને
માન સહિત
અર્પણ
કરૂં
છું.

આપનો એહેસાનમંદ,

**હાશમ બોઘા માસ્તર.**

# પ્રસ્તાવના.

આ લઘુ પુસ્તકની અર્પણ પત્રિકા પાક **શીઆ ઈમામી ઇસમાઇલી** દીનમાં, ખોજાઓને દાખલ કરનાર, માનવંતા બોધગુરૂ, પીર સદરૂદીન સાહેબને આપવામાં આવેલ છે. પાક **શીઆ ઈમામી ઇસમાઇલી** મઝહબ, જેમાં તેઓએ અસલથીજ ખોજાઓને દાખલ કીધા છે, તે અસલ મઝહબને તજી દેનારા પણ જ્યારે એવા મહાત્મા પરોપકારી ગુરૂઓને અર્પણ પત્રિકા જેવાં માન આપવા કુદરતી રીતે પ્રેરાય છે, ત્યારે, અમે તેઓએ શીખવેલા પાક **શીઆ ઇમામી ઇસમાઇલી** દીનના જ્ઞાન રૂપી મીઠાં ફળનો અહોનિશ આહાર કરનારા જો એ અમારા મહાત્મા બોધગુરૂને અર્પણ પત્રિકાનું માન આપીએ, તો એક અદના ફરજ બજાવ્યા ઉપરાંત, કાંઇ વધારે કીધેલું કહેવાશે નહીં. આ લઘુ પુસ્તક વાંચ્યા પછી, ખોજાઓનો અસલ મઝહબ કયો હતો, અને **પીર સદરૂદીન** વગેરે મીશનરીઓએ, કયા મઝહબમાં, ખોજાઓને, અસલમાં દાખલ કીધા હતા, તે સ્વતંત્રપણે અમારા વાંચક ખાત્રી કરી શકશે, તો અમારો અદના પ્રયાસ સફળ થએલો ગણશું.

**હાશમ બોઘા માસ્તર.**

પુસ્તક કર્ત્તા.

# પ્રગટ કર્ત્તાનું વિવેચન.

મેં જ્યારે "ખોજા કોમની તવારીખ" નામનું પુસ્તક વાંચ્યું, ત્યારે મારા મનમાં ઘણા તર્ક વિતક થવા લાગ્યા, કારણ કે, એ પુસ્તકનું પાનું ૩૦૫ મું વાંચતાં, મને [illegible] થયું કે મજકુર પુસ્તક કર્ત્તા, ખોજા કોમની અસલીયાત વિષે, [illegible]જ મોટા સંશયમાં છે, અને એ બાબતની ચોખવટ થાય તો સારૂં એવી આશા તેઓએ દેખાડેલી છે. સંશયમાં પડેલાઓને સીધે રસ્તે દોરવવામાં પરમ ધર્મ છે, એમ સમજી, મેં મારા મિત્ર હાશમભાઇ ઓઘા માસ્તર પાસે મારી ઇછા દેખાડી કે, મજકુર પુસ્તક કર્ત્તાના સંશયનો ખરો નિર્ણય તેઓ મેહેરબાની કરી લખી આપે, તો હું મારી તરફથી તે લખાણને પુસ્તકના આકારમાં છપાવી, સત્ય શું છે તે, દુનીઆમાં જાહેર કરૂં. મી. હાશમભાઇ ઓઘાએ મારી ઇચ્છાને માન આપી, ખોજા કોમની અસલીયાત ઉપર, એક નાનું પુસ્તક રચી આપ્યું, તે માટે, હું તેઓનો ખરા દીલથી આભાર માનું છું. આ પુસ્તકની પેહેલી આવૃતિ છાપ-વામાં આવી, તે સપાટાબંધ વેંચાઇ ગઇ હતી. આ પુસ્તકની બીજી આવૃતિ છપાવવા, મારા ઘણા મિત્રો તરફથી ઉપરાસાપરી માંગણી થવા લાગી; આ પુસ્તકના છેવટમાં લખેલા સદગ્રહસ્થોની સખા-વત ભરેલી મદદથી, એ પુસ્તકની બીજી આવૃતિની અઢી હજાર નકલો

ફ્રી વેહેંચી આપવા બંદોબસ્ત થયો છે, તેથી આ બીજી આવૃતિ જલદીથી બહાર પાડવાનો પ્રસંગ મળ્યોછે.

પહેલી આવૃતિમાં મારા તરફનું કાંઈપણ વિવેચન નહીં હોવાથી, આ બીજી આવૃતિમાં, મારો અદના મત નીચે પ્રમાણે જાહેર કરૂંછું.

મારો મત જાહેર કરવા માટે, પેહેલાં **દુધનું** ઉદાહરણ લઇશ. દુધને આપણે અસલ પહેલી સ્થિતિમાં, **દુધ** કહીએ છીએ. જ્યારે તે દુધને જમાવવામાં આવેછે, ત્યારે તે સ્થિતિમાં આવેલા દુધને આપણે **દહીં** કહીએ છીએ. જ્યારે દહીંને વલોવવામાં આવેછે, ત્યારે તેમાંથી પાણી જેવા નીકળેલા પદાર્થને **છાશ** અને બીજા ચીકણા ઘાટા પદાર્થને **માખણ** એવાં નામ આપીએ છીએ. જ્યારે માખણને તાવવામાં આવેછે, ત્યારે તૈયાર થએલા પદાર્થને **ઘી** કહેવામાં આવેછે. આ દાખલા પરથી આપણે સમજી શકીએ છીએ કે, જ્યારે હરકોઇ પદાર્થ એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં જાયછે, ત્યારે તે કનવર્ટ થએલી એટલે બદલાએલી સ્થિતિમાં બીજા નામને લાયક થાય છે. પદાર્થ કનવર્ટ થયા પછી, અસલનું નામ તે પદાર્થને બંધ બેસતું રહેતું નથી.

માનવંતા, બુઝરગ, વિદ્વાન્ **પીર સદરદીનથી** બોધ પામેલા મુરીદોને "**ખોજા**" લકબ આપવામાં આવેલો છે. જ્યાંસુધી મુરીદો, **પીર સદરદીનના** બોધ ઉપર કાયમ હોય, ત્યાંસુધી "**ખોજા**" લકબ તેઓને ઘટારત તથા સજાવાર છે. ખોજાના અસલ લકબ તથા સ્થિતિમાંથી કનવર્ટ થએલા, એટલે, ખોજાના મઝહબમાંથી નીકળી પરધર્મમાં

દાખલ થએલા, પોતાની નવી સ્થિતિમાં પણ "ખોજા" લકબને પકડી રાખે, એ આજના ચળકતા સમયમાં અને વિદ્યાના જમાનામાં, કુદરતી કાનુનથી વેગળું માલમ પડેછે અસલ ખોજામાંથી કનવર્ટ થએલા, એટલે ધાર્મિક બીજી સ્થિતિમાં ગએલા, પોતાની નવી સ્થિતિમાં, પોતા માટે, બીજું કોઇ લાયક નામ શોધીને લગાડશે, તો ખચિત તેઓ માટે માનકારક, અને કુદરતને બંધ બેસતું થશે.

---

## કુરાને શરીફ, સુરે [illegible]કર.

આયત, ૨૬૯.

**યુઅતીલ હીકમતા મંય યશાઓ, વ મંય**
**યુઅતલ હીકમતા, ફ કદ ઉતેયા ખૈરન**
**કસીરન, વ મા યઝ્ઝકકરૂ, ઈલ્લા**
**ઉલુલ અલબાબ**

**મતલબ**

જેને તે ચાહેછે તેને તે જ્ઞાન આપેછે, અને જેને જ્ઞાન આપવામાં આવ્યું છે, તેને ખરેખર પુષ્કળ ફાયદો આપવામાં આવ્યોછે, પણ ડાહ્યા માણસો સિવાય, બીજું કોઇ શીખામણ લેતું નથી.

# કુરાને શરીફ, સૂરે માએદા.

આયત. ૯૩

લૈસા અલલ લઝીના આમનુ, વ
અમેલુસ સાલેહાતે, જુનાહુન, ફીમા
તએમૂ, ઇઝામત[illegible] તકૌ, વ આમનૂ
વ અમેલુસ [illegible]હાતે, સુમ્મત તકૌ, વ
આમનૂ, સુમ્[illegible] તકૌ, વ અહસનુ,
વલ્લાહો યુહીબ્બુલ મોહસેનીન,

મતલબ.

જેઓએ ઇમાન આણ્યું છે, અને સુકૃત કર્યાંછે, તેઓના ઉપર તેઓએ ખાધુંછે તેને માટે કંઇ પાપ નથી. જ્યારે તેઓએ પરહીઝગારી કરીછે, અને ઇમાન આણ્યું છે, અને સુકૃત કર્યાંછે, પછી પરહીઝગારી કરીછે, અને ઇમાન આણ્યુંછે, પછી પરહીઝગારી કરી છે, અને સારાં કામ કર્યાંછે, અને ખુદા સુકૃત કરનારાઓને ચાહેછે.

**વીરજી પ્રેમજી પારપીઆ.**

પ્રગટ કર્ત્તા,

# અસલીયતે ખોજા

## યાને

# અસલ ખરેખરા ખોજાઓ કોણ?

---

ખોજા કોમની તવારીખના દાવા [illegible] કેટલાંક પુસ્તકો પ્રગટ થવા પામ્યાં છે. ઈ. સ. ૧૮૯૨ ની સાલમાં સચેદીના નાનજીઆણી ભુજવાળાએ "**ખોજા વૃતાંત**" **નામે**, પુસ્તક બહાર પાડ્યું હતું.

ઇ. સ. ૧૯૦૩ ની સાલમાં નવરોજજી માણેકજી દુમસ્યાએ "**નામદાર આગાખાનનો ટુંક ઈતિહાસ**" પ્રગટ કરી, નામદાર આગાખાન સાથે ખોજાઓનો પવિત્ર સંબંધ દર્શાવ્યો છે.

ઇ. સ. ૧૯૦૫ ની સાલમાં, મુંબઇ શેહેરના રહીશ, જાફરભાઇ રહેમતુલ્લા બારીસ્ટર તરફથી "**ખોજા કોમનો ઇતિહાસ**," એ નામનું પુસ્તક પ્રગટ થયું હતું.

ઈ. સ. ૧૯૦૭ ની સાલમાં, અમરેલીના રહીશ, એદલજી ધનજી કાળાએ "**હસનાબિન સબ્બાહ તથા ઇસમાઇલી મીશન પ્રયોગ**" પુસ્તક બહાર પાડીને, ખોજા કોમના અસલીયાત દેખાડવાની કોશેશ કરેલ હતી.

હાલમાં ઈ. સ. ૧૯૧૨ ની સાલમાં, અમરેલીના રહીશ એદલજી ધનજી કાળાએ "ખોજા કોમની તવારીખ" ને નામે પુસ્તક પ્રગટ કીધું છે.

આ છેલા " ખોજા કોમની તવારીખ " ના પુસ્તકમાં, એક અતિ વિચિત્ર પ્રકારની ચોખવટ કરવા માટે, પાના ૩૦૫ માં ખાસ જરૂર દેખાડવામાં આવી છે. પુસ્તક કર્ત્તા પાનાં ૩૦૫ ની સોળમી કલમના પાછલા ભાગમાં દર્શાવે છે કે, " મારી માન્યતા એવી થઇ છે કે, ખોજાઓનો અસલ **ધર્મ ઇસનાઅશરી** છે, અને તેમને ઇસનાઅશરી મતમાં વટલાવનાર મીશનરીઓ પણ **ઇસનાઅશરીજ** હતા, તોપણ આ સંબંધે, ચોખવટ કરવાની ખાસ જરૂર છે."

" **નામદાર આગાખાનનો ટુંક ઇતિહાસ** " એ પુસ્તક રચનાર, બાહોશ પારસી લેખક, **ન[illegible] માણેકજી દુમસ્યા**, પોતાના પુસ્તકના પાનાં ૨૩–૨૪ માં, એક અ[illegible] સુચના કરે છે કે—

" હવે તે વખત આવી લાગ્યો છે કે ખોજાઓ જે તરીકા ઉપર ચાલે છે, તે તરીકાને અનુસરતી તરતીબો દુરૂસ્ત કરવા માટે, હજરત આગાએ ( નામદાર આગાખાન ) **મજબૂત** દસ્તે અમલ બેસાડવો જોઇએ. હવે જયારે બ્રિટિશ અમલમાં, રિયાકારી એટલે દોરંગી ચલાવવાની કાંઇબી જરૂરીયાત રહી નથી, ત્યારે તો વળી, ખોજા ભાઇઓની ફરજ છે કે, તેઓએ પોતાના જીગરનો એતેકાદ, જાહેર ખુલ્લી રીતે પાળી દેખાડવો. હવે તેઓએ પોતાના મોં ઉપર ઢાંકેલો બુરખો અને પારકા તરીકાને મળતા આવવાનો ખોટો દેખાવ ફેંકી દેવો જોઇએ, સબબકે એવી બુરખાપોશી અને બહારના ખોટા દેખાવથી ખોજા જેવી ચંચળ કોમમાં નુકસાન અને મતફરી જાએજ થઇને, તેઓમાં ફાટપુટ થવાનો સંભવ રહે છે. આગલા જમાનાઓમાં, ખોજા ભાઇઓને એવા જનુની ખુનના પ્યાસા લોકનો ડર રાખવો પડતો હતો કે જેઓ સુની તરીકાને અપમાન થવાનો સહજબી ઇશારો મળતાં, તુરતજ હથીઆરો ઉડાવીને જેમને તેઓ કાફર તરીકે બોલાવતા હતા, તેમનો નાશ કરવાને એકદમ તૈયાર થઇ જતા હતા. સઘળી હિંદુ વરણોની મિસાલેજ ખોજાઓ પણ બ્હીકણ

હોવાથી તેઓને સુનીઓમાં જાએજ રહેલી નમાજની તરકીબો અને રસમો જાહેરાત ઇખ્તિયાર કરવી પડી હતી. મગર હવે તેઓએ બાહિમ્મત બહાર પડીને, **"પોતાના શીઆ ઇસમાઇલી મજહબને અનુસરતી તરકીબો અને રસમો ઇખ્તિયાર કરવી જોઇએ છે. એમ કીધાથીજ સુધરેલી આલમની નજરમાં તેઓ માન મેળવશે."**

ઉપરના લખાણ ઉપરથી, અમારા માનવંતા ઇનસાફી વાંચનારા, સ્વતંત્રપણે બરાબર સાબેત કરી શકશે કે "**નામદાર આગાખાનનો ટુંક ઇતેહાસ,**" એ પુસ્તકના રચનાર, આપણાથી ગેરકોમના ગ્રહસ્થ પણ ખુલ્લી રીતે જાણી શકયા છે, એટલું નહિં, પણ જાણીને પોતાના પુસ્તક મારફતે જાહેરમાં પ્રગટ પણ કરી ... છે, કે ખોજાઓએ હવે બહાર પડીને **પોતાના શીઆ ઇમામી** ઇસ...ઇલી મઝહબને અનુસરતી તરકીબો અને રસમો અખતિયાર કરવી **જોઇએ**. ખોજાકોમથી ગેર-કોમના એટલે એક પારસી વિદ્વાન પણ, ખોજાઓને **શીઆ ઇમામી ઇસમાઇલી** ગણવાની માન્યતા ધરાવે છે. અને એ માન્યતા સંપૂર્ણ રીતે ચોખ્ખી હોવાથી, તેમાં વધારે ચોખવટ થવાની જરૂર પોતાના આખા પુસ્તકમાં કોઇપણ ઠેકાણે જણાવતા નથી, ત્યારે અજબ થવા જેવી બીના એ છે કે, **પાક શીઆ ઇમામી ઇસમાઇલી** મઝહબને હાલ તરતજ તજી દેનાર, એદલજી ધનજી કાબા, જેમના બાપદાદાઓ, અસલથીજ ખોજા-ઓનો અસલ **શીઆ ઇમામી ઇસમાઇલી** મઝહબ પાળીને, તેમને પણ વારસામાં, એજ પાક દીન આપતા ગયા છે, તે સઘળું વિસરી જઇને, એ સિદ્ધાંત તુલ્ય સત્યતાને માટે હજીપણ વધારે ચોખવટની જરૂર વિચારે છે.

વિદ્વાન વર્ગ સત્યતા સાબેત કરવા કોશેશ કરે, તેમાં કાંઇપણ હાનિ-કારક નથી, પરંતુ જ્યારે તે સત્યતા સાબેત થાય, ત્યારેપણ, તેને નહીં

ગણુકારતાં, પોતાના અંતઃકરણને તથા જગતને ફરેબ આપવા કોશેશ કરવી એ અફસોસ કારક છે.

પચાશ વર્ષ થયાં, રોજ સૂર્યનારાયણના દર્શન કરનાર, સૂર્યની હસ્તિ વિષે શંકા દર્શાવે, તો તે બીના અજાએબી અને રમુજ ભરેલી ગણાય છે. " ખોજાકોમની તવારીખ " ના રચનાર એદલજી ધનજી કાબાએ ઇ. સ. ૧૯૦૭ ની સાલમાં **હસન બીન સબ્બાહ તથા ઇસમાઇલી મીશન પ્રયોગ** " એ નામનું પુસ્તક પ્રગટ કીધું છે, તેના ૧૫૭ મા પાનામાં ખુલ્લી રીતે તેઓનીજ કલમથી ચોખવટ કરવામાં આવી છે, તે નીચે પ્રમાણે.

" ખોજા લોકોની અસલ ઉત્પત્તિ સુન્નિમાંથી થઇ હતી, એમ જે માનવામાં આવ્યું હતું, તે ખરૂં ન હતું. તેમજ મુંબઇમાં પ્રસિદ્ધ થયેલી સજરાની ચોપડીમાં ખોજા ધર્મની નિંદા કરી છે, તેપણ ખરી નથી. વળી હિંદુ મુસલમાનના મિશ્ર મતના જ્ઞાનો એજ શીઆહ મત છે, એમ જે માનવામાં આવ્યુ છે, તે ખરૂં નથી. અથવા ખોજાને માટે સતપંથ એ નિરાળોજ પંથ છે, એવી કેટલાકની સમજણ છે, તે પણ ખરી નથી. પણ **"મુંબઇની હાઇકોર્ટમાં તપાસ ચાલી. ખોજાઓનો અસલ ધર્મ શીઆહ ઇમામી ઇસમાઇલી** ઠરેલ છે, **એજ ખરી વાત છે."**

ઉપર પ્રમાણેની ખુલ્લે ખુલ્લી ચોખવટ થયા પછી, અને તે ચોખવટ જાહેર પ્રજાની સમક્ષ પુસ્તક કર્ત્તા તરીકે રજુ કરવા પછી, વધારે ચોખવટ કયા પ્રકારની હોઇ શકે ? પાંચ અને પાંચનો સરવાળો દશ થાય છે, એ કુદરતી સત્યતા જાણ્યા પછી, પાંચ અને પાંચનો બીજો સરવાળો કેટલો થતો હશે, એ જાણવા મથન કરવું, નકામું તેમજ બેહુદું છે. મજકુર પુસ્તક રચનાર, પાંચ વર્ષની ટુંક મુદતમાં પોતાનીજ કલમથી

સાબેત કરેલી ચોખવટને વીસરી જઇને, ખોજાઓને અસલ કયા મઝહબમાં દાખલ કરવામાં આવ્યા હતા, તે વિષે, ફરીથી ચોખવટ કરવા જરૂર દર્શાવે છે, ત્યારે, જુદા જુદા સાધનો મારફતે, એ સવાલની ચોખવટ કરવા કોશેશ કરવાની અમોને ફરજ પડે છે. આ ચોખવટ કરવા માટે, એદલજી ધનજી કાબાએ પોતે ઈ. સ. ૧૯૦૭ની સાલમાં, “ હસનબિન સબ્બાહ તથા ઇસમાઇલી મીશન પ્રયોગ ” તથા હાલ “ **ખોજા કોમની તવારીખ** ” એ નામનાં પુસ્તકો રચ્યાં છે, તેનેજ પહેલાં અમે હાથમાં ધરશું.

# ચોખવટ નંબર પેહેલો.

## શીઆ ઈમામી ઇસમાઇલીઓની ખાકેશપ્રાની પાક ક્રિઆનો સાબેતી.

### કોમની તવારીખ.

પાનું ૨૬૦

મજકુર બુકનો કર્તા મજકુર બુકના પાના ૨૬૦ માં " **પાટ ક્રિયા** " એ મથાળા નીચે લખે છે કે "**માતા પંથીઓની પાટ** ક્રીયા જેવીને તેવી કબુલ રાખી, પણ તેમાં ઇસલામનાં બીજ છાટતાં, કેટલીક ઇસલામી બાબતો દાખલ થઈ. વિર્યને બદલે કરબલાની માટી દાખલ થઇ. પુરૂષો સાથે સ્રીઓને ભેળાતી અટકાવી. સ્રીઓ પોત પોતામાં પાટ ક્રિયા જુદી કરે તેમ ગોઠવણ કીધી. કસી જોવાની અનીતિ ભરેલી રીતને પાણીચું આપી દીધું. પાટના મંત્રોમાં હિન્દુ દેવોના નામો સાથે કુરાનની આયતો, પંજતનના નામો, **હજરત મહમદ પેગંબરની** વંશાવળી, કલમો, દરૂદ, અરબી દોઆઓ, **હજરત અલીની વંશાવળી,** પીરોનાં નામો વગેરે બાબતો ઉમેરી, કોળી, **પાવળનાં** નામો બદલી, તેને બદલે **નીઆજ,** તથા **સુક્રીત** એવાં નામો આપ્યાં એજ પુસ્તકનાં પાનાં ૨૫૮ માં પુસ્તક કર્તા લખે છે કે માતાપંથીઓના ચારયુગના ચાર ભકત માન્ય રાખ્યા. સત્ય યુગનો **પ્રલ્હાદ,** ત્રેતા-યુગનો **હરિશ્ચંદ્ર,** દ્વાપર યુગનો યુધિષ્ટિર, **એમ** ત્રણ જુગના ભકતો

જેમના તેમ માન્ય રાખ્યા. ચોથા કલીયુગમાં ભક્ત બલીને બદલે, મીશનરીએ પોતાનું નામ, યાને, સદરૂદીન દાખલ કીધું. એજ પુસ્તક કર્તા, પોતાના "હસન બીન સબ્બાહ તથા ઈસમાઇલી મીશન પ્રયોગ" એ પુસ્તકના પાનાં ૧૩૪, ૧૩૫ માં ઘટપાટનું ગીનાન લખે છે, તે અત્રે ટાંકીએ છીએ.

---

## હસન બિન સબ્બાહ તથા ઈસમાઇલી મીશન પ્રયોગ.

પાનાં ૧૩૪, ૧૩૫.

### ઘટપાટનું ગીનાન.

જીરે વાલા, પાટ મંડાવીને ચોક પુરાવો.
હરખેસું કળસ થપાવો રે વાલા
ચારે સુહાગણને તેડાવો
વધાવો તે કાયમ સામી રે વાલા
આજ મંદીર રળીઆમણાં દીસે
રૂડા સાધ આવ્યા, રૂડા સંત આવ્યા, આપણે ઘેર
પ્રભુજી પધાર્યા મંદીરે
જીરે વાલા, દીસતડાંરે રૂડેરાં દીસે
અને બોલતડા મુખ મીઠા રે વાલા
પવિત્ર થયાં ઘર આગણ મારાં

જારે સતગુરૂ નયણેસું દીઠાં રે વાલા
જીરે વાલા, કોઈ કહે છે મેલાં ને કોઇ કહે છે ચોખાં
અને કોઈ કહે છે, અટયા કેવા રે વાલા
જોત જગાડીને જુમલોજી બેઠા
હું જાઉં બલીહારી તેની રે વાલા
જીરે વાલા શ્રવણે સુણીઆ તે મેં નઅણેસેં દીઠાં
હું તો ભવોભવ દાસી તમારી રે વાલા
દોએલડા સ[illegible]ર કરો
યા શાહ, [illegible]ા કરીને પાએ લાગું રે વાલા
જીરે વાલા, ગુર નર સાથે ગોઠડી કીજે
તત્વ અખસર સુધ લીજેરે વાલા
જેણે થકી ભવસાગર તરીએ.
સેવા સાહેબજીની કીજે રે વાલા
એ ગીનાન મહારસ ભણે પીર સદરદીન
મુમન મારા અમીરસ પીવાને આવો રે વાલા
"હાજર જોમા" ને પાયે પડીજે
વધાવો તે કાયમ સામી રે વાલા

મજકુર પુસ્તક કર્તાના ઉપલા વિવેચેન ઉપર ટીકા કરવાની અમોને ખાસ જરૂર પડે છે. ખાકે શફાનો ક્રિયા માતાપંથીઓના ધર્મ ઉપરથી માનવંતા પીર સદરદીને લીધી છે એ બીના તદન જુઠી, અનુભવ રહિત, અને નાપાયદાર છે. ખાકે શફાને વાસ્તે ઇસલામીઓ પણ મોટું માન ધરાવે છે. અમારા કહેવાના ટેકામાં, એક આલીમે ફાઝલ શાએરના શએર અતરે રજુ કરીએ છીએ.

## શએર.

૧ અકસીરસે ઝીયાદા હૈ, હૈદર કે દરકી ખાક
૨ હૈ ખાક, જીસકે સામને, ઇસ સીમો ઝરકી ખાક
૩ રૌનક ઉસકે પાસ હૈ, અકસીર કીમીઆ
૪ જીસ પાસ હૈગી, હૈદરે સફદર કે દરકી ખાક
૫ અલીકે દસ્તકી ખાકે શફા, અકસીરે અઅઝમ હૈ,
૬ હૈ, સર ખમ, ખાકે અતહરપર, હકીમોંકા તબીબોંકા
૭ હૈ, કીમીઆગરોંકા, અગર કી[illegible]આ પર નાઝ
૮ તો બુ તુરાબીઓંકા, હૈ, ખાકે [illegible]પે નાઝ

## તરજુમો.

૧ હઝરત મૌલા મુરતઝાઅલીના દરની ખાક, કીમીઆની ખાક કરતાં વધારે અસરકારક છે.

૨ હઝરત મૌલા મુરતઝાઅલીના દરની ખાકના પ્રમાણમાં, સોનું અને રૂપું એ કિંમતી ધાતુઓ ખાક સમાન છે.

૪ લડાઈઓની સફને તોડી નાખનાર, સાહેબે ઝુલફીકાર, મૌલા મુરતઝાઅલીના દરની ખાક જેની પાસે હોય

૩ તેની પાસે સૌથી મોટો કીમીઓ છે.

૫ હજરત મૌલા મુરતઝાઅલીના દસ્ત મુબારકની ખાકે શફા એ મોટી કીમીયારૂપ છે.

૬ એ ખાક ઉપર, હકીમો તથા તબીબોનાં સર, આજીજ છે.

૭ અગર કીમીઆગર લોક, કીમીઆપર નાચે છે.

૮ તો મૌલાના મુરીદો, ખાકે શફા એટલે ઘટપાટ નીઆજ ઉપર લાડ કરે છે.

**હજરત મૌલા મુરતઝાઅલી**, અમીરૂલ મોમનીન, **હાજર ઇમામના** દસ્ત મુબારક સ્પર્ષ થએલી પવિત્ર ખાક, દુનયવી તથા રૂહાની બીમારીઓને દુર કરે છે,માટે માનવંતા પીર સદરદીને **મૌલા મુરતઝા અલીનું** નુર ધરાવનાર, હરેક જમાનાના **હાજર ઇમામના** દસ્ત મુબારકથી સ્પર્ષ થએલી **ખાકે શફા** ઉપર પવિત્ર બંદગી કરી, **આબે શફા** એટલે **નીયાજ નિયમના** નામથી તેનું પાન કરવા **શીઆ ઈમામી ઈસમાઇલી**ઓને શિક્ષણ આપ્યું છે. એ પવિત્ર બંદગીમાં, હિંદુના ભકતો વગેરેનાં નામો દાખલા સ્વરૂપે આપવાથી, તે ક્રિયાને, માતાપંથી ક્રિયા કેહેવાય નહીં. પાક **કુરાને શરી**... દાખલા સ્વરૂપે, **ફીરઔન**, **હામાન**, **શીદાદ**, **હજરત ઇસા**, ...રત **મુસા**, **હજરત દાઉદ**, વગેરે પરધર્મીના નામો આપવામાં આવેલ છે, તેથી પાક **કુરાને શરીફ**, ઇસલામનું પા... પુસ્તક મટીને, પરધર્મી પુસ્તક થઇ જતું નથી. માનવંતા પીર સદરદીનના વખતમાં **શીઆ ઇમામી ઈસ્મા‌ઇલી** મજહબમાં દાખલ થનારા હિંદુઓ હતા. હિંદુઓને મુસલમાની મુલકોમાં થઇ ગયેલા પ્રખ્યાત માણ-સોના દાખલા આપવામાં આવે, તો તે મુલકોની તવારીખી બાબતોની અજ્ઞાનતાને લીધે, તેઓ દ્રષ્ટાંતની ખુબી સમજી શકે નહીં. જેમ હિંદુઓના પ્રખ્યાત ભકતો પોતાના વખતના ઇશ્વરી અવતારને ઓળખી ઘટપાટ કાઢી તથા તેનું પાન કરી, પોતાનું તારણ કરી ગયા છે, તેમ આ જમાનામાં **હાજર ઇમામ મૌલા મુરતઝાઅલીના** દસ્ત મુબારકથી સ્પર્શ થએલી **ખાકે શફા** તથા તેના **આબે શફા**થી પોતાનું તારણ કરવા ઘટપાટની ક્રિયા દાખલ કીધેલી છે, **ઇરાન**, **અરબસ્તાન**. **શામ**, **ખુરાસાન**. **અફગાનિસ્તાન**, **ચિત્રાલ**, વગેરે બીજા મુસલમાની રાજ્યના ***શીઆ, ઈમામી, ઇસમાઇલીઓ*** પણ ઘણા માન તથા મરતબા સાથે **ખાકે શફા** તથા **આબે શફા**નું પાન કરે છે, એ લોકો હિદુસ્તાનના માતાપંથની રસમ શીખવા ક્યારે આવ્યા હતા ? **હાજર ઇમામ મુરતઝા અલીના** દસ્ત મુબારકની ખાકનો, **ખાકે શફા** તરીકે ઉપયોગ, માનવંતા

૪૩૦૪



પીર સદરદ્દીન સાહેબ હિંદુસ્થાનમાં પધાર્યા તેની આગમજ, **ઈસ્લામી** રાજ્યના ઇસમાઈલીઓમાં પણ, પ્રચલિત હતો. **ખાકેશફા** તથા **આબેશફાની** ઘટપાટની ક્રિયાને, માતાપંથી ગણનાર, **શીઆ ઇમામી ઇસમાઇલી** મઝહબથી તદ્દન બીન વાકેફગાર અને બીન અનુભવિ સાબીત થાય છે.

કોઇ એક ધર્મથી તદ્દન અજાણ, અજ્ઞાન, બીન અનુભવિ નાવાકેફગાર માણસનાં, તે દીન મઝહબ વિષેના લખાણ ઉપર, કોઇપણ રીતે ભરોસો રાખનાર, પોતાને, ઘણી કફોડી તથા ભયંકર હાલતમાં લાવી મુકે છે. જે માણસને પોતાને કે[illegible]વિષયમાં સમજ ન હોય, તે માણસ, તે વિષયમાં, કોની રાહબરી [illegible] શકે ? અમુક વિષયનું જ્ઞાન નહીં ધરાવનારાઓના ગપાષ્ટકના ગોળા ઉપર ભરોસો લાવનાર શખ્સ, પોતાને, કોઈ તરેહનો ફાયદો પહોંચાડી શકતો નથી, પણ તેથી ઉલટું, અંધકાર તથા જહાલતની ઉંડી ગારમાં ગબડી પડે છે.

**ખાકેશફા** તથા **આબેશફા**, ઘટપાટ, નીયાજની ક્રિયા કોઇ પણ રીતે માતાપંથી ક્રિયાનું અનુકરણ નથી. કદાપિ અસલની સારી જુની ચીજોમાંથી નુકસાનકારક તત્વ દુર કરી, જમાનાને અનુસરતો ઘટતો ફેરફાર કરી, અનુકરણ કરવામાં આવે, તોપણ વિદ્વાન વર્ગ એ બાબતને નવાઈ જેવી ગણશે નહીં. માનવંતા પીર સદરદ્દીને હિંદુઓની કેટલીક અસલની માન્યતા તથા રસમોમાં જમાનાને અનુસરતો ઘટતો ફેરફાર કરી, તે ક્રિયાઓ ચાલુ રાખી, પોતાના **ઈસમાઇલી મીશન પ્રયોગનો** ઉપયોગ કર્યો હોય, તોપણ, એવી અસલની ક્રિયાઓ જરૂરજોગા ફેરફાર સાથે સરવે **રસુલ અંબીઆઓએ** પણ કાયમ રાખવા ડાહપણ સમજેલું છે. દાખલા તરીકે, **રોજા** રાખવાની રીત, અસલ યહુદીઓના **મુસાઇ** દીનમાં છે, અને "**તૌરાત**" કીતાબ, જે "**ઓલ્ડ ટેસ્ટામેંટ**" તરીકે, ખ્રિસ્તી લોકોના **બાઇબલનો** આગલો ભાગ છે, તેમાં, રોજા રાખવાનો હુકમ

થએલો છે. છોકરાઓને સુન્નત બેસાડવાની ક્રિયાનો હુકમ "તૌરાત"માં યહુદી લોકો ઉપર આવેલો છે. ખ્રિસ્તી લોકો જેરૂસેલમમાં "પ્રીલ-ગ્રીમેજ" એટલે હજ કરવા જતા હતા, અને એવા હાજી લોકોને "પ્રીલગ્રીમ્સ" એવું નામ આપવામાં આવતું હતું. કમાઇમાંથી જકાત આપવાનો હુકમ તૌરાતથી યહુદી લોકો ઉપર આવેલો છે, છતાં પણ, આપણે જોઇ શકીએ છીએ કે આપણા સરતાજ, સરવરે આલમ, ખાતેમુલ અંબીયા વલ મુરસલીન, પાક નબી મહમદ મુસ્તફા, રસુલેકરીમ, સલવાતુલ્લા અલેહો વસલ્લમ, તેઓએ પણ દીને ઇસલામમાં, તૌરાત, તથા ઇંજીલ યહુદી તથા નસરાની રસમો તથા ક્રિયાઓ જમાનાને માફક આવતા સુધારા ... ફેરફાર સાથે ચાલુ રહેવા દેવામાં, ડાહપણ સમજેલું છે, તેઓને ... રચનાર અથવા ધૂર્તબાઝી કરનાર તરીકે ઓચરવાની હિંમત કોઇ પણ કરી શકતું નથી. મક્કા શરીફમાં આવેલું પાવત્ર બૈતુલ્લાહ અથવા કાબા શરીફ, નબી સાહેબની પૂર્વે હજારો વરસો થયાં, બુતપરસ્ત કાફર લોકોની જાત્રાનું સૌથી મોટું ધામ હતું. કાબા શરીફના મકાનની ઉપર લાત મનાત ઉઝા આદિ ત્રણસોને સાઠ મુર્ત્તિઓ ગોઠવેલી હતી. પાક નબી મહમદ મુસ્તફાએ હજરત મૌલા મુરતઝાઅલીને પોતાના પાક ખાંધા ઉપર ચડાવીને એ પાક હાજર ઇમામને હાથે, બધી મુર્ત્તિઓને તોડાવીને ફેંકાવી દીધી. મૂર્ત્તિપુજાનું નુકસાનકારક તત્વ દુર કરીને, પવિત્ર કાબા શરીફને બૈતુલ્લાહ એટલે ખુદાના ઘર તરીકે કાયમ રાખ્યું. પીર સદરદીને હિંદુઓની કેટલીક ક્રિયાઓ જોઇતા સુધારા સાથે, તથા નુકસાનકારક તત્વ દુર કરીને, ચાલુ રહેવા દીધી હોય, તો તેમાં હિંદુઓની ક્રિયાઓનું અનુકરણ નથી, પણ ઓલીયા, અંબીયા, તથા રસુલોની ગહન ઉંડી ફીલોસોફીનું અનુ-કરણ છે. કોઇ જાતની બળજબરી વગર, હેતપ્રિતથી, દીન વધારવાન માટે, એ ફીલોસોફી ઘણીજ ઉપયોગી છે. પીર સદરદીન સાહેબને બ્રહ્મા અથવા નબી સાહેબનો અવતાર ગણવામાં આવે છે, તેનું કારણ એ છે

કે તેઓમાં નબીઓ તથા રસુલોની ઉંડી ફીલોસોફીનું જ્ઞાન હતું. અને એ જ્ઞાનને બળે તેઓ નબી સાહેબની માફક, લાખો બુતપરસ્તોને ઇસમાઇલી મઝહબમાં લાવી, પાક દીને ઇસલામને મોટી કુવ્વત આપી ગયા છે, અને તેઓની પદ્ધતિ, કિયામત સુધી, હિંદુઓમાંથી તથા બીજી ગેર કોમમાંથી લોકોને ખેંચીને પાક દીને ઇસલામને કુવ્વત આપતી રહેશે. કારણ કે, કુદરતી છે કે, એવા, નવા શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાં દાખલ થનારાઓ, ત્યારબાદ, હિન્દુઓને બદલે, ઇસલામને, દરેક રીતે મદદ આપવા તૈયાર થશે. પાક દીને ઇસલામને હમેશાં કુવ્વત દેખનાર આવા એક ઉમદા મીશનની મહાન સેવાઓને ઉતારી પાડવાની તજવીજ કરનારા, પાક દીન [illegible]મની કુવ્વતને એક મોટો ફટકો મારવાની તથા મોટું નુકસાન કરવા[illegible]ભીર ભુલ કરે છે. શીઆ ઈમામી ઇસમાઇલી મીશન એક વરસની મુદતમાં હજીપણ હજારો લોકોને હિંદુ પંથમાંથી ખેંચી શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાં દાખલ કરી, પાક દીને ઇસલામને કુવ્વત આપતું રહ્યું છે. કોઈ પણ ઇસના અશરી મીશન પરધર્મી કોમના એક પણ માણસને મુસલમાન બનાવી શકયું નથી, અને બનાવી શકશે પણ નહીં. અગર અમારો આ સાર ભુલ ભરેલો હોય, તો ઈ. સ. ૧૯૦૧ પછી અગીઆર વરસની લાંબી મુદતમાં, તેઓ કેટલા પરધર્મી માણસોને ઇસલામમાં લાવી શકયા છે, તેનો રીપોર્ટ પબલીકમાં મુકવા, આવા લેખકોને અમે અરજ કરીએ છીએ. પણ અફસોસ, એ બનવા કારક નથી. ત્રિજોરીમાં દમડી હોય, તો બહાર નિકળવા સંભવ છે. ખાલી ત્રિજોરીમાંથી કાંઇ પણ નહીં નીકળે. અણલતાં, આટલું કબુલ કર્યા સિવાય છુટકો નથી. કે ઇસના અશરી મીશને, ખોજાઓમાં, ભાઇને ભાઇથી, બાપને દીકરાથી દીકરાને બાપથી, પુરૂષને સ્ત્રીથી અને સ્ત્રીને પુરૂષથી, વિખટા પાડી તોડ ફોડનું મહાન મીશનરી કાર્ય બજાવ્યું છે, અને જો એ તરીકો કાયમ રહ્યો, તો કીઆમત સુધી, ખોજાઓના એજ બદહાલ સમજવા,

મજબૂત દોરડું ત્રુટીને, તારતાર થઈ, ખોજા કુવત ખાકમાં મળી જશે. ઇસના અશરી મીશન એક મુસલમાનીજ ફીરકામાં તફરકા પડાવી શકશે. એક મુસલમાન ફીરકાને તોડીને તારાજ કરી નાખશે, પણ કોઈરીતે પાક દીને ઇસલામની સેવા બજાવી શકશે નહીં. આવી રીતે, ઇસલામની બંધાઇ ગયેલી કુવ્વતને છિન્ન ભિન્ન કરનારને માટે, પાક કુરાને શરીફનો મત શું છે, તે અતરે ટાંકીએ છીએ.

---

## કુરાને શરીફ, સુરેબકર, આયત. ૨૭.

અલ લઝીના યનકુઝુના અહદલ્લાહે, મીમ બઅદે મીસાકેહી,
વ યકતઉના મા અમરલ્લાહો, બીહી, અંય યુસલા,
વ યુફસેદુના ફીલ અરઝે, ઉલાએકા હુમુલ ખાસેરૂન.

### મતલબ

જે દુષ્ટ લોકો ખુદાનો કરાર નકી થયા પછી તોડે છે, અને ખુદાએ જે જોડવાનું ફરમાવ્યું છે તે કાપી નાંખે છે, અને પૃથ્વીમાં ફીસાદ કરે છે, તેઓજ નુકસાન ખમનારા છે.

---

## કુરાને શરીફ, સુરે બકર ૨૧૭-૨૦૫.

---

અલ ફીતનતો અકબરો, મીનલ કત્લે,
વલ્લાહો, લા યુહીબ્બુલ ફસાદ.

**મતલબ.**

ફીતનામાં, કતલ કરતાં વધારે પાપ છે, અને ખુદા ફસાદને ચાહતો નથી.

---

## કુરાને શરીફ, સુરે અઅરાફ, આયત ૫૬.

**લા તુફસેદુ ફીલ અરઝે, બઅદા ઇસલાહેહા**

**મતલબ.**

પૃથ્વીમાં સુધારો થયા પછી, ફસાદ કરો નહી,

---

## કુરાને શરીફ, સુરે બુરૂજ, આયત ૧૦

**ઈન્નલ લઝીના ફતનુલ મુઅમીનીના, વલ મુઅમીનાત સુમ્મા, લમ યતૂબૂ, ફ લહુમ, અઝાબો જહન્નમ, વ લહુમ, અઝાબુલ હરીક**

**મતલબ.**

ખરેખર, જેઓએ, મોમન પુરૂષો, અને મોમન સ્ત્રીઓને, સંકટમાં નાંખ્યાં છે, પછી પશ્ચાતાપ કર્યો નથી, તેઓને માટે, દોજકની સજા છે, અને તેઓને માટે, બળતી આગની શિક્ષા છે.

# કુરાને શરીફ, સુરે બકર, આયત ૧૧

**વ ઈઝા કીલ લહુમ, લા તુફ્સેદુ, ફીલ અરઝે, કાલુ, ઈન્નમા, નહનુ મુસ્લેહુન: અલા, ઇન્નહુમ, હુમુલ મુફ્સેદુના વ લાકીંન લા યશઉરૂન.**

**મતલબ.**

અને જ્યારે તેમને [illegible]ામાં આવે છે કે જમીન ઉપર ફીસાદ કરો નહીં, ત્યારે તેઓ કહે છે [illegible]મે માત્ર સુધારો કરનારા છીએ. જાણો કે તેઓ પોતેજ ફીસાદ કરનારા છે, પણ તેઓ જાણુતા નથી.

**શીઆ ઈમામી ઇસમાઈલીઓ** પાક દીને ઇસલામના કલમેગો છે. નબી સાહેબના જમાના પછી, કમનસીબે, ઈસલામમાં સેંકડો ફીરકા થઇ જવા પામ્યા છે. અનુભવિઓ જોઇ શકે છે કે, કાળચક્રની ગ્રહન ગતિને પ્રભાવે, તેમ, જાતિ લોભ, અહંકાર, તથા અજ્ઞાનંતાને પ્રતાપે, એક મહાન અને સત્ય દીને ઇસલામમાં જે ફીરકા પડયા છે, તેથી અસંખ્ય નુકસાન થયાં છે ફીરકાને પ્રતાપે, ઇસલામનું કુવ્વત તુટી ગયું છે ઈસલામની રૌનક ઉડી ગઇ છે, અને ઇસલામનો દબદબો દબાઇ ગયો છે, આ જમાનાના ખરા સુધારકો એ નખોદ વાળનાર ફીરકાની મારામારી તથા અંટસને દુર કરાવી, **નબી સાહેબના** જમાનાની માફક એકજ **ઇસ્લામ** તથા **ઈસલામી** એવી લાગણીઓ ફરીથી સજીવન કરવા જીવતોડ મેહેનત લઇને મથન કરી રહ્યા છે. તેઓ તુટેલાને રેણ દઇને પાછું સાંધવાને ઇછે છે, ત્યારે, બીજી બાજુથી, એક ઇસલામી ફીરકાને તોડીને, તેમાંથી બીજા ફીરકા વધારવામાં પુન્ય તથા મોટાઇ ગણનારા વિર પુરૂષો, ઈસલામની કીર્તિને સજીવન કરનારની જીવતોડ મેહેનતને

બરબાદ કરતા જોવામાં આવે છે. હવે હદ થઇ ચુકી છે. ખમી શકાય તે કરતાં વધારે, તફરકા તથા ફીરકા, ઇસલામનો ઘાણ કાઢી ચુકયા છે, અને હવે, જેમ બને તેમ ફીરકાઓ ઘટાડવા, અથવા જ્યાં તેમ બનવું અશકય હોય ત્યાં, ફીરકાની વિરૂધ્ધતા ભરેલી અંટશને દુર કરવાની તજવીજો, મોટા પાયા ઉપર થવી જોઇએ. આ મહાન તત્વને માન આપીને ચાલ્યા વગર, ઇસલામનો ઉધ્ધાર સ્વપ્નામાં પણ જોવામાં આવશે નહીં. **શીઆ ઈમામી ઇસમાઇલી** મઝહબ જ્યારે પાક દીને ઇસલામનોજ એક ફીરકો છે, ત્યારે તેને તોડી ભાંગીને, જણ જણને એક બીજાના વેરી બનાવનાર બીજા ફીરકાઓની શું જરૂર હતી? ઇસલામ પૂર્વજન્મને માનતો નથી, અ[illegible]ાનતો હોત, તો અમે ફકત એટલુંજ કહી શકત, કે પૂર્વજન્મના ફળ રૂ[illegible] ઇસલામના કર્મમાં હજી પણ કાંઇક વધારે કઠણાશ સરજાઈ ચુકી હશે. હાલ ખોજાઓ જુદા જુદા ભાગમાં વહેંચાઇ ગયા છે, તેઓ ડાહપણ વાપરી, **નામદાર આગાખાનની** ઇમામતના આશરા નીચે, પાછા પોતાના અસલ **શીઆ ઇમામી ઇસમાઇલી** મઝહબમાં આવી જઇ, પરસ્પર ભાઇ બંધુઓ થઇ જાય, તો તેઓએ સૌથી સરસ પગલું ભરેલું ગણાશે, તેમજ, **એકત્રતાનો મહાન ઇસલામી અસલી નિયમ,** પાછો અમલમાં મુકાશે. આ રીતથી તેઓ જેવી ઇસલામની સેવા બજાવી, ઇસલામને કુવ્વત આપી શકશે, તેવું બીજા કોઈપણ ઇલાજથી આપી શકશે નહીં. પાછી એકત્રતા થવાને પ્રતાપે, એક મોટી સાહસિક વેપારી કોમમાં સંપ વધી, જે આબાદાની તથા સુખનો વધારો થશે, તેની કલ્પના બાંધવી, તદ્દન સેહેલ છે. ખોજા કોમની ઉન્નતિ માટે જુદા જુદા વિદ્વાનોની કલમથી જુદા જુદા ઉપાયો સૂચવવામાં આવે છે, પણ આ મૂળ ઉપાય વગર, બીજા ઉપાયો, જો કે તદ્દન નિરૂપયોગી નહીં, પણ એવાજ કારગર નીવડનાર નથી. ખોજાઓના આ જુદા જુદા ફીરકા પાછા એકત્ર થવા સંભવિત છે કે બનવા જોગ નથી, એ સવાલના જવાબમાં, કેહેવાને તથા માની લેવાને, આપણે શકિતવાન

છીએ કે, જો ખરા **દીલથી** મેહનત કરનારા મહા પુરૂષો કોશેશ કરે, તો એકત્રતા થવી, એ અશકય નથી. જમાનાના વેગે કર્યું, તે જીવનારાઓએ જોયું, અને હવે પછીનો જમાનો કરશે, તે જીવનારા જોશે જેટલી ભુલ થઇ, તે સુધારવાની જરૂર છે, ત્યારે હવે ફીરકા તફરકા વધારવાની કોશેશ કરી, નવી ભુલો ઉમેરવી, એ ડહાપણનું કામ નથી.

ચાલતાં ચાલતાં, આ અગત્યની સૂચના વિષે, થોડું વિવેચન કર્યા પછી, પાછા અમે અમારી **ચોખવટ નંબર પહેલા** ના નિર્ણય ઉપર આવવા કોશેશ કરશું.

**ખાકે શફા**, અને આ[illegible]ફા, ઘટપાટ, નિઆજ, એ ક્રિયા, માર્ગી પંથમાંથી નીકળી નથી, અ[illegible]ખલા તરીકે, હિંદુ ભકતો વગેરેનાં નામો છતાં, માર્ગી પંથની ક્રિયા સાથે, તેને કાંઇપણ લાગતું વળગતું નથી તેમ હાલ આપણને એ સવાલ સંબંધી વધારે ઉંડા ઉતરવાની જરૂર પણ નથી. હાલ જરૂર માત્ર એટલુંજ જોવાની છે કે, માનવંતા પીર સદરદીને દાખલ કરેલી **ખાકે શફા, આબે શફા**, ઘટપાટ નિયાજની પાક ક્રિયા **ઇસના અશરીઓ**માં હસ્તી ધરાવે છે કે **શીઆ ઈમામી ઈસમાઇલીઓ**માં હસ્તી ધરાવે છે? આ બાબતની ચોખવટ થવાથી સાબીત થશે કે, માનવંતા પીર સદરદીને ખોજાઓને કયા મઝહબમાં દાખલ કીધા હતા.

**ખાકે શફા,આબે શફા**, ઘટપાટ નીઆજની ક્રિયા, **ઇસના અશરીની** કોઇપણ મસજીદમાં તથા કોઇને ઘેરપણ થતી જોવામાં આવી નથી, તેમ એ ક્રિયાને લગતી બંદગી પણ, કોઇ **ઇશના અશરીએ** કદીપણ કીધી હોય, અથવા કરે, એ માનવા જોગ નથી. પણ એ પાક ક્રિયા **શીઆ ઇમામી ઈસમાઇલીઓ**માં ઘણી પવિત્ર ક્રિયા તરીકે, આખી દુનીયાના **શીઆ ઇમામી ઇસમાઇલી** જમાત ખાનામાં, હમેશાં થતી આવી છે, અને હજી પણ ચાલુ છે.

આ ઉપરથી સાબીત થાય છે કે, મહાન બોધગુરૂ પીર સદરદીને હિન્દુઓને "ખોજા" ના માનવંતા લકબથી શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાંજ દાખલ કીધા હતા. માટે "ખોજા" લકબ શીઆ ઇમામી ઇસમાઇલીઓનેજ ઘટારત તથા સજાવાર છે. માનવંતા પીર સદરદીને ખોજાઓને ઇસના અશરી મઝહબમાં દાખલ દાખલ કીધા હોય, અથવા, તેઓ પોતે ઇસનાઅશરી હોય. એ દલીલ, આ મહાન બુઝરગી ધરાવનાર અને ગુરૂ શ્રદ્ધાને મજબૂત કરનાર, પાક ખાકે શફા, આબે શફા, ઘટપાટ નીઆજ, નીયમની ક્રિયાની ચોખવટ કરતાં, તુટીને જમીન દોસ્ત થઇ જાય છે.

# ચોખવટ નંબર બીજો.

## શીઆ ઇમામી ઇસમાઇલી દુઆનો સાબેતી.

### હુસન બીન સબ્બાહુ તથા ઇસમાઇલી મીશન પ્રયોગ.

પા. ૧૨૫.

મજકુર પુસ્તકનો ર[illegible]ર એ પુસ્તકના પાના ૧૨૫ માં, માનવંતા પીર સદરદીન સાહેબે, **શીઆ ઈમામી ઇસમાઇલી** મઝહબના મુરીદો માટે જે દુઆ રચી આપી છે, તેના ફકરા ટાંકી દેખાડે છે, તે નીચે મુજબ છે.

"હુઝરત, બુજરક, પાક પરવરદીગાર, દેલમદેશ, માનખા વેશ, ખંડ એરાક, સીતોતેર પાત્ર, અડતાલીસમો ઇમામ, દસમો નકલંકી અવતાર, મૌલાના આગા સુલતાન મહુમદ શાહ."

"હક મૌલાના શાહુ, આગા સુલતાન મહુમદશાહુ દાતાર, અનંત કરોડીઉં તારણહાર, હાજર જોમેજો ધણી, ખીસે અમર પુઠીઆ, શાહુ, તોજે દરગાહુમેં કબુલ કર, મૌલાના આગા સુલતાન મહુમદ શાહા."

---

## હસનબિન સબ્બાહ તથા ઇસમાઇલી મીશન પ્રયોગ.

પાનું ૧૪૫-૧૪૬.

મજકુર પુસ્તકના પાનાં ૧૪૫ માં એજ પુસ્તક કર્ત્તા લખે છે કે "માર્ગી લોકોના મંદીરોમાં દરરોજ સંધ્યા કાળે આરતી ભણવાની

ક્રિયા થાય છે, માર્ગી સાધુ, આરતી નામથી પ્રચલીત થએલા કેટલાક ભજનો મંદિરની મુર્તિઓને સંબોધીને બોલે છે, આ સિદ્ધાંત દાઇઓએ કબુલ રાખી, પોતાના મુરીદોમાં. દરરોજ સંધ્યાકાળે, આરતી કરવાનું ઠેરાવ્યું" દરેક હિંદી ઈસમાઇલી દરરોજ સંધ્યા વખતે રોજીંદી "દુઆ" નામની બંદગી પઢતા પૂર્વે, નીચેનું આરતીનું જ્ઞાન બોલે છે પુસ્તક કર્તા નીચેની મતલબન- જ્ઞાનના પાઠો રજુ કરે છે.

——:૦:——

## આરતીનું જ્ઞાન.

એજી સેહેતર દીપમાં શાહ જાહેર બેઠા,
સાંજ સબુ નીત જંપો મોરા ભાઇ,
આરતી કીજે નકલંક તણીજી,
સતગુરૂ સોહોદેવે રાહ બતાઇ,
બારગુરૂ પીર સદરદીને દીસ બતાઇ—આરતી કીજે.
એજી, અજંપેઆ જાપ મુનીવરે જાણ્યા,
લખ ચોરાશી, જીવના ફેરા ટાળેઆ—આરતી કીજે.
એજી, અમરભેદ મુનીવરે જાણ્યા,
એકોતર પુરીઆ જીવના ઉધારેઆ—આરતી કીજે.
એજી, અથર વેદ માંહે જે કોઈ માહેર,
દસમાંહે, દીન દયાળ પ્રેભુ બેઠા જાહેર,—આરતી કીજે.
એજી, મત કોઈ લાજ કરો હરીજન,
ભકિત કરો, આછે મન તન—આરતી કીજે.
એજી, ખટ દરસન તો સુન પુજાએ,
સતપંથ ધરમકો મરમ ન પાએ,—આરતી કીજે.

એજી સતપંથ ધરમ, આરાધો મોરા ભાઇ,
તો અનંત ક્રોડી જીવને હુઈ છે વધાઈ,—આરતી કીજે.
એજી, ચેતણ હારા તમે ચેતો મોરા ભાઇ,
કહે ગુરૂ સોહદેવ, કરી લીઓ કમાઇ—આરતી કીજે.
એજી, ભણે પીર સદરદીન, સુણો મોમન ભાઈ,
ગાફલ દુનીઆ શાહકો મરમ ન પાએ,—આરતી કીજે.

પુસ્તક રચનાર પોતેજ કબુલ કરે છે કે, માનવંતા પીર સદરદીને મજકુર દુઆના ફકરા ભણવા પોતાના અનુયાયિઓને શિક્ષણ આપ્યું હતું અને દરેક હિંદી ઇસ્માઇલી, દરરોજ, સંધ્યા વખતે, રોજીંદી દુઆ નામની બંદગી પઢતાં પૂર્વે, આરતીનું જ્ઞાન બોલે છે, છતાં અજબ જેવી વાત છે કે, ખોજાઓને પીર સદરદીને ઇસના અશરી મઝહબમાં દાખલ કીધા એવી તેમની માન્યતા કેમ થવા પામી છે? અમે વાંચનાઓને સુચના કરવા દુરૂસ્ત ધારીએ છીએ કે, મજકુર દુઆ ઇસના અશરીઓમાં પડાય છે કે શીઆ ઇમામી ઈસમાઇલીઓમાં પડાય છે, તે બાબતની તેઓએ સ્વતંત્રપણે શોધ કરવી. હાજી બીબી નામદાર વિરૂદ્ધ આગાખાન તથા બીજાઓ, એ નામનો કેસ, નંબર ૭૨૯, ઈ. સ. ૧૯૦૫, મુંબઇની હાઈ કોર્ટમાં, નામદાર જજ, ઓનરેબલ જસ્ટીસ મી. રસલ સમક્ષ ચાલતો હતો ત્યારે ફાજલભાઇ જુમાભાઇ લાલજી નામે એક ઇસન અશરી ગ્રહસ્થને પોતાની જબાનીમાં સત્યતા જણાવી દેવાની જરૂર પડી હતી. તેઓએ જબાનીમાં કબુલ કીધું હતું કે "દુઆ કોઇ ઇસના અસરી પઢેજ નહીં, અને જે, દુઆ પઢતો હોય, તે ખોજા ઇમામી ઈસ્માઈલી હોવો જોઇએ." ઉપરના ફકરા શીઆ ઇમામી ઈસમાઇલી બંદગીમાંજ સમાએલા છે, અને શીઆ ઇમામી ઈસમાઇલીઓ પોતાની રોજીંદી બંદગીમાં દીવસમાં, ત્રણ વખત, એ "દુઆ" ભણે છે. કોઇપણ ઇસના અશરી પોતાની કોઇપણ મસજીદમાં, અથવા ખાનગી, ઘર આગળ

ઉપરના ફકરામાં સમાએલી "દુઆ"ની બંદગી ગુજારતો અમારા અનુભવ-વામાં આવ્યો નથી. જો કોઇ ઠેકાણે **ઇસના અશરી** મઝહબનો કોઇ માણસ મજકુર બંદગી ગુજારતો આ પુસ્તક કર્ત્તા શોધી શકે, તો તેઓની વિચિત્ર નવી માન્યતાને કાંઇક થીગડું આવી શકે. માનવંતા પીર સદરદીન સાહેબે હિંદુઓને "ખોજા" ના માનવંતા લકબથી **શીઆ ઇમામી ઇસમાઇલી** દીનમાં દાખલ કીધા હતા, માટે "ખોજા" લકબ **શીઆ ઇમામી ઇસમાઇલી** મઝહબ પાળનારને ઘટારત તથા સજાવાર છે.

પંજાબના "**અમૃતસર**" નામે શેહેરમાં પ્રગટ થતું "**વકીલ**" નામનું ઉરદુ ભાષામાં વર્ત્તમાન પત્ર, "તા. [illegible] મી માર્ચ ૧૯૧૨ ના અંકમાં, લખે છે કે **આગાખાની ફીરકાવા**[illegible] નીચે પ્રમાણે પોતાની નમાઝ પડે છે.

"**નમાઝ પડો, નમાઝ પડો, નમાઝ પડો,** ખુદા તુમ્હેં બરકત દે. ખુદાકા નામ લો. ખુદાવંદ શાહ અલી, તુમ્હેં ઇમાન ઔર ઇખલાક[1] દે અય શાહ, મેરી શામકી નમાઝ ઔર દુઆ કબુલ ફરમાઇએ. મૈં ઉસ હકકા વાસ્તા દેતા હું, જો તુજે હાસલ હુએ. અય હમારે આકા[2] આગા સુલતાન મહમદ શાહ."

ઇસકે બઅદ, સર[3] બસુજુદ[4] હો જાઓ. અગર રાતકી નમાઝ હુએ, તો યું કહો, મેરી શામ ઔર રાતકી દુઆએ" ઔર અગર સુબોહકી નમાઝ હુએ તો, ઇસતરહ કહેના ચાહીએ "મેરી શામકી, રાતકી, ઔર સુબોહકી દુઆએ

દુ બારાહ, તસબીહ પડો, ઔર સુજદા કરો, ઔર, મુનદરજે[5] ઝૈલ[6] વીર્દ[7] પડો.

---

૧. ઇખલાક–નેક નીતિ. ૨. આકા–માલેક. ૩. સર–માથું. બસુજુદ–સુજદામાં, ૫. મુનદરજે–લખ્યા માફક. ૬. ઝૈલ–નીચે. ૭. વીર્દ–દુઆ.

મૈં અપને ગુનાહોં પર નાદમ હું, મૈં તેરા સરાપા તકસીદાર ગુનેહગાર બંદા હું. અએ ગફુરે રહીમ, શાહ, મેરે ગુનાહ મુઆફ કર. પીર તેરી ઇબાદત કરને હુએ, બંદા દુઆ માંગતા હુએ, અએ સચ્ચે શાહ, તુ મંજુર કરનેવાલા હુએ. મૈં શાહ કે ઉસ ફરમાન કો, બ સરો ચશ્મ, કબુલ કરતા હું. જો પીરકે ઝરીએ મુજકો પહોંચા હુએ."

યેહ કેહ કે, તસબીહકો ઝમીન પર રખો; ઔર મુદઅલ્લહે ઝેલ, વીર્દ કરો.

"અશહદો, સુબહાનલ લાહ. અલહમ્દો લિલ્લાહ. લા ઇલાહા ઇલલ્લાહ, અલ્લાહો અકબર, લા હોલ વ લા કુવ્વત, ઈલ્લા બિલ્લાહીલ અલીયુલ અઝીમ, અર માન, ઝીલ જલાલ. વલ ઇકરામ. ઇન સીફાતે કામેલાસે મૈસુફ, કુદદુસે કદરે મુતલક, ખુદા, ઇશાનકે ઝીલે ચાલદીઆમેં ઇનસાની સુરત લીએ હુએ, સીત્તોતેર પતરોં (અસલાફ) કે અસલાબસેં, નીકલા, અડતાલીસવાં ઇમામ, દસવાં નકલંકી અવતાર, હમારા ખુદાવંદ આગા સુલતાન મહમદ શાહ દાતા."

ઇસકે બઅદ, ફીર સીજદા કરો, ઔર યેહ કહે;

"હક યા શાહ" (યઅને, અયે શાહ, તુમ સચ્ચે હો) ફીર વિશનુકે અસલાફ ઔર શાહ કે ખુલફા, ઔર કાયમ મકામોં કે અસમાએ ગીરામીકા વઝીફા પડે, વિશનુકે અસલાફ કે નામ યહાં પડો.

શાહકે ખુલફા, અબુ તાલેબી ઔલાદ, હસ્બે ઝેલ હૈ.

---

૧. નાદમ–પસ્તાવું. ૨. ગફુર–માફ કરનાર. ૩. રહીમ–રહેમ કરનાર. ૪. સરો ચશ્મ–ખુશીથી. ૫. ઝરીએ–મારફતે. ૬. મુદઅલ્લહે–માફક. ૭. ઝેલ–નીચે. ૮૬ ઈન–આ. ૯. સીફાત–વિશેષણો. ૧૦. કામેલા–પૂર્ણતા. ૧૧. મૈસુફ–ભરેલો ૧૨. કુદદુસ–પાક. ૧૩. કાદર મુતલક—મહાન શક્તિવાન. ૧૪, ચાલદીઆ–દેહમંદેરા. ૧૫. અસલાફ–વંશ પેઢી ૧૬. અસલાબ–કુળે, પીઢે. ૧૭. ખુલફા–વંશજો. ૧૮. કાયમ મકામ–જાનીશીન. ૧૯. અસમા–નામ, ૨૦ ગીરામી–ઇજ્જતદાર. ૨૧. વઝીફા–દુઆ. ૨૨. હસ્બે–પ્રમાણે ૨૩. ઝેલ–નીચે.

(૧) હમારા સચ્ચા ખુદાવંદ, શાહ અલી,
(૨) „ „ „ શાહ હુસેન
(૩) „ „ „ શાહ ઝૈનુલ આબેદીન
(૪) „ „ „ શાહ મહમદ બાકર
(૫) „ „ „ શાહ જાફર સાદેક
(૬) „ „ „ શાહ ઈસમાઈલ
(૭) „ „ „ શાહ મહમદ બીન શાહ ઈસમાઇલ
(૮) „ „ „ શાહ વફી અહમદ
(૪૭) „ „ „ શાહ આગા અલીશાહ
(૪૮) „ „ „ શાહ આગા સુલતાન મહમદ શાહ દાતા

મૌજુદા ઇમામતકા માલેક, ખુદાવંદે ઝમાન, ઇમામ, શૈખુલ મશાયેખ, ઇમામતકી કુવ્વત રખનેવાલા; ઇઝ્ઝતકાદ કરો, આગા સુલતાન મહમદ શાહ દાતા, બેશુમાર કરોડોં ઇનસાનોંકા દસ્તગીર, મૌજુદા ઇમામતકા માલેક, અએ શાહ, ઉસ હકકે વાસ્તે, જો તુજકો હાસલ હુએ, અપને હુઝુરમેં મેરી દુઆ, મનઝુર ફરમાઇયે. અએ હમારે ખુદાવંદ, આગા સુલતાન મહમદ શાહ.”

(અપૂર્ણ; અધુરી)

વકીલ તા. ૩૦ મી માર્ચ ૧૯૧૨.

માનવંતા પીર સદરદ્દીન, ઈસના અશરી હતા અને તેઓએ ખોજાઓને ઇસના અશરી મઝહબમાં દાખલ કીધા હતા, એવી માન્યતા પ્રગટ કરનારની દૃષ્ટિ ખોલવાની અમે અમારી ફરજ સમજતા હોવાથી, આ

૧. મૌજુદા–હાલની. ૨. શેખુલ મશાયખ–રસ્તા દેખાડનારાઓનો સરદાર.
૩. દસ્તગીર–હાથ પકડનાર; તારણ કરનાર.

ઠેકાણે અમે તેમને સુચના કરવા દુરૂસ્ત ધારીએ છીએ, કે માનવંતા પીર સદરદ્દીને શીખવેલી મજકુર મતલબની ધુઆની નમાઝ, તેઓએ પહેલાં પોતાની બંદગીમાં દાખલ કરવી જોઇએ, અને, ત્યારબાદ, માનવંતા પીર સદરદ્દીન ને હાથે બોધ પામેલા મુરીદ તરીકેનો દાવો કરવા નીકળવું જોઇએ. જ્યાં સુધી માનવંતા પીર સદરદ્દીનના શિક્ષણને તાબે થવામાં આવે નહીં, ત્યાં સુધી તેઓથી બોધ પામેલા મુરીદોમાં પોતાને ગણાવવા જગતમાં બહાર પડવું એ પોતાનીજ પ્રતિષ્ઠા ઉતારી પાડવા જેવું છે.



# ચોખવટ નંબર ત્રીજો.

## શીઆ ઈમામી ઈસમાઈલી પાક

## ઈમામોની સાબેતી.

### હુસન બીન સબ્બાહ, તથા ઈસમાઈલી મીશન પ્રયોગ.

પા. ૧૧૪-૧૧૫-૧

મજકુર પુસ્તક રચનાર પોતાના મજકુર પુસ્તકના પાના ૧૧૪ માં લખે છે કે "સદરદ્દીન નામના એક અજીત દાઈએ પુષ્કળ ભજનો બનાવી બળવાન યુક્તિથી માર્ગી હિંદુઓને ઈસલામનો કલમો પડાવ્યો છે. તેણે ભવિષ્યવાણીના ભજનોમાં જે "**દેલમ દેશ**" માં નકલંકનો અવતાર થયો છે, એમ લખ્યું છે, તે "**દેલમ દેશ**" ઈરાનનો એક ભાગ છે, જેમાં "**આલમોત**" નો કિલ્લો આવેલો છે.

ત્યારબાદ પુસ્તક કર્ત્તા નીચેની મતલબના જ્ઞાનના પાઠ રજુ કરે છે.

---

## જ્ઞાનના પાઠ (અ)

ત્યારે, સુણો રખીસરો, બોલ્યા ગુર સોહદેવ
વળી વાત પ્રગટ કરૂં છું તતખેવ

ત્યારે દસમો અવતાર ધર્યો મોરાર
નકલંક અવતાર ધરેઓ કીરતાર
આદ વિષ્ણુ તે "નર અલી" જાણુ
ગુર બ્રહ્મા તે "નબી મહમદ" જાણુ
લાગ્યો કલજુગ, ને હુઓ અથર વેદ
તેનો મરમ ન જાણે કોઇ ભેદ
ઇશ્વર તેના "આદમ" હુઆ નામ
વેદ પરમાણે કહુ નીરંજણ
સેતર દીપ એરક ખંડ, દેલમ દેશ
તીઆં દશમે અ...રે, "અલી" માનખા વેશ

મજકુર જ્ઞાનના પાઠો આપી લેખક લખે છે કેઃ—

"ઉપરના ઇન્તેખાબ કરી લખેલા પાઠોમાં સતગુરૂને દાન આપવાનું, પશ્ચિમ દિશા તરફ બેસીને બંદગી કરવાનું, નાત ગતથી પાપ મુકત કરાવવાનું, સત્ય ગુરૂને મુખે દાન આપવાથી લાખ ગણો સવાબ મળવાનું "દેલમ" નગરીમાં દશમો અવતાર ધરવાનું ઠામ જણાવ્યાનું, શ્રી બુદ્ધના મુખથી, દાઇએ એમ કહેલું જણાવ્યું છે કે, દશમો અવતાર દેલમ દેશમાં ગુપ્તપણે લઇશ. તેઓએ જણાવેલું કે, નવમા અવતાર બુધ પછી, ખુદારૂપ હજરતઅલી રૂપે અવતાર લીધો છે, હજરતઅલી તે પહેલા ઇમામ તથા છેલ્લા પેગંબર સાહેબના ભાઇ થાય છે. માત્ર હજરતઅલીજ ખુદા, એમ તેઓએ જણાવ્યું નહીં, પણ હજરતઅલીની ઓલાદમાં, ખુદા અનુક્રમે ખુદાઈ અવતાર લેતો આવે છે, અને તે કીઆમત સુધી લેતોજ રહેશે, એમ જણાવ્યું. દશમો અવતાર હજરતઅલી, તથા તેની ઓલાદમાં વંશપરંપરા ખુદાઇ અવતાર હોવાનું દાઇઓએ જણાવેલું છે, અને તેને અનુસરીને પુષ્કળ

જ્ઞાનોમાં તેના છચોક ઇશારાઓ આપવામાં આવેલા છે, તેના કેટલાક નમુનાના પાઠો અહીં આપવા પ્રસગોપાત થઇ પડશે."

અહીં પુસ્તક કર્તા નીચેની મતલબના જ્ઞાનના પાઠો રજુ કરેછે.

---

## જ્ઞાનના પાઠ (બ)

શાહુ બેઠા, પશ્ચમ દેશ, અજમી રૂ[illegible]જી
શાહુ બેલે છે ફારશી વેણ, સેંતર દીપેજી
એજી, તેનું શેહેર "બાબક" માંહે ઠામ. પરતક રૂપેજી
તેનું "શાહુ અબલ હુસનઅલી" નામ. સુંદર રૂપેજી
એજી. જંપીએ તેનું નામ, અલખ છે, આપેજી
ઇ પુરેછે મનડાની હામ, દરશાન આપેજી

## જ્ઞાનના પાઠ ( ક )

એજી ઉંચા ઉંચા ડુંગરા દીસેરે બ્રામણા
ત્યાં વાય કે ટાઢા હેમાચળના વાય.
એજી શાહુંને દરગાહી, મીલી. દરગે પોહોંતા
જઇ પોહોંતા "કેક" નગરી માંહે
"કેક" નગરી દીસે અતિ રળીઆમણી

ત્યા બેઠા આપણા ત્રીભોવર શામ
થાળ ભરાવો, વીરા, સગ મોતીએ
વધાવો આપણા ત્રીભોવર શામ

---

## ચોઘડીઉં. (૬)

આસાજી, સચો[illegible]ા અલખ નિરંજન, અગમ અગોચર
સુનકાળે, સામી, તું રમત રમયો
આસાજી, અહંકાર મધે, શાહ અલી, સેહેજેથી ઉપનું
ઓણીઆદે આદ, શાહજો નામ ભણેયો
આસાજી, ઇંઢ સેવી, શાહ મોરે સ્રેસ્ટી રચાયા
સ્રેસ્ટી કીસતાર, સામીજી, વિશન ભણેયો
આસાજી, આસણ કરી, જુગમાંહે ભલે બેઠા શાહા,
અનંત રૂપે, સામી, તું ચલત્ર કીયો
આસાજી, જુગપર છાનું રાજા, ગતીયેંકે લખાયાંઇ
હેક મને રીખીએ જાણ કરીઓ
આસાજી, મચ્છ, કોરંભ, વારાહ, ભણાયાંઇ
નરસીંહ રૂપે, સામીજી, વિશન ભણેઓ
આસાજી, વાયમન, ફરસીરામ, સોઇ અવતરેઓ
શ્રી રામે લંકા ગઢ લીઓ
આસાજી, કાનજી, બુધ્ધ, શાહા દખણ અવતર્યો
અઢાર ખોણી શાહા નરે ડારેઓ
આસાજી, સોએ શાહા, પશ્ચિમે, પાત્ર નકલંકી નારાયણ

**“ દેલમ ” દેશમેં, શાહજો થાન રચેએ।**
**આસાજી, કરોડીઉં, પંજ, સત, નવ, બાર, અનંત શાહ તારીંઘો**
**શ્રી “ ઇસલામ શાહ ” શાહજો નામ ભણુઓ**

માનવંતા પીર સદરદીન સાહેબે પોતાના વખતના પાક **હાજર-ઇમામના** વતન તરીકે “ **દેલમ દેશ** ” ‘ કેક ” “ બાબક ” વગેરે શેહેરોનું વર્ણન આપેલું છે, અને પોતાના વખતના પાક **હાજર ઇમામ** તરીકે **ઇસમાઇલી** ત્રીશમા પાક ઇમામ શ્રી “ **ઇસલામ શાહ** ” નો સ્વીકાર કરેલ છે. જો અમારા માનવંતા ઇનસાફી વાંચનારા સ્વતંત્રપણે બરાબર તપાસ કરશે તો, નકી સાબેત થશે કે મજકુર વર્ણવેલાં રહેઠાણો ફકત **ઇસમાઇલી** ઈમામોને લગતાં છે, એ શેહેરોમાં કોઇપણ **ઇસનાઅશરી** ઇમામ રહેતાજ નહીં હતા. પાક ઇમામ શ્રી “**ઇસલામ શાહ**” **શીઆ ઇમામી ઈસમાઈલી** મઝહબના પેશવા હતા, અને માનવંતા પીર સદરદીનના વખતના **હાજર ઇમામ** હતા. અમારા તરફની આ ચોખવટ સાબીત કરવાને અસંખ્ય પુરાવા મોજુદ છે. પરંતુ વધારે લંબાણમાં દુર નહી જતાં, એજ પુસ્તક કર્ત્તા તરફથી આ સાલમાંજ બહાર પડેલી “ **ખોજા કોમની તવારીખ** ” ના પાનાં ૨૭૭ નું લખાણ અતરે રજુ કરીએ છીએ.

---

## ખોજા કોમની તવારીખ

---

પા. ૨૭૭.

**પીર સદરદીન.**

તેઓ, પીર **નુર સતગુરના** વંશમાંથી હોઇ, મીશનરી કામમાં, પ્રવિણ હતા. ખોજાઓને મુસલમાન બનાવવાના પીર **નુર સતગુરે** આરં-

ભેલા કામને તેઓએ ઘણી મદદ કીધી હતી. પુષ્કળ લોહાણાઓને સીંધમાં, હિંદુ મત છોડાવી, મુસલમાન ખોજા કીધા. પહેલું વેહેલું જમાત ખાનું, તેમણે, સિંધમાં કોટડા ગામમાં સ્થાપન કીધું. દશોંદ માટે ઝોળી ફેરવવાનો તેમણે ધારો ઠેરાવ્યો. તેમને ઈમામ ઇસલામ શાહ તરફથી ચાર અલકાબ મળ્યા હતા. (૧) સદરૂદ્દીન, (૨) સોહોદેવ (૩) બારગુર (૪) હરીશ્ચંદ્ર.

"તેઓ દરવીશી કરતાં ઇરાનમાં ગયા. શેખ સનાહ તથા શેખ અતારની મારફત, ઈમામ ઇસલામ શાહને તેઓ ભેટ્યા, અને ત્યાંથી કાશમીર તથા મુલતાન તરફ આવ્યા તેઓ બીજી વખત છત્રીશ કરોડ (છત્રીશ કુટુંબો હશે.) મુરીદાને લઇ, ઇરાનમાં "કેક" તરફ ઇમામ ઇસલામ શાહની ભેટ લેવા ચાલ્યા. છત્રીશ કુટુંબો પૈકી ૨૪ કુટુંબોએ દશોંદ આપવા નકાર કીધો, અને માત્ર ૧૨ કુટુંબોએજ દશોંદ આપી. આ ઉપરથી આ પીર, બારગુર કેહેવાય છે. તેઓની વફાત ઉંચમાં થઇ, અને જેતપુર નામના પંજાબના ગામમાં તેમને દફનાવવામાં આવ્યા છે. સીંધમાં ખોજાઓએ તેમનાપર રોજો ચણાવ્યો છે. આ પીરના રચેલા ધર્મશાસ્ત્ર ખોજાઓ બહુજ માનથી વાંચે છે, અને તેમના નામને બહુજ માન આપે છે."

મજકુર ખોજા કોમની તવારીખના પા. ૧૩૫ માં ઇસના અશરી બાર ઇમામોનો કોઠો તથા તેજ પુસ્તકના પાના ૨૦૨ થી પાનાં ૨૦૫ સુધો (ઇસમાઇલી) નીઝારી ઇમામોનો કોઠો, એજ લેખક આપે છે, જે અમારા વાંચનારા માટે નીચે દાખલ કરીએ છીએ.

# ખોજા કોમની તવારીખ.

## પા. ૧૩૫.

### ઈસના અશરી ઈમામોની મુદત બતાવનાર કોઠો.

| ઈસના અશરી બાર ઈમામનાં નામ. | ઈમામ થયા. હી. સ. | ઈ. સ. | વફાત પામ્યા. હી. સ. | ઈ. સ. | ક્યાં દફન થયા. |
|---|---|---|---|---|---|
| ૧ અલી. | ૧૧ | ૬૩૨ | [illegible]૦ | ૬૬૦ | નજફ |
| ૨ હુસન. | ૪૦ | ૬૬૦ | ૪૯ | ૬૬૯ | મદીના |
| ૩ હુસેન. | ૪૯ | ૬૬૯ | ૬૧ | ૬૮૦ | કરબલા |
| ૪ ઝએનુલ અબેદીન | ૬૧ | ૬૮૦ | ૯૪ | ૭૧૩ | મદીના |
| ૫ મોહુમદ બાકર. | ૯૪ | ૭૧૩ | ૧૧૪ | ૭૩૨ | મદીના |
| ૬ જાફર સાદક. | ૧૧૪ | ૭૩૨ | ૧૪૮ | ૭૬૫ | મદીના |
| ૭ મુસા કાઝમ. | ૧૪૮ | ૭૬૫ | ૧૮૩ | ૮૦૦ | કાઝમીન |
| ૮ અલી રઝા. | ૧૮૩ | ૮૦૦ | ૨૦૩ | ૮૧૯ | તુસ |
| ૯ મોહુમદ તકી. | ૨૦૩ | ૮૧૯ | ૨૨૦ | ૮૩૫ | કાઝમીન |
| ૧૦ અલી નકી. | ૨૨૦ | ૮૩૫ | ૨૫૫ | ૮૬૮ | સામરા |
| ૧૧ હસન અસકરી. | ૨૫૫ | ૮૬૮ | ૨૬૦ | ૮૭૪ | સામરા |
| ૧૨ મોહુમદ મહુદી. | ૨૬૦ | ૮૭૪ | | | |

આ કોઠામાં ઘણી બારીકીથી તપાસ કરતાં પણ, નામવર પીર સદરદીને દેખાડેલા ઇમામ, શ્રી ઈસ્લામશાહનું નામ દેખાતું નથી, તેથી સિદ્ધ અને પુરવાર થાય છે કે, માનવંતા પીર સદરદીને ઇસનાઅશરી મઝહબ દેખાડયો નથી. તેમ પોતે પણ ઇશનાઅશરી નહીં હતા. હવે એજ

"ખોજા કોમની તવારીખમાં" થી પાના ૨૦૨ થી ૨૦૫ સુધી જે (ઇસમાઈલી) નીઝારી ઈમામોનો કોઠો આપવામાં આવ્યો છે, તે નીચે ઉતારીએ છીએ.

---

# ખોજા કોમની તવારીખ.

પા. ૨૦૨ થી ૨૦૫

## (ઇસમાઇલી) નીઝારી ઇમામોની મુદ્દત બતાવનારો કોઠો.

| નીજારી ઇમામોના નામ. | ઇમામ થયા. હી. સ. | ઇ. સ. | વફાત પામ્યા. હી. સ. | ઈ. સ. | |
|---|---|---|---|---|---|
| ૧ અલી | ૩૫ | ૬૫૫ | ૪૦ | ૬૬૦ | |
| ૨ હુસેન | ૪૦ | ૬૬૦ | ૬૧ | ૬૮૦ | |
| ૩ ઝએનુલ આબદીન | ૬૧ | ૬૮૦ | ૯૪ | ૭૧૩ | |
| ૪ મહુમદ બાકર | ૯૪ | ૭૧૩ | ૧૧૪ | ૭૩૨ | |
| ૫ જાફર સાદક | ૧૧૪ | ૭૩૨ | ૧૪૮ | ૭૬૫ | |
| ૬ ઇસમાઈલ | ૧૪૮ | ૭૬૫ | ૧૫૮ | ૭૭૫ | |
| ૭ મહુમદ | ૧૫૮ | ૭૭૫ | ૧૯૭ | ૮૧૩ | |
| ૮ રઝી અબ્દલા | ૧૯૭ | ૮૧૩ | ૨૧૨ | ૮૨૮ | વફી અહુમદ |
| ૯ તકી અહુમદ | ૨૧૨ | ૮૨૮ | ૨૨૫ | ૮૪૦ | તકી મહુમદ |
| ૧૦ ઝકી અબ્દલ્લા | ૨૨૫ | ૮૪૦ | ૨૬૨ | ૮૭૬ | રઝી અબદલા |
| ૧૧ અબદલ્લા મહદી | ૨૬૨ | ૮૭૬ | ૩૨૨ | ૩૪ | મહદી મહુમદ |
| ૧૨ કાયમ | ૩૨૨ | ૯૩૪ | ૩૩૪ | ૯૪૫ | |

| | નીજારી ઈમામોના નામ. | ઈમામ થયા. હી. સ. | ઈ. સ. | વફાત પામ્યા. હી. સ. | ઇ. સ. | |
|---|---|---|---|---|---|---|
| ૧૩ | મનસુર | ૩૩૪ | ૯૪૫ | ૩૪૧ | ૯૫૨ | |
| ૧૪ | મોએઝ | ૩૪૧ | ૯૫૨ | ૩૬૫ | ૯૭૫ | |
| ૧૫ | અઝીઝ | ૩૬૫ | ૯૭૫ | ૩૮૬ | ૯૯૬ | |
| ૧૬ | હાકેમ | ૩૮૬ | ૯૯૬ | ૪૧૧ | ૧૦૨૦ | |
| ૧૭ | ઝાહેર | ૪૧૧ | ૧૦૨૦ | ૪૨૭ | ૧૦૩૫ | |
| ૧૮ | મુસ્તનસર | ૪૨૭ | ૧૦૩૫ | ૪૮૭ | ૧૦૯૪ | |
| ૧૯ | નીજાર | ૪૮૭ | ૧૦૯૪ | ૪૯૦ | ૧૦૯૭ | |
| ૨૦ | હાદી | ૪૯૦ | ૧૦૯૭ | ૫૩૦ | ૧૧૩૫ | |
| ૨૧ | મોહતદી | ૫૩૦ | ૧૧૩૫ | ૫૫૨ | ૧૧૫૭ | |
| ૨૨ | કાહેર | ૫૫૨ | ૧૧૫૭ | ૫૫૭ | ૧૧૬૨ | |
| ૨૩ | અલા ઝીકરતસ્સલામ | ૫૫૭ | ૧૧૬૨ | ૫૬૧ | ૧૧૬૬ | |
| ૨૪ | મહમદ | ૫૬૧ | ૧૧૬૬ | ૬૦૭ | ૧૨૧૦ | આલા મહમદ |
| ૨૫ | જલાલુદ્દીન | ૬૦૭ | ૧૨૧૦ | ૬૧૮ | ૧૨૨૧ | ખુદ જલાલુદ્દીન હસન |
| ૨૬ | અલાઉદ્દીન | ૬૧૮ | ૧૨૨૧ | ૬૫૩ | ૧૨૫૫ | અલાઉદ્દીનમહમદ |
| ૨૭ | રૂકનુદ્દીન | ૬૫૩ | ૧૨૫૫ | ૬૫૪ | ૧૨૫૬ | રૂકનુદ્દીન ખુરશાહ |
| ૨૮ | શમશુદ્દીન | ૬૫૪ | ૧૨૫૬ | ૭૧૦ | ૧૩૧૦ | શમસદ્દીન મહમદ |
| ૨૯ | કાશમ શાહ | ૭૧૦ | ૧૩૧૦ | ૭૭૧ | ૧૩૭૦ | |
| ૩૦ | ઇસલામ શાહ | ૭૭૧ | ૧૩૭૦ | ૮૨૭ | ૧૪૧૪ | |
| ૩૧ | મહમદ | ૮૨૭ | ૧૪૨૪ | ૮૬૮ | ૧૪૬૪ | |
| ૩૨ | મુસ્તનસર | ૮૬૮ | ૧૪૬૪ | ૮૮૦ | ૧૪૭૬ | |
| ૩૩ | અબદુસલામ | ૮૮૦ | ૧૪૭૬ | ૮૯૯ | ૧૪૯૪ | |
| ૩૪ | ગરીબમીરજા | ૮૯૯ | ૧૪૯૪ | ૯૦૨ | ૧૪૯૭ | |

| નીજારી ઇમામોના નામ. | ઇમામ થયા. હી. સ. | ઇ. સ. | વફાત પામ્યા. હી. સ. | ઈ. સ. |
|---|---|---|---|---|
| ૩૫ ભુદર અલી | ૯૦૨ | ૧૪૯૭ | ૯૧૫ | ૧૫૦૯ |
| ૩૬ મુરાદ મીરજા | ૯૧૫ | ૧૫૦૯ | ૯૨૦ | ૧૫૧૪ |
| ૩૭ જુલફીકાર અલી | ૯૨૦ | ૧૫૧૪ | ૯૨૨ | ૧૫૧૬ |
| ૩૮ નુરદીન અલી | ૯૨૨ | ૧૫૧૬ | ૯૫૭ | ૧૫૫૦ |
| ૩૯ ખલીલલ્લાહ અલી | ૯૫૭ | ૧૫૫૦ | ૯૯૩ | ૧૫૮૫ |
| ૪૦ નીજાર | ૯૯૩ | ૧૫૮૫ | ૧૦૩૮ | ૧૬૨૯ |
| ૪૧ સૈયદ અલી | ૧૦૩૮ | ૧૬૨૯ | ૧૦૭૧ | ૧૬૬૧ |
| ૪૨ હસન અલી | ૧[illegible] | ૧૬૬૧ | ૧૧૦૬ | ૧૬૯૫ |
| ૪૩ કાસમ અલી | ૧૧૦૬ | ૧૬૯૫ | ૧૧૪૩ | ૧૭૩૧ |
| ૪૪ અબુલ હસન | ૧૧૪૩ | ૧૭૩૧ | ૧૧૯૪ | ૧૭૮૦ |
| ૪૫ ખલીલલ્લાહ અલી | ૧૧૯૪ | ૧૭૮૦ | ૧૨૩૩ | ૧૮૧૭ |
| ૪૬ હસનઅલી શાહ | ૧૨૩૩ | ૧૮૧૭ | ૧૨૯૮ | ૧૮૮૧ |
| ૪૭ અલીશાહ | ૧૨૯૮ | ૧૮૮૧ | ૧૩૦૨ | ૧૮૮૫ |
| ૪૮ મહમદ સુલતાન | ૧૩૦૨ | ૧૮૮૫ | વિદ્યમાન વિધમાન, સુલતાન મહમદ શાહ | |

મજકુર કોઠામાં સહેજ નિગાહ ફેરવતાં માલમ પડશે કે, ઇમામ શ્રી ઇસલામ શાહનું નામ, ત્રીસમાં નંબરમાં બીરાજે છે. માનવંતા પીર સદરદીને ઇમામ શ્રી ઇસલામ શાહ દેખાડેલા છે. એ પુસ્તક કર્ત્તાના લખવા પ્રમાણેજ, પીર સદરદીન, એક વખત, શેખ સનાહ તથા શેખ અતારની મારફતે, તથા બીજી વખતે, છત્રીશ ક્રોડ મુરીદોને લઇ, ઇરાનમાં "કેક" નગરીપાસે ઇમામ ઇસલામ શાહને ભેટ્યા ઇમામ ઇસલામ શાહ, માનવંતા પીર સદરદીનના જમાનામાં હાજર ઇમામ હતા. માનવંતા પીર સદરદીન પોતાના વખતના હાજર ઇમામ

શ્રી ઇસલામ શાહ પાસે મુરીદોને લઈ ગયા હતા, તે બીના કાંઇપણ શક વગર પુરવાર કરે છે કે તેઓ શીઆ ઇમામી ઇસમાઇલી હતા.

જો માનવંતા એ.ધગુરૂ પીર સદરદીન ઇસના અશરી હોત, અને તેઓએ ખોજાઓને ઇસના અશરી મઝહબમાં વટલાવ્યા હોત, તો શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબના ઇમામની ઇમામતનો સ્વીકાર કરત નહીં આપણે ગમે તેવી બારીકોથી, અને ગમે તેટલા ઉંડાણમાં ઉતરીને પુરતી શોધખોળ સાથે તપાસ કરીશું, તો પણ માનવંતા પીર સદરદીને કોઇપણ પણ ઠેકાણે ઇસનાઅશરીના કોઇપણ ઇમામ તરફ સહેજ પણ ઇસારો કરેલો હોય, એવું અનુભવવામાં આવશે નહીં. જો માનવંતા પીર સદરદીને ખોજાઓને ઇસનાઅશરી મઝહબમાં વટલાવ્યા હોત અને પોતે પણ ઈસનાઅશરી હોત, તો જરૂર તેઓ ઈસનાઅશરી બાર ઇમામોની માન્યતાનો ફેલાવો કરત અને તેમના વતન તરીકે, "સામરા" "કાઝમીન," "ખુરાસાન તુસ" વગેરેનું વર્ણન કરત. હાલના આપણા જમાનામાં એવો કોઇ પણ ઇસનાઅશરી મઝહબનો માણસ નથી, કે જે પોતાના ઇમામ તરીકે ઈસમાઇલી પાક હાજર ઇમામ, આગા સર સુલતાન મહમદ શાહ દાતાર, હાદીયુલ મહદી સાહેબને સ્વીકારે. શીઆ ઇમામી ઇસમાઇલી પાક ઇમામને પોતાના ઇમામ તરીકે સ્વીકારનાર તથા ઇસમાઇલી ઇમામનો સ્વીકાર કરાવનારને ઇસનાઅશરી કેમ ગણી શકાય? આ ઉપરથી પુરવાર થાય છે કે, માનવંતા પીર સદરદીન સાહેબ ઇસના અશરી નહીં હતા, અને તેઓએ ખોજાઓને ઇસનાઅશરી મઝહબમાં દાખલ નહીં કીધા હતા. તેઓના પોતાના ઈસનાઅશરી હોવાની તથા બીજાઓને ઇસનાઅશરી મઝહબમાં દાખલ કરવાની માન્યતા અંતકરણને પણ ઠગનારી છે, અને કોઇક પણ તરેહના મકસદ ઝીનો જાળ બીછાવવાની ધોખા બાઝી છે. છેવટના સાર તરીકે, સાબીત થાય છે કે, માનવંતા પીર સદરદીન સાહેબ પોતે ખુદ પાક શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબ પાળતા હતા, તેઓ તે વખતના હાજર ઇમામ શ્રી ઇસલામ શાહની બયતમાં હતા, અને એ બુલંદ દર-

જાના માનવંતા ઇમામ તરફથી હિંદુસ્થાનના મુલકમાં મીશનરી તરીકે પધારી હિંદુઓને "ખોજા"ના માનવંત લકબથી શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાં દાખલ કીધા હતા, માટે "ખોજા" લકબ શીઆ ઇમામી ઇસમાઇલીઓનેજ ઘટારત છે, અને એ શબ્દ વાપરવાનો વાજબી હક, ફક્ત એજ ફીરકાવાળા ધરાવે છે. આ ચોખવટ તદ્દન સાફ છે, અકલને અનુસરતી છે. ઇતિહાસને આધારે રચાએલી છે. એ ચોખવટથી જરાપણ વેગળા જવું એ અંધારામાં ગોથા ખાવા બરાબર છે.

# ચોખવટ નંબર ચોથો.

## દસ અવતારની સાબેતી.

### ખોજા કોમની તવારીખ.

પાનાં ૨૫૬—૨૫૭.

## હરીવંશ.

"ખોજા કોમની તવારીખ" પુસ્તકનો રચનાર મજકુર પાનામાં લખે છે કેઃ—

"મીશનરીઓએ જણાવ્યું કે અયે શ્રદ્ધાળુ ભાઇઓ, ઇશ્વરે દશમો નકલંકી અવતાર, ઇરાન મધ્યે, "**અમામપુરા**" નગરીમાં લઇ લીધો છે. વિષ્ણુનો અવતાર તે "અલી," બ્રહ્માનો અવતાર તે "**નબી મહુમદ**" અને "**આદમ**" તે ઇશ્વરનો અવતાર છે. નવ અવતાર હિંદુ સ્વરૂપમાં હતા, અને તેમના વંશજો પણ હિંદુ હતા. નવમાં અવતાર સાથે દશમા **મુસલમાની અવતાર** નું જોડાણ કરવાનું હતું. નવમો અવતાર **બુદ્ધ** નો હતો. **બુદ્ધ**ના વંશજો **મુસલમાન સ્વરૂપમાં** રજુ કીધા."

"**શ્રી બુદ્ધ**ના શીશ, સામ, સલામ, મલકાન, ઇસલામ, હારાન, સામન, સાફાન, અદનાન. મઆદ, નીઝાર, મઝર, ઇલીયાસ, મુદરક, ખુઝેમે, કનાન. નઝર, માલક, ફહર, લુવે, કઅબ, મુરે, કલાબ, કુસે, અબ્દુલ મનાફ, અબુ હશામ, અબ્દુલ મુતલબ, અબુ તાલેબ, વંશ **શ્રી "શાહ મૌલા મુરતઝા અલી."** ૧૦

" હજરત અલી પછી, તેમના વંશજો ઈસમાઇલી ઈમામોની ટીપ અગાઉ આપી છે, તેજ છે. ઇસમાઇલી લોકો ઇશ્વરના વંશને હરીવંશ કહે છે, અને તેને ઈશ્વર જેટલુંજ માન આપે છે."

"યજ્ઞમાં જ્યારે શ્રી નારાયણ ભગવાનના નવમાં અવતાર બૌદ્ધે, મનુષ્ય અવતારમાં, બ્રાહ્મણોપર નારાજ થઇ, દશમો અવતાર, મુસલમાનરૂપે ગુપ્તપણે લેવા જણાવ્યું, ત્યારે યુધિષ્ટરે તેમને પુછ્યું કે આપ ક્યાં પ્રગટરૂપ ધરશો? ત્યારે બુદ્ધે જણાવ્યું કે, અયે યુધિષ્ઠિર, હું ઈરાન દેશમાં એરાક પ્રગણે, "દેલમ" માં ગામ "અમામપુરી" માં પ્રગટ થ[illegible]. મીશનરીઓએ ઇસમાઇલી ઇમામોને હજરતઅલીના અવતાર બનાવ્યા હતા. અને તેજ ઇસમાઈલી ઇમામ તે મીશનરીના સમયમાં "અમામપુરી" માં રહેતા હતા.

---

## હસનબીન સબ્બાહ તથા ઇસમાઇલી મીશન પ્રયોગ.

પાનાં ૧૨૦-૧૨૧-૧૨૨.

મજકુર પુસ્તકના એજ કર્ત્તા, મજકુર પાનાઓમાં નીચે પ્રમાણે વર્ણન કરે છે.

" માર્ગીઓની અનેક ધર્મની ક્રિયાઓમાં ઇશ્વરના અવતાર તથા પેઢીઓનાં નામોની ફેહરીસ્ત બહુ આવે છે, માટે તે મુજબ દાઇએ તમની સાથે મળી જવાની જરૂર હતી. આ માટે તેઓએ જણાવેલું કે, નવમાં અવતાર પછી, ખુદાએ હઝરતઅલી રૂપે અવતાર લીધો છે."

હજરતઅલી તે પેહેલા ઇમામ તથા છેલ્લા પેગંબરના ભાઇ થાય છે. માત્ર હજરતઅલીજ ખુદા છે, એમ તેઓએ જણાવ્યું નહીં, પણ હજરતઅલીની ઓલાદમાં, ખુદા અનુક્રમે ખુદાઇ અવતાર લેતો આવે છે, અને તે કીયામત સુધી લેનોજ રહેશે, એમ જણાવ્યું. હજરતઅલીથી રૂકનુદીન ખુરશાહ સુધી, લગભગ છવીશ અવતારો ખુદાના થયા છે, અને શમસદીન મહમદથી સુલતાન મહમદશાહ સુધીમાં, ઇરાનમાં "ઇમામ" ગણુતાઓને, હિંદમાં માર્ગીઓની અનુકુળતા તથા પ્રથમના બંધાએલા ધોરણને અનુસરી, "ખુદા" કહેવા લાગ્યા, અને તેમાંના છેલ્લા, નામદાર આગાખાન આજે બરાબર તેમના મુરીદોમાં "ખુદા" મનાઇ રહ્યા છે.

"દશ અવતારની કથા, આ હિંદી ઈસમાઈલીઓમાં કુરાને મજીદ કરતાં પણ વધરે પવિત્ર મનાય છે. અંતકાળ વખતે, તે, બીમારને સંભાળવવામાં આવે છે, તે એટલા માટે કે, તેના પર સખ્તી ઓછી થાય, તથા સ્વર્ગમાં સારો દરજ્જો મળે. દસમા અવતાર હજરતઅલી તથા તેની ઓલાદમાં, વંશપરંપરા, ખુદાઇ અવતાર હોવાનુ દાઇઓએ જણાવેલું છે, અને તેને અનુસરી, પુષ્કળ જ્ઞાનોમાં, તેના છ ચોક ઇશારાઓ આપવામાં આવ્યા છે."

માર્ગીઓના અનુકરણના સવાલ વિષે, વાદ વિવાદમાં નહીં ઉતરતાં, અમે ફક્ત મુદ્દાના સવાલ ઉપરજ ચર્ચા ચલાવવા દુરસ્ત વિચારીએ છીએ. જ્યારે આ પુસ્તક કર્ત્તા સાફ ઇકરાર કરી ચુકયા છે કે મીશનરીઓએ, ઇસમાઇલી ઇમામોને હજરતઅલીના અવતાર બનાવ્યા હુતા, અને તેજ ઇસમાઇલી ઇમામ તે મીશનરીના સમયમાં "દેલમ" માં રહેતા હુતા, ત્યારે હવે આથી વધારે ચોખવટ શું જોઇએ છીએ?

# અરબી કહેવત.

" અલ મુનાઝઅતો, બઅદલ ઈકરારે, જહાલત "

## મતલબ.

" ઈકરાર કર્યા પછી, પાછી તકરાર કરવી, એ મુરખાઈ છે. "

જે મીશનરીઓ હજરતઅલી, તથા તેના વંશપરંપરા જાનીશીનોને ખુદાઈ અવતાર તરીકે જાહેર કરે, અને શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબના રાહબર, દીની પેશવા, પાક ઇસમાઇલી ઇમામોની ઈમામત પોતે કબુલ કરે, તથા મુરીદોને કબુલ કરાવે, તે મીશનરીઓ ઇસના અશરી હોય, અથવા ખોજાઓને તેમણે ઇસના અશરી મઝહબમાં દાખલ કીધા હોય, એ વાત તદન અસંભવિત છે. કોઇ પણ ઇસના અશરી, દશ અવતાર, તથા ઇમામોના ઇશ્વરી અવતારનો સિદ્ધાંત, કબુલ કરતો નથી.

આ બાબતમાં પણ ચોખવટ એ છે કે, માનવંતા પીર સદરદીને હિંદુઓને ઇસના અશરી મઝહબમાં દાખલ કીધા નહીં હતા, પણ તેઓને " ખોજા " ના માનવંતા લકબથી, પાક શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાં દાખલ કીધા હતા. માટે " ખોજા " લકબ શીઆ ઇમામી ઇસમાઇલીઓનેજ ઘટારત અને સજાવાર છે.

# ચોખવટ નંબર પાંચમો.

## દશોંદની સાબેતી.

### હુસન બીન સબ્બાહુ તથા ઇસમાઇલી મીશન પ્રયોગ.

પાનું ૧૪૦

મજકુર પુસ્તકના કર્ત્તા, આ પાનામાં જણાવે છે કે,

"હવે ધર્માદાના કાયદા વિષે જાણુ[illegible]એ. હીન્દના ઇસમાઇલીઓ પોતાની કમાણીનો દશમો ભાગ, પોતાના ઇમામને, જ્યારથી-તેઓ આ મઝહબમાં આવ્યા છે, ત્યારથી, આપતા આવ્યા છે, અને હજુ બરાબર નિયમિત રીને આપ્યા કરે છે. તેમની દાન કરવાની શક્તિ બહુજ પ્રદિપ્ત જોવામાં આવે છે."

---

## ખોજા કોમની તવારીખ.

પા. ૨૬૦

એજ પુસ્તક કર્ત્તા પોતાની "ખોજા કોમની તવારીખ" ના પુસ્તકમાં પણ લખેછે કે,

દશોંદ = "માતાપંથીઓ પોતાની કમાણીનો દશમો ભાગ ધર્મગુરૂને ભેટ આપતા હતા અને તેને "દશોંદ" કહેતા. આ "દશોંદ" આપવાની રીત કબુલ રાખી, નવા મુસલમાનોને, આ "દશોંદ" હજરતઅલીના વંશપરંપરા ઉતરી આવેલા ઇમામને

આપવા જણાવ્યું. આવી "દશોંદ" ની રકમ ખોજાઓ કેટલાક સૈકાઓ થયા આપ્યા કરે છે."

આ પુસ્તક કર્ત્તા જ્યારે આ પ્રમાણે ખુલ્લે ખુલ્લું કબુલ કરે છે કે હિન્દના ઇસમાઈલીઓ, જ્યારથી આ મઝહબમાં આવ્યા છે, ત્યારથી, નિયમિત રીતે, હજરતઅલીથી વંશપરંપરા ઉતરી આવેલા ઇમામોને કેટલાક સેંકડા થયા "દશોંદ" આપ્યા કરે છે, ત્યારે હવે નવી ચોખવટ કયા પ્રકારની માંગે છે? માનવંતા પીર સદરદીન જે પોતાના બોધેલા મુરીદોની, "દશોંદ" પણ ઇસમાઇલી ઇમામોને, રાજીખુશીથી અને પુન્યને ખાતર, અર્પણ કરવા બોધ આપી ગયા છે, તે ઇસના શઅરી હતા, એ વાત કેમ મનાય? પીર સદરદીનના જમાનામાં કોઇપણ ઇસનાઅશરી ઇમામ જાહેરમાં તો હસ્તી ધરાવતો નહીં હતો, કે જેથી તેવા ઈમામોને "દશોંદ" પોંચાડવામાં આવતી હતી એવી જુઠી પણ દલીલ ઉભી થઇ શકે. માનવંતા પીર સદરદીને બોધેલા મુરીદો, તેમના જમાનામાં, તે વખતના ઇસમાઇલી હજર ઇમામ, શ્રી ઇસલામ શાહને, તથા માનવંતા પીર સદરદીનના જમાના પછી, શ્રી ઇસલામ શાહના તખ્તનશીન, દરેક જમાનાના ઇસમાઈલી હાજર ઇમામને રાજી ખુશીથી "દશોંદ" અર્પણ કરતા આવ્યા છે, અને હાલમાં તેઓ પોતાની "દશોંદ," ઇસમાઈલી અડતાલીશમા પાક હાજર ઇમામ, હક મૌલાના, સરકાર આગા સુલતાન મહમદ શાહ દાતારની હજુરમાં, રાજીખુશીથી અને સવાબે દાયરૈન હાસલ કરવાના હેતુથી નઝર કરે છે.

આ બાબત પરથી પણ નિર્ણય થાય છે કે માનવંતા પીર સદરદીને હીન્દુઓને "ખોજા" ના માનવંતા લકબથી, શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાં દાખલ કીધા હતા, માટે "ખોજા" લકબ શીઆ ઈમામી ઇસમાઈલીઓનેજ ઘટારત તથા સજાવાર છે.

# ચોખવટ નંબર છઠો.

## દરખાનાની સાબેતી.

### હુસન બીન સબ્બાહ તથા ઇસરાઇલી મીશન પ્રયોગ.

પા. ૧૪૪—૧૪૫.

મજકુર પાનામાં પુસ્તક કર્ત્તા જણાવે છે કે, "જેમ ઇસલામીઓ પર હજ પડવા જવું ફરજ છે, તેજ રીતે માર્ગી હીંન્દુઓ પર યાત્રા કરવી ફરજ છે. માર્ગીઓની આ રીતને દાઇઓએ કાયમ રાખી જણાવ્યું કે, ઇમામના દર્શન કરવા તથા તેમના ચર્ણના સ્પર્શ કરવા, દરેક મુમનને, જયાં ઇમામ રહેતા હોય, ત્યાં જવું જોઇએ. આ સિદ્ધાંતને લઇ, હિન્દના ઇસમાઇલીઓ, ઘણા લાંબા વખતથી ઇરાનમાં "આલમોત" "કેક" તથા "બાબક" શેહેરમાં, જે જે વખતે, જે જે ઠેકાણે, ઇમામ હતા, ત્યાં દર્શન કરવા માટે, મોટા મોટા કાફલાઓ બાંધીને જતા હતા, અને ઇમામના દર્શન કરી, તેમની પાસે નાણાંના થાળ ભેટ ધરતા હતા.

મજકુર લખાણમાં પુસ્તક કર્ત્તા ખુલ્લી રીતે પોતાની માન્યતા તથા અનુભવ જાહેરમાં પ્રગટ કરે છે કે, દાઇઓએ પોતાના બાંધેલા મુરીદોને, જ્યાં ઇમામ હોય, ત્યાં દર્શન કરવા જવાનું શિક્ષણ આપ્યું હતું. તે જમાનામાં ઇમામો "આલમોત" "કેક" તથા "બાબક" શેહેરમાં રહેતા હતા, અને મુરીદો કાફલાબંધ, ઇમામના દર્શન કરવા ત્યાં જતા હતા. આપણે પુછીશું કે "આલમોત" "કેક' તથા "બાબક" માં કયા ઇમામ બીરાજતા હતા? તે જમાનામાં કોઇપણ

ઇસના અશરી ઈમામ જાહેરમાં હસ્તીમાં ન હોતા. મજકુર વતન શીઆ ઇમામી ઇસમાઇલી ઇમામોનેજ લગતાં હતાં અને માનવંતા પીર સદરદ્દીને બોધેલા મુરીદો પણ ઇસમાઇલી પાક ઇમામોના દર્શન કરવા ત્યાં જતા હતા. ઇસમાઇલી ત્રીશમા ઈમામ, શ્રી ઇસલામ-શાહના વખતથી તે ઇસમાઇલી છેતાલીશમા ઇમામ, આગા શાહ હસનઅલીના જમાના સુધી, માનવંતા પીર સદરદ્દીને બોધેલા મુરીદો તથા તેમના વંશજો, ઇરાનમાં મજકુર શેહેરો અથવા બીજા કોઈ શેહેરમાં, જ્યાં ઇસમાઇલી પાક હાજર ઇમામ પોતાનું દરખાનું એટલે રહેઠાણ કરી રહ્યા હોય, ત્યાં દીદાર કરવાને જતા હતાં ઇસમાઇલી પાક ઈમામો, આગા શાહ હસનઅલી. આગા અલીશાહ દાતાર તથા હાલના અડતાલીશમા પાક ઇસમાઇલી હાજર ઇમામ, મૌલાના સરકાર, આગા સુલતાન મહમદ શાહ દાતારના વખતમાં પણ, શામ, મીસર, મેસાપોટેમીઆ. ઇરાન, અફ્ઘાનિસ્તાન, ચિત્રાલ, પામીર, બદખશાન, સમરકંદ, બુખારા. વગેરે મુલકના અરબ તથા અજમ ઇસમાઈલી મુરીદો તેમજ આફ્રિકા, સિંધ, કછ, પંજાબ, ગુજરાત, ગુવાધર કાંઠો, બરમા તથા બીજા દેશના ઈસમાઈલી મુરીદો, મુંબઇમાં દરખાને, ઈમામના દીદાર માટે, આવતા હતા, તથા હજી પણ આવે છે. માનવંતા પીર સદરદ્દીનનો બોધેલો કોઇપણ મુરીદ તથા તેના વંશજો, ઇસનાઅશરી ઇમામોનાં વતન "સામરા," "કાઝ-મીન" તથા "ખુરાસાન તુસ" વગેરે શેહેરોમાં દરખાને જતા નથી, તેથી પુરવાર થાય છે કે મહાન બોધગુરૂ પીર સદરદ્દીન ઇસના અશરી નહીં હતા, પણ શીઆ ઇમામી ઇસમાઇલી હતા, અને હિંદુઓને તેઓએ "ખોજા"ના માનવંતા લકબથી, શીઆ ઇમામી ઈસમાઇલી મઝહબમાં દાખલ કીધા હતા, માટે "ખોજા" લકબ શીઆ ઈમામી ઇસમાઇલીઓનેજ ઘટારત તથા સજાવાર છે.

# ચોખવટ નંબર સાતમો.

## શીઆ ઈમામી ઈસમાઈલી મીશનની સાબેતી.

### હુસન બીન સબ્બાહુ તથા ઇસમાઇલી મીશન પ્રયોગ.

પાના—૯૬, ૯૭,

## હિન્દના વામ માર્ગીઓપર ઇસમાઇલી મીશનનો પ્રયોગ.

### પરીણામે સંતપથ ધર્મની વિચીત્ર સ્થાપના.

મજકુર પુસ્તકના કર્ત્તા, ઉપર ટાંકેલા પાનામાં લખે છે કે,

" **હુસન બીન સબ્બાહુથી** **રૂકનુદ્દીન ખુરશાહુ** સુધીના **આલમોતના** બાદશાહો તથા ત્યારપછીના તે ધર્મના મુરશેદોએ પોતાના **મીસનની** પદ્ધતિ એવી રામબાણ રચી તથા ચલાવી હતી, કે તેની જાળમાં પરધર્મીઓ સપડાયા વિના રહેવા પામે નહીં. આવા રામબાણ **મીશનની** બાંધણી માટે, અસંખ્ય **ઈસમાઈલી** વિદ્વાનોએ પોતાની બુદ્ધિ વાપરી હતી એમ કહ્યા સિવાય રહી શકાતું નથી. આ પદ્ધતિ એવી અસરકારક તથા વિલક્ષણ હતી કે, તેના જાદુએ લાખો લોકોને પોતા તરફ ખેંચી લીધા છે. આ **મીશન** તૈયાર કરવા માટે, **આલમોત** તથા બીજા શેહેરોમાં તેઓએ કેટલીક

શાળાઓ સ્થાપન કરી હતી. આ શાળાઓમાં પારકા ધર્મોનું શિક્ષણ આપવા સાથે, કેવી યુક્તિથી, તેમને પોતાના ધર્મમાં લાવી શકાય, તેનું જ્ઞાન આપવામાં આવતું હતું. આ શાળામાં પસાર થઇ, દાઈઓ દુર દેશમાં પોતાનો ધર્મ ફેલાવવા નીકળી જતા હતા. જે દેશમાં જે ધર્મના લોકોને તેઓ ઇસમાઇલી બનાવવા ચાહતા હતા, તેમના ધર્મ શાસ્ત્ર તથા લોકવલણનો તેઓ સારો અભ્યાસ કરી લેતા હતા, તથા લોકો, કેવી યુક્તિથી, પોતાનું સુકાન તેમના તરફ ફેરવે, તે બારીકીથી સમજી લેતા હતા. આલમોતમાં હસન બીન સબ્બાહે નીઝારની ગાદી સ્થાપન કરી હતી, તેથી તે ધર્મ નીઝારી ઇસમાઈલી ધરમ નામે ઓળખાતો હતો, તથા તેના મીશનનું નામ પણ નીઝારી મીશન થવા પામ્યું હતું. આવા દાઈઓ તથા નકીઓ આર્ય ભૂમી પર પણ આવી ચડયા હતા, અને બીજા સઘળા દેશોમાં, તેમને જે ફતેહમંદી મળવા પામી, તે કરતાં, આ દેશમાં, તેઓ વધારે મોટા પ્રમાણમાં ફાવી જવા પામ્યા હતા. તેમણે કાશમીર તથા પંજાબના હજારો શીખ તથા વામ માર્ગી ધરમના લુહાણાઓને વટાળી, ઇસમાઇલી ધરમમાં દાખલ કીધા હતા. તેઓના ઉપદેશની રીત એવી હતી કે પુંકી પુંકીને પગલાં ભરવાં. શિષ્યોના મનની અનુકુળતાની યોજના કરી, આગળ વધવું, તથા પ્રથમના તેમના મુળ ધરમપર કાંઇ પણ તિરસ્કાર બતાવ્યા સિવાય, પોતે પણ તેમની સાથે ભળી જઇ, રફ્તે રફ્તે, પોતા માટે માર્ગ તૈયાર કરવો, માર્ગી હિન્દુઓને તેમણે ધર્મ તજાવી, ઇસમાઇલી ધર્મ ગ્રહણ કરાવ્યો, અને એવી યુકિતથી ઇસમાઇલી ધરમ ગ્રહણ કરી લીધાનું, તેમને લાંબી મુદતે માલમ થવા પામ્યું. આ પદ્ધતિ એવી વિચિત્ર છે કે જેની તારીફ દુશ્મનની જબાનમાંથી પણ નીકળ્યા વિના રહેવા પામે નહીં. આ પદ્ધતિ ચલાવવામાં ઇસમાઇલી ધરમની અસલ સ્થિતિમાં, ગમે તેટલો

ભંગ થતો હોય, તેની તેઓને લેશમાત્ર પણ દરકાર નહોતી. માત્ર ગમે તે માર્ગે, પોતા માટે સરળ માર્ગ કરવાની તેઓની મુખ્ય નેમ હતી.''

---

## હસન બીન સબ્બાહ તથા ઇસમાઇલી મીશન પ્રયોગ.

પાનાં ૯૮-૯૯—૧૦૦

મજકુર પુસ્તકનાં આ પાનાંમાં પુસ્તક કર્તા લખે છે કે,

'' ઈસમાઈલી ધરમની એક કીતાબ, નામે કીતાબે શીયસેશત ઉપરથી, ઈસમાઇલીઓનો ધર્મ શિખવવાની યુકિત, સને ૧૮૬૬ ના ખોજા જજમેંટમાં બતાવી છે, તે અહીં દાખલ કરી છે. પાછળથી, તેજ પદ્ધતિ, માર્ગીઓપર, કેવી રીતે, અજમાવવામાં આવી, તે બતાવવામાં આવશે.

જુદા જુદા ધર્મના માણસોને ઈસમાઇલી મઝહબમાં લાવવાને માટે, ઇસમાઇલી મીશનરીઓ કેવા કેવી યુકિતઓ કામે લગાડે છે, તે દર્શાવવા માટે, તે પુસ્તક કર્ત્તા લખે છે કે,

'' અગર એક શીઆહ. જે ઇમામી ઈશમાઇલી ધરમનો નહીં હોય, તેને વટલાવવો હોય, તો દાઇ અથવા પાદરી શીઆ ધરમની તાલીમનો દીલોજાનથી સ્વીકાર કરે છે. અલી તથા તેના દીકરાઓ ઉપર ગુજરેલ ઘાતકીપણું અથવા હુસેનની શેહાદત વિષે, અને તેના કુટુંબને કેદ કરવા વિષે, તેણે ઘણી દયા ઉપજે, એવો વિચાર આપવો. બની ઉમૈયા અને અબ્બાસી તરફ તિરસ્કાર બતાવવો.

એ પ્રમાણે પોતાને માટે રસ્તો તૈયાર કરીને, પછી ઇસારો કરવો, કે શીઆહ ધરમનો મત સંપૂર્ણ રીતે જાણવા સારૂ, ઇસમાઈલી ધરમના છુપા ભેદો શીખવા જોઇએ."

"દાઇઓ તથા નકીબોએ, આર્ય ભુમિપર આવી, માર્ગી ધર્મના લોકોને ઇસમાઇલી બનાવવામાં, ઉપરની યુક્તિ વાપરી હતી. આ માર્ગી લુહાણા, ભાટીઆ વગેરેને ઇસમાઇલી બનાવવામાં આવ્યાછે, તે લોકો આજે "ખોજા" "મોમના" તથા "ગુપ્ત" ના નામથી ઓળખાય છે, અને તેમનો ધર્મ, ઇસમાઈલી સંતપંથ ના નામથી પ્રખ્યાત થવા પામ્યો છે.

"હસન બીન સબ્બાહ તથા ઇસમાઇલી મીશન પ્રયોગ" ના રચનાર એદલજી ધનજી કાબાએ એક ગ્રંથકર્તા તરીકે, પોતાનો મજકુર ઇકરાર પુસ્તક દ્વારાએ પ્રસિદ્ધિમાં મુકયો છે, તે બરાબર ધ્યાન સાથે વાંચી જવાથી, ખુલ્લો સાર ખેંચવાને બની આવશે કે એ ગ્રંથકર્ત્તાની ચોખી અને મુસ્તકીમ માન્યતા એ છે કે માનવંતા પીર સદરદીન સાહેબે ખોજાઓને શીઆ ઈમામી ઇસમાઇલી મઝહબમાંજ, દાખલ કીધા હતા. આ માન્યતાને મજબૂત રીતે પુરવાર કરનારાં લખાણો પુસ્તકદ્વારા પ્રસિદ્ધિમાં મુકયા પછી, પાંચ વરસના ટુંક અરસામાં વળી બીજી નવી માન્યતા ઉભી કરવી, એ પુસ્તક કર્ત્તાઓની પ્રતિષ્ઠાને ઉતારી પાડનાર બીના છે. અમારે મોટી અજાએબી સાથે પુછવું પડેછે કે, "હસન બીન સબ્બાહ તથા ઈસમાઇલ મીશન પ્રયોગ" ના કર્તા, ફકત પાંચ વરસના ટુંક અરસામાં, કાંઈ પણ નવાં સંગીન કારણો અથવા નવી સંગીન દલીલ દેખાડયા વિના, પોતાની "ખોજા કોમની તવારીખ" માં "મારી માન્યતા એવી થઇ છે કે ખોજાઓનો અસલ ધર્મ ઇસના અશરી છે, અને તેમને ઇસના અશરી દીનમાં વટલાવનારા

મીશનરીઓ પણ ઈસના અશરીઓ હતા" વગેરે પ્રગટ કરવાનું કઈ રીતે દુરૂસ્ત ધારતા હશે ?

આ ગ્રંથકર્ત્તા ફકત પાંચ વરસ ઉપર રચેલા પોતાના એક પુસ્તકમાં ખુલ્લો ઇકરાર કરે છે કે હિંદુસ્તાનના હિંદુઓ ઉપર ઇસમાઈલી મીશન પ્રયોગ ચલાવવામાં આવ્યો હતો, અને તેમને ઇસમાઇલી ધરમમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેજ ગ્રંથ કર્ત્તા વળી પાંચ વરસના ટુંક અરસામાં, બીજા પુસ્તકમાં, આગલી માન્યતાને વિના કારણે ઉરાડી મુકી, તદન નવી વિચિત્ર પ્રકારની માન્યતા પ્રસિદ્ધિમાં મુકે છે, એ આશ્ચર્યકારક બીના છે.

"Times are changed and [illegible] are changed with them."

---

## ઉચ્ચાર

"ટાઇમ્સ આર ચેંજડ, એન્ડ ઉવી આર ચેંજડ
વીથ ધેમ."

### મતલબ

"વખત બદલતા જાય છે, અને આપણે પણ તેઓ સાથે બદલાતા જઈએ છીએ."

જો આ ગ્રંથ કર્ત્તાએ પાંચ વરસનો કાંઈક નવો અનુભવ સબળ કારણથી રજુ કરી, પોતાની ફેરવાએલી માન્યતા પ્રસિદ્ધિમાં મુકી હોત, તો ટીકા કરવાનું કાંઇ પણ કારણ રહેત નહીં. પાંચ વરસમાં એક માન્યતા બદલવીજ જોઈએ, એવો કોઈ અકુદરતી કાનુન હસ્તી ધરાવતો હોય, તો પણ, વિદ્વાનો, સંગીન પુરાવા તથા મજબુત દલીલો સિવાય, પહાડની માફક અડગ રહીને, પોતાની સ્થાપિત માન્યતાને

મુસ્તકીમ રીતે ટકાવી રાખવાની તાકત ધરાવતા આવ્યા છે, અને એવા વિદ્વાનો, એક સદીમાં વીશ વખત, વિનાકારણે, ઇતિહાસિક તવારીખોમાં પણ માન્યતાના ફેરફાર રજુ કરનારાઓને પુસ્તક કર્ત્તાઓની માનવંતી સફમાં જગા આપવા, ખુલ્લી રીતે ઇનકાર કરે છે. ઇતિહાસિંક પુરાવા અને સત્યતા આગળ, માન્યતા શું છે? "માન્યતા" શબ્દ નો અર્થ." કોઈક ચીજને કાંઇક કરીને માની બેસવું" કુદરતમાં જે વિષયો, ઘણા બારીક હોય, સાધારણ અકલથી સમજી શકાતા ન હોય, ઇતિહાસિક પુરાવા ધરાવતા ન હોય, અખતરા અજમાશના સપાટામાં આવી શકતા ન હોય, તેમા કાંઇક માન્યતા કરી લેવાની જરૂર પડે છે. દાખલા તરીકે "મરણ પછી માણસની શી ગતિ થાય છે?" એ વિષય ઘણો ગહન હોવાથી, પોતાના મનને વધારે મજબુત જણાતી માન્યતા સૌ કોઇ ધારણ કરી લેછે. ખુદાવંદ તાલા, જગતકર્ત્તાની જાતભાત સમજવાનો વિષય ઘણોજ બારીક હોવાથી, સૌ કોઇ પોતાના મનને બંધ બેસતી માન્યતા બાંધી બેસેછે. પરંતુ, નામદાર મહારાણીજી વિકટોરીઆ અથવા નામવર શેહેનશાહ એડવર્ડ સાતમા કઇ સાલમાં ગાદીપર બીરાજયા, તેઓ ક્રિશ્ચીઅન ધર્મના પ્રોટેસ્ટંટ પંથમાં હતા કે કેથલીક પંથમાં હતા, એવા ઇતિહાસિંક બનાવોમાં માન્યતાની કાંઇ જરૂર હોતી નથી. સાધારણ ઈતિહાસિક બનાવોની સત્યતા અને સિદ્ધતા ઈતિહાસો પરથી પ્રાપ્ત થાય છે. ઇતિહાસિક પુરાવા પાસે માન્યતા રદ બાતલ છે. વગર કારણે એક સદીમાં વીશ વખત બદલાતી માન્યતા ફકત મુરખાઇનુંજ પરિણામ છે, અહિંઆપણ ચોખવટ એ છે કે, હિંદુઓને "ખોજા"ના માનવંતા લકબથી શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાં દાખલ કરવામાં આવ્યા હતા, માટે "ખોજા" લકબ ફકત શીઆ ઇમામી ઇસમાઈલીઓનેજ સજાવાર તથા ઘટારત છે.

# ચોખવટ નંબર આઠમો.

## ખોજા કોમના ઇતિહાસની સાબેતી.

એદલજી ધનજી કાબાના રચેલા "હસન બીન સબ્બાહ તથા ઇસમાઇલી મીશન પ્રયોગ" અને "ખોજા કોમની તવારીખ" એ બંને પુસ્તકોની સલાહ લીધા પછી, અમારી મુસ્તકીમ દલીલના બીજા વધારે પુરાવા માટે, ખોજા કોમના જાણીતા વિદ્વાન બેરીસ્ટર મી. જાફરભાઇ રહેમતુલ્લાહ કૃત "ખોજા કોમનો ઇતિહાસ" તથા વિદ્વાન પારસી પુસ્તક કર્ત્તા, મી. નવરોજજી માણેકજી દુમસ્યા કૃત "નામદાર આગાખાનનો ટુંક ઇતિહાસ" એ બે પુસ્તકોના મત વિષે તપાસ લેશું.

## ખોજા કોમનો ઇતિહાસ.

પાનાં ૨૨૦—૨૨૧

મજકુર પુસ્તક રચનાર, વિદ્વાન ખોજા બેરીસ્ટર મી. જાફરભાઇ રહેમતુલ્લાહ મજકુર પાનામાં નીચે પ્રમાણે વર્ણન કરે છે.

"પીર સતગુર નુર અથવા જેને નુર સતાગર પણ કહે છે, તે ઈ. સ. ૧૧૮૦ માં, પાટણ શેહેરમાં, સોલંકી ભીમરાજાના વખતમાં, આવ્યા હતા, અને કેટલાક લોકોને ઇસમાઈલી ધર્મમાં વટલાવ્યા હતાં."

"પીર શમ્સ ઇ. સ. ૧૪૫૮ માં કાશમીરમાં આવી, કેટલાકને ઇસમાઈલી ધર્મમાં વટલાવ્યા હતા"

"ઇ. સ. ૧૪૩૦ ની સાલમાં પીર સદરદીન હિંદુસ્તાન તરફ શાહ ઈસલામશાહ ના દાઇ તરીકે આવ્યા. અને પોતાનો વાસો સિંધમાં કીધો. અને હિંદુ ધર્મનો ઘણોં બારીકીથી અભ્યાસ કીધો, અને એક હિંદુ નામ ધારણ કરી, સોહદેવ જોશીને નામે ધર્મ શિક્ષણ શરૂ કીધું, અને પોતાની મહેનતના ફળ પામ્યા. ઘણા લોકોએ આ ધર્મ કબુલ્યો અને પીર સદરદીને કોટડા ગામમાં પહેલું જમાતખાનું જેને "ખાનાહ" નામથી ઓળખવામાં આવે છે તે સ્થાપ્યું. અને ત્રીકમ નામના મુરીદને મુખીની જગ્યા આપી, જેથી તે મુખી ત્રીકમના નામથી ઓળખાવા લાગ્યો, અને પીર ઘણા મુરીદોની સાથે "દરખાને" એટલે ઇમામનો રહેવાની જગાએ ગયા હતા. પીર સદરદીને દરખાનેથી પાછા ફરી, એ ધર્મને જલદીથી ફેલાવ્યો, અને જે લોક પીર સદરદીનના હાથે વટલ્યા, તેઓને આપણે "ખોજા" તરીકે ઓળખીએ છીએ.

ઉપરના લખાણથી માલમ પડે છે કે "ખોજા કોમના ઈતિહાસ" ના કર્ત્તા પણ સતગુર નુર, પીર શમ્સ અને પીર સદરદીને હિંદુઓને ઇસમાઇલી મઝહબમાં દાખલ કીધા હતા, એવો વાજબી મત જાહેર કરે છે. જો પીર સદરદીન ઇસના અશરી હોત અને હિંદુઓને ઈસના અશરી મઝહબમાં દાખલ કીધા હોત, તો પોતાના બોયેલા

મુરીદોને ઇસમાઇલી ત્રીશમા ઇમામ, શ્રી ઇસલામ શાહ પાસે દરખાને કદીપણ લઇ જતે નહીં. આ પુસ્તકના લખાણુમાં સાફ જણાવેલુ છે કે, પીર સદરદીન, ઇસલામ શાહ ના દાઇ તરીકે, આવ્યા હતા, અને મુરીદોને, મજકુર ઇમામને દરખાને, સાથે તેડી ગયા હતા. કોઇપણ તવારીખ નવેશ આ બીનાનો ઇનકાર કરી શકયો નથી. જો એ નામવર પીરો ઇસના અશરી હોત, અને મુરીદોને ઇસના અશરી મઝહબમાં દાખલ કીધા હોત તો તેઓ તેમને "સામરા" "કાઝમીન" તથા "તુસ ખુરાસાન" માં ઇસના અશરી ઈમામોની ઝીયારત કરવા લઈ જતે.

"ખોજા કોમના ઇતિહાસ" રચનારના મત મુજબ પણ સાફ સાબેત થાય છે કે માનવંતા પીર સદરદીને હિંદુઓને "ખોજા" ના માનવંતા લકબથી શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાં દાખલ કીધા હતા, માટે "ખોજા" લકબ ફકત શીઆ ઈમામી ઇસમાઇલીઓને ઘટારત તથા સજાવાર છે.

"ખોજા કોમના ઇતિહાસ" ના મજકુર લખાણુમાં બે ઠેકાણે ઈતિહાસિક સનની ભુલ થએલી અમોને દેખાય છે. પીર શમ્સ ઇમામ કાશમશાહ ના વખતમાં એટલે ઈ. સ. ૧૩૧૦ અને ૧૩૭૦ ની વચમાં, અને પીર સદરદીન ઇમામ ઇસલામ શાહના વખતમાં એટલે ઇ. સ. ૧૩૭૦ અને ૧૪૨૪ ની વચમાં હિંદુસ્થાનમાં આવ્યા હતા. પીર શમ્સ, પીર સદરદીનની પહેલાં આવી ગયા છે. પીર સદરદીનના સનમાં ઘણી ભુલ દેખાતી નથી, પણ પીર શમ્સના સનમાં દેખીતીજ ભુલ જણાય છે. પીર સદરદીનના સન ૧૪૩૦ અને પીર શમ્સના સન ૧૪૫૮ હોય, તો એમ ઠરે કે પીર સદરદીન પછી, પીર શમ્સ આવ્યા હતા, જે તદ્દન ભુલ ભરેલું છે.

---

# ચોખવટ નંબર નવમો.

## "નામદાર આગાખાનનો ટુંક ઇતિહાસ"ની સાબેતી.

## નામદાર આગાખાનનો ટુંક ઇતિહાસ.

પા. ૧૨-૧૩

મજકુર પુસ્તકના રચનાર મી. નવરોજજી માણેકજી દુમસ્યા લખે છે કે,

"આબાદી ભર્યા વેપાર, બાહોશી, સાહસ અને વફાદારીને માટે જાણીતી થયેલી મુંબઇની ખોજા કોમ ઉપર, નામદાર આગાખાન સરનશીન તરીકે બીરાજે છે. અસલમાં તો ખોજાઓ હિંદુઓ હતા મગર આગળ ચાલતાં, આપણે જોઈશું તેમ, તેઓને, પીર સદરદીન નામના પુરૂષે ઇસલામી દીનના ઇસમાઇલી તરીકામાં દાખલ કીધા હતા, જે પીર સદરદીનને હાલના આગાખાનના સોળમા વડવા, આગા ઇસલામશાહે, એજ સબબ સર, ઈરાનથી રવાના કીધા હતા."

## નામદાર આગાખાનનો ટુંક ઇતિહાસ.

પા. ૨૦-૨૧.

આ પુસ્તકના મજકુર પાનામાં પુસ્તક કર્ત્તા લખે છે કે,

"દશ અવતાર" નામે ખોજાઓની દીની કીતાબ છે. જેમાં અલીને ખુદાના એક અવતાર તરીકેજ લેખવામાં આવ્યો છે"

"ખોજાઓની એક પુરાતન વરદ, અથવા દરરોજની નમાજની કીતાબમાં મુરતઝાઅલીનું નસબનામું આવે છે, અને ત્યાંથી તે "આગાખાન" સુધી, તે વંશાવળી આશરે પચાશ નામોની હારમાં લંબાય છે. જે મીસાલે આપણે તવારીખ માંહેલા પાદશાહોનાં નામ સિલસિલાબંધ યાદ રાખીએ છીએ, તેજ મીસાલે, ખોજાઓ એ નસબનામા માંહેલા નામો મોઢે ગોખી રાખે છે. તેઓના નસલી યાને વંશપરંપરા ઉતરી આવેલા હકદાર પીર અથવા ઇમામ તે "આગાખાન" છે.

---

## નામદાર આગાખાનનો ટુંક ઇતિહાસ

પા. ૨૩.

આ પુસ્તકના મજકુર પાનામાં પુસ્તક કર્ત્તા લખે છે કે,

"ખોજાઓએ ઈસલામી દીન કબુલ કીધા પછી, તેઓએ શીઆ ઇસમાઇલી ઉપરાંત બીજો કોઈ પણ તરીકો અખતીયાર

કીધો હોય, એમ, આવી મોઅતેબર ગવાહી છતાં ધારવું, એ બેહુદું છે. અમોને આ વાતમાં તો કાંઈ શક નથી કે, એ કોમમાંથી જુદા પાડતા આસામીઓ મોડે વહેલે પોતાની ભુલ જોશે તો તે જોઇને, પશેમાન થએલાં ફરજંદો પોતાના બાપો આગળ પાછાં ફરે, તેજ મીસાલે, તેઓ પણ પોતાના હકદાર વાલીએ દીનના કદમ આગળ પાછા ફરશે."

"નામદાર આગાખાનનો ટુંક ઇતિહાસ" ના કર્તા, જે એક પારસી વિદ્વાન છે, અને ખોજાઓથી ગૈર કોમના છે, તેઓ પણ ખુલ્લી રીતે જોઈ શકયા છે કે, પાક ઇસમાઇલી ઇમામ ઇસલામ-શાહ ના હુકમથી પીર સદરદીને હિંદુસ્તાનમાં આવીને, હિંદુઓને શીઆ ઈમામી ઇસમાઇલી તરીકામાં દાખલ કીધા હતા. તેઓ ચોકસાઇ ભરેલા મજબુત અભિપ્રાયપર આવી શકયા છે કે, મોઅ-તેબર ગવાહીઓની હાજરીમાં, ખોજાઓએ ઇસલામી દીન કબુલ કીધા પછી, તેઓએ શીઆ ઇસમાઇલી ઉપરાંત બીજો કોઇપણ તરીકો અખતીયાર કીધો હોય, એમ ધારવું બેહુદું છે. પરકોમના વિદ્વાનો આ ચોખવટ ખુલ્લે ખુલ્લી રીતે જોઇ શકયા છે, ત્યારે જેમના બાપદાદાઓ પાંચસો વરસો થયાં, એ શીઆ ઈમામી ઇસમાઇલી તરીકામાં ચાલતા આવેલા છે અને જેઓ પોતે પણ આ દુનીઆમાં પોતાની હસ્તી પછી, એજ તરીકામાં હતા, અને ત્યાંથી મુસાફરી કરીને બીજા તરીકામાં સીધાવી ગયા છે, તે લોકોને આ ચોખવટ નવેસરથી શરૂ કરવાને કયાં વાજબી કારણો મળ્યાં હશે? ખોજાઓને હિંદુઓમાંથી ઇસલામમાં દાખલ કરનાર પીરો ઇસનાઅશરી હતા, અને તેઓએ ખોજાઓને ઇસનાઅશરી મઝ-હબમાં દાખલ કીધા હતા એવી તેમની પોકળ માન્યતા પાછી નવેસરથી કયાંથી આવી હશે? એ નવી માન્યતામાં જુઠ અને જાહેલીયત સિવાય, બીજું કાંઇ નજરે પડતું નથી.

"નામદાર આગાખાનનો ટુંક ઇતિહાસ" એ પુસ્તકને આધારે પણ સાફ ચોખવટ સાબીત થાય છે કે માનવંતા પીર સદરદીને હિંદુઓને "**ખોજા**" ના માનવંતા લકબથી, **શીઆ ઇમામી ઇસમાઇલી** તરીકામાં દાખલ કીધા હતા, માટે "**ખોજા**" લકબ ફકત **શીઆ ઇમામી ઇસમાઈલીઓનેજ** ઘટારત તથા સજાવાર છે.

માનવંતા પીર સદરદીન સાહેબ પોતે **શીઆ ઇમામી ઇસમાઇલી** હતા, તથા તેઓએ હિંદુઓને **શીઆ ઈમામી ઇસમાઈલી** તરીકામાં દાખલ કીધા હતા. તેઓ કદીપણ **ઇસના અશરી** નહીં હતા, તેમ પોતાના બોધેલા મુરીદોને તેઓએ **ઈસનાઅશરી** તરીકામાં કદીપણ દાખલ નહીં કીધા હતા, એ બીના જુદા જુદા પુસ્તકોને આધારે સાબીત કર્યા પછી, હવે અમારી દલીલના વધારે ટેકા માટે, **મુંબઇની હાઇ કોર્ટમાં** થએલા ચુકાદા, તથા **મુંબ-ઈની હાઇ કોર્ટ** થી પુરવાર થએલી ચોખવટ ઉપર, થોડું વીવેચન કરશું.

# ચોખવટ નંબર દશમો.

## ધી ખોજા કેસ.

### નામદાર જજ, ઓનરેબલ જસ્ટીસ, સર જોસફ આરનોલ્ડના ચુકાદાની સાબેતી.

ચુકાદો અપાયો, તા૦ ૧૨ મી નવેંબર ૧૮૬૬.

આ અગત્યના કેસમાં **મુંબઇની હાઇ કોર્ટ**ના બાહોશ અને નામાંકિત નામદાર જજ, ઓનરેબલ જસ્ટીસ, **સર જોસફ આરનોલ્ડ** સાહેબે ચુકાદામાં જણાવ્યું છે કે,

"કંઇ પણ, આ વિષે, વધારે કહેવાનું જરૂરનું નથી. મારી આગળ જે મુખ જુબાની આપવામાં આવેલી છે, તે ઉપર, પુરતી રીતે વિચાર કર્યાથી, મારો ખુલ્લો અભિપ્રાય એ છે કે ખોજાઓ કદી પણ **સુન્ની** હતા નહીં, અને ( મુંબઈમાં વાદી તથા તેઓના સાથી સિવાય ) બીજા સઘળા ખોજાઓ **ઇમામી ઇસમાઇલી** મારગના છે. ખોજા જ્ઞાત બાબત બરાબર વિચાર આપવાને કોર્ટ હવે શકતીવાન થઇ છે. એ જાતના લોકોના વડાવા, યાને, બાપદાદા અસલ હિંદુ હતા, જે લોકોને **શીઆ ઇમામી ઇસમાઇલી** મઝહબમાં, પેહેલ વેહેલા, વટલાવવામાં, યાને, દાખલ કરવામાં આવ્યા હતા, અને જે મઝહબમાં, હજુ તેઓ રહ્યા છે, અને, જેઓ, **ઇસમાઈલીઓના** વારસદાર ઇમામોને, ધરમ સંબંધી વફાદારીના કામથી, હમેશાં અને હાલપણ બંધાએલા છે."

આ જાણીતો મુકદ્દમો ખોજા કેસ અથવા આગાખાન કેસ ને નામે ઓળખાય છે. એ મુકદ્દમામાં બંને પક્ષના ધારાના હિમાએતીઓની તકરાર સાંભળતાં અને બંને પક્ષના સાક્ષીઓની જબાની લેતાં પચીશ દીવસ લાગ્યા હતા. આટલી લાંબી મુદત સુધી, સંભાળ ભરેલી રીતે, બંને પક્ષોની દલીલો સાંભળીને, તથા મુંબઇની હાઇકોર્ટના જજ તરીકેની પોતાની જોખમદારી સમજીને, એ નામદાર જજે, ચુકાદો આપ્યો છે, તે બરાબર પ્રમાણ રૂપજ ગણાવો જોઈએ. એ નામદાર છેવટના જે અનુમાન ઉપર આવી શક્યા છે, તે એ છે કે, ખોજાઓના બાપદાદા અસલ હિંદુ હતા, અને તેઓને શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાં, પ[illegible] વહેલા, દાખલ કરવામાં આવ્યા હતા. મુંબઇ હાઇકોર્ટના જજ તરીકેની જોખમદારીનો તોલ કરતાં, અને મુંબઇ હાઇકોર્ટના જજ તરીકે બીરાજનારની વિદ્વતા તથા સત્ય અસત્યનું વજન કરવાની શક્તિનો ખીઆલ કરતાં, કાંઈપણ શક વગર, તેઓના ખેંચેલા સારસાથે અક્ષરે અક્ષર મળતા થવામાંજ આપણું ડહાપણ સમાએલું જોવામાં આવશે. પોતાના મહાન ઓદ્ધા તથા જોખમદારીનો ખ્યાલ કરી, તેઓએ જેટલી બારીકી તથા ઉંડાણથી એ સવાલનું માપ કીધું હશે, તેના કરતાં વધારે સારી રીતે, બીજો કોઇ ભાગ્યેજ શકિતવાન થઇ શકે.

મુંબઇ હાઈકોર્ટના નામદાર જજ, ઓનરેબલ જસ્ટીસ, સર જોસફ આરનોલ્ડના ચુકાદા પ્રમાણે પણ ચોખવટ એ નીકળે છે કે, માનવંતા પીર સદરદીને હિંદુઓને ઇસનાઅશરી મઝહબમાં કદીપણ દાખલ કીધા નથી. પરંતુ "ખોજા"ના માનવંતા લકબથી તેઓને શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાં દાખલ કીધા હતા, માટે "ખોજા" લકબ ફકત શીઆ ઇમામી ઇસમાઇલીઓનેજ ઘટારત તથા સજાવાર છે.

---

# ચોખવટ નંબર અગીયારમો

## હાજીબીબી વિરૂદ્ધ નામદાર આગાખાન તથા બીજાઓ

કેસ નંબર ૭૨૯ ઇ. સ. ૧૯૦૫

**મી. ઇનવેરારીટીના ભાષણની સાબેતી.**

મુંબઇ હાઇકોર્ટમાં ચાલેલા મજકુર યાદગાર મુકદમામાં, **નામદાર આગાખાન**, સર **સુલતાન મહુમદશાહ** જી. સી. એસ. આઇ. તરફથી રોકાએલા ધારાના હીમાએતી બેરીસ્ટર, મી. ઇનવેરારીટીએ પોતાના વિદ્વતા ભરેલા ભાષણમાં જણાવ્યું હતું કે,

" **નામદાર આગાખાન** તથા તેમના ટોળાના ખોજાઓ **ઇસના અશરી** છે, એવી વાદીઓની વાત એક નવી કલ્પના કરવા જેવી છે. તેઓ તે માટેનો કાંઇ પણ પુરાવો આપી શકયા નથી, અને સાક્ષીઓએ તેવી કેટલીક વાતો કરી છે, પણ તે આધાર વિનાની છે. નામદાર કોરટેજ આ બાબતમાં ઠરાવ્યું છે કે, નામદાર આગાખાન **ઇસના અશરી** નથી પણ **ઇસમાઇલી** છે, અને તેમના ટોળાના ખોજાઓ **ઇમામી ઇસમાઇલી** છે. વળી તેમાંજ એમ કબુલ રાખવામાં આવ્યું છે કે, તેઓ ૪૬ મા ઇમામ છે "

" વાદી તરફના મહુવા તથા **ભાવનગરવાળા** કમીશનમાં તેઓએ પહેલાં એવું કદી કાંઇપણ દેખાડવા કોશશ કરી નથી, કે **દુઆ**

અને **જ્ઞાન** થોડા વખતપરજ **શોધી** કાઢવામાં આવ્યા હતા, પણ છેલા થોડા વખત દરમીયાન, તેવા સવાલો સૂચવવામાં આવ્યા હતા. જ્ઞાનમાં સમાએલા "**આલ અલી**" "**ઔલાદ અલી**" ફકરાના અર્થ મુરીદો તરફથી "**અલીની ગાદીપરના, અલીના વંશજ ઇમામ**" તરીકે, કરવામાં આવ્યાથી, જ્ઞાન ઉપરથી તેઓનું કાંઇ વળવાનું નથી, એવું જોઇને, વાદી પક્ષ ગભરાઇ ગયો હતો, માટે, ખોજા અસલ **ઇસના અશરી** હતા, તેમના ઈમામ પણ **ઈસના અશરી** છે, અને **કુરાને શરીફ** ના હુકમ પ્રમાણે, ખોજાઓ નજર આપે છે, તેમાં ઔલાદનો ભાગ લાગુ થાય છે, એવો રસ્તો ગ્રહણ કર્યો હતો, અને દુઆ તથા **જ્ઞાન** ને આ **હાજર** ઇમ[illegible] ના વખતની નવી બનાવટ તરીકે રજુ કરવા લાગ્યા હતા.. **કમીશન બુક** ને પાને ૨૮૯ તથા ૩૦૩ માં, તેઓનાજ સાક્ષીની જબાની પરથી, એ બાબત ખોટી સાબીત થાય છે. એ જબાની એમ બતાવે છે, કે, સંવત ૧૯૨૦ અને ૧૯૩૫ .માં **હુસન અલી** શાહે હુકમો કાઢી "**બાર ઈમામ**" ની મજલસોમાં અને મોલવીઓ પાસે જતાં, પોતાના મુરીદોને અટકાવ્યા હતા. જેઓએ તે હુકમ માનવા ના પાડી, તેમને નાતબહાર કરવામાં આવ્યા. હવે આ વાત, **હુસનઅલી** શાહ **ઇસનાઅશરી** હતા, એ બીના સાથે બંધ બેસતી કેમ થઇ પડે ? ખરૂં તો એ છે કે, **હુસનઅલી** શાહ **ઇસનાઅશરી** હતાજ નહીં, તેઓ **શીઆ ઇમામી ઇસમાઇલી ઇમામ** હતા. જેઓ **ઇસનાઅશરી** પંથના છે, તેઓ **ગીનાન** કે દુઆ માનતા નથી. અને તેઓ તે પડતા પણ નથી"

ખોજાઓ **શીઆ ઇમામી ઇસમાઈલી** છે, અને **ઇસનાઅશરી** થી જુદા છે, એ બતાવવા માટે, મી૦ ઇનવેરારીટીએ કેટલાક **ચુકાદા, એશીયાટીક કવાટરલી રીવ્યુ, મેકમીલન** ગેઝેટ વગેરેમાં આવેલાં આગાખાની ટોળાને લગતાં લખાણો ઉપર નામદાર કોર્ટનું ધ્યાન ખેંચ્યું હતું.

મી. ઇનવેરારીટીના ભાષણના મજકુર સાર પરથી ખોજાઓને અસલ કયા મજહબમાં દાખલ કરવામાં આવ્યા હતા, તે ખુલ્લી રીતે જાણવાને બની આવેછે. મુંબઇની હાઇકોર્ટમાં મી૦ ઇનવેરારીટી જેવા બાહોશ વિદ્વાન સત્તાધારી બેરીસ્ટરે જે સાર પોતાના ભાષણમાં રજુ કર્યો છે તેની મજબુતી વિષે કાંઇપણ શક ધરાવી શકાશે નહીં. અમે આગળ ચાલતાં જણાવીશું તેમ એ જાણીતો મુકદ્દમો સાંભળનાર વિદ્વાન નામદાર જજ, ઓનરેબલ જસ્ટીસ, મી.રસલ પણ લાંબી તપાસ પછી મી. ઇનવેરારીટીના ખેંચેલા એ સાર સાથે એકમત થયા હતા, અને એ પુરાવો સાબીત થયેલો ગણીને તેઓએ પોતાનું જજમેંટ આપ્યું હતું.

મી. ઇનવેરારીટીના ભાષણ પરથી પણ એજ સામાન્ય ચોખાવટ થાય છે કે માનવંતા પીર સદરીને હિંદુઓને “ખોજા” ના માનવંતા લકબથી શીઆ ઇમામી ઇસમાઈલી મઝહબમાં દાખલ કીધા હતા, માટે “ખોજા” લકબ ફક્ત શીઆ ઇમામી ઇસમાઈલીઓનેજ ઘટારત તથા સજાવાર છે.



# ચોખવટ નંબર બારમો.

## હાજી બીબી વિરૂદ્ધ નામદાર આગાખાન તથા બીજાઓ

કેસ નંબર ૭૨૯ ઇ. સ. ૧૯૦૫

### ઇસમાઇલી હાજર ઇમામ, નામદાર આગાખાન
### સર સુલતાન મહુમદ શાહ જી. સી. એસ. આઇ. ની એફીડેવીટ
### તથા મુખજુબાનીની સાબેતી

મુંબઈની હાઇકોર્ટમાં ચાલેલા મજકુર મુકદમામાં, ઈસમાઇલી હાજર ઇમામ નામદાર આગાખાન સર સુલતાન મહુમદશાહ જી. સી. એસ. આઈ. પહેલા પ્રતિવાદી હતા. તેઓએ બચાવનામાની એફીડેવીટ (કસમ ઉપર ઇકરાર નામું) દાખલ કરી હતી તેમાં નીચેની મતલબનો પોતાનો ઇકરાર રજુ કીધોહતો.

---

## નામદાર આગાખાનના એફીડેવીટનો એક ભાગ

**નામદાર આગાખાને જણાવ્યું કે,**

"અત્રે અમારા કુટુંબની ટુંક તવારીખ આપવી વાજબી છે. જેથી કરી, આ મુકદમાની સઘળી સમજણ બરાબર પડશે. **મુસલમાનો**

બે કોમમાં વહેંચાએલા છે. (૧) **શીઆ** (૨) **સુન્ની. શીઆ** લોકોમાં પણ જુદી જુદી તડ છે, જેમાં એક શીઆ **ઇસના અશરી** છે તથા બીજા, શીઆ **ઇસમાઇલી** છે, જેઓમાં કેટલોક ધારમિક મતફેર છે.

આશરે ચારસો વરસની વાત ઉપર, મારા એક વડવા, શાહ **ઇસલામશાહે** પીર સદરદીનને, હિંદુસ્થાન ખાતે, મીશનરી તરીકે મોકલ્યા, અને તેમણે **ખોજાઓ**, કે જે પહેલાં હિંદુ હતા, તેઓને, મુસલમાની ધરમમાં વટલાવ્યા હતા. પેહેલાં **સિંધમાં** વટલાવવામાં આવ્યા, ત્યારપછી, **કછ, કાઠીઆવાડ, ગુજરાત** અને **મુંબઈ** ખાતે વટલાવવાનું કામ આગલ ચાલ્યું હતું. ખોજાઓને વટલાવ્યા પછી, તેઓ **ઇરાનના** જુદા જુદા ભાગોમાં, જયાં મારા વડવાઓ, **ઇમામો** હતા, ત્યાં **દરખાને** જતા હતા. શરૂઆતથી એ ખોજાઓ મારા વડવાઓને નાણાની બક્ષીસો કરતા હતા. જયારે મારા વડવાઓ **ઇરાનમાં** હતા, ત્યારે તેમના ઉપર, ખોજાઓ તરફથી, એવી રીતે, સોગાદો મોકલવામાં આવતી હતી, અને ખાસ પેગામચીઓ ચામડાની કોથળીમાં નાણાની રકમ લઈ જતા હતા, અને પાછળથી, હુંડી રૂપે, એ નાણું મોકલવામાં આવતું હતું. **ઇમામો** તરીકે, એ નાણું તેમને મળતું હતું, અને તે તેમની **પોતાની મીલકત** ગણાતી હતી મારા એક વડવા, શાહ **અબુલ હુસન,** કેરમાનના ગવરનર હતા. બીજા મારા વડવા, શાહ **ખલીલુલ્લાહ,** ઇરાનમાં રેહેતા હતા, ત્યાં તેમને ઇ. સ. ૧૮૧૭ માં શહીદ કરવામાં આવ્યા હતા. ઇ. સ. ૧૮૩૮ માં મહુમદ હુસેન અલ હુસેની (આગા શાહ હુસનઅલી) બલુચીસ્તાનને રસ્તે થઈને, સિંધ ખાતે આવ્યા હતા. અફઘાન લડાઈ વખતે, તેઓએ બ્રીટીશ સરકારની લશ્કરી સેવા સારી બજાવી હતી, જેના બદલામાં તેઓને રૂ. ૩૦૦૦ ત્રણ હજારનું પેનશન થયું હતું. પાછળથી રૂ. ૧૦૦૦ એક હજારનું પેનશન થયું હતું. એ પેનશન હજુ ચાલુ છે. ઇ. સન ૧૮૪૫ માં, મારા બપાવા મુંબઇ

આવ્યા અને ત્યાં વસવાટ કર્યો, ત્યારથી **શીઆ ઇસમાઈલી ઇમામની** બેઠક, દરખાનું, મુંબઇમાં થયું હતું, અને તેઓના પક્ષકારો એટલે મુરીદો તેવણુને **ઇમામ** તરીકેનું માન આપવા, દુનીઆના સઘળા ભાગોમાંથી, અહીં મુંબઇમાં, આવતા હતા. ઈ. સ. ૧૮૬૫ માં કેટલાક ખોજાઓ, કે જેઓ મારા બપાવાથી જુદા પડયા હતા, તેઓએ મુંબઇની હાઇકોર્ટમાં ફરીયાદી માંડી હતી. ઇ. સ. ૧૮૬૬ માં ઓનરેબલ જસ્ટીસ. **સર જોસફ આરનોલ્ડે** ચુકાદો આપતાં જણાવ્યું કે "ખોજાઓને જયારે પહેલાં વટલાવવામાં આવ્યા હતા, ત્યારે તેમને **શીઆ ઇમામી ઇસમાઇલી** ધરમમાં વટલાવવામાં આવ્યા હતા, અને **નામદાર આગાખાનને** જે કાંઇ ભેટો મળતી હતી, તે તેઓની પોતાની હતી."

એ પછી **નામદાર આગાખાન** મજકુર એફીડેવીટમાં પોતાના કુટુંબની વધુ તવારીખ આપે છે, અને છેવટે પોતે **શીઆ ઇમામી ઇસમાઇલી ઇમામ** ની ગાદી ઉપર આવ્યા, તે વિષે લંબાણથી હકીકતો દરશાવે છે.

---

## નામદાર આગાખાનની મુખ જુબાની.

તા૦ ૨૮-૩૦ જુલાઇ ૧૯૦૮.

આ મુકદમાના પહેલા પ્રતિવાદી, **ઇસમાઇલી** હાજર ઇમામ, **નામદાર આગાખાન, સર સુલતાન મહમદશાહ જી. સી. એસ. આઇ.** તેઓએ મી. ઇનવેરારીટીની તપાસમાં જબાની આપી છે, તે સવાલ જવાબના રૂપમાં નીચે લખવામાં આવે છે. મી. ઇનવેરારીટી સવાલ પુછે છે, અને **નામદાર આગાખાન** જવાબ આપે છે.

મી. ઇનવેરારીટી તરફનો સવાલ-ખોજાઓ જે જ્ઞાનને માને છે, તેના ભાવાર્થ તમને યાદ હોય તો કહો.

નામદાર આગાખાન તરફનો જવાબ-ખોજાઓને પીર સદરદીને શીઆ ઇમામી ઇસમાઇલી ધર્મમાં વટલાવ્યા હતા, અને શાહ ઇસલામશાહ, જે તે વખતે ઇમામ હતા, તેમને, તેઓના ઇમામ તરીકે, દેખાડવામાં આવ્યા હતા.

સ૦ તમે, કોઇપણ વખતે ઇસનાઅશરી હતા?

જ૦ એ બીલકુલ ખોટું છે.

સ૦ તમે, આ મુકદ્દમા અગાઉ, કદીપણ એવું કહ્યું હતું કે તમારા પીતા અને તેમના પીતા ઇસના અશરી હતા?

જ૦ કદી નહીં.

સ૦ તમારા પિતા મરણ પામ્યા, ત્યારે તમારી ઉમર કેટલી હતી?

જ૦ આશરે આઠ વરસની.

સ૦ તેવણે ધરમને લગતું જ્ઞાન તમને પોતાની હયાતીમાં આપ્યું હતું?

જ૦ હા, તેવણે મને જણાવ્યું હતું કે તેવણ ઇમામ હતા, અને તેમણે અલીનું નુર વંશપરંપરાથી અલી તરફથી મેળવ્યું હતું. તેવણ ૪૭ માં ઇમામ હતા, અને તેમના પિતા ૪૬ મા ઇમામ હતા. ઇમામી ઇસમાઇલીઓના ઇમામ.

સ૦ તમારા પિતાએ પોતાની હયાતીમાં તમને વારસ નેમ્યા હતા

જ૦ હા. મને મારા પિતા જ માતખાનામાં લઇ ગયા, અને જમાતને મને દેખાડી, મને પોતાનીજ સાથે ગાદીપર બેસાડી, મારા હાથને બોસો દેવા જમાતને હુકમ કર્યો. હજારો ખોજાઓએ મારા હાથને બોસો દીધો,

સ૦ તમારા પિતાના વારસ થયા પછી, તમે કેટલે દીવસે જમાતખાનામાં જવા માંડયું ?

જ૦ તરતજ, ઇમામ તરીકે.

સ૦ ખોજા સિવાય બીજાપણ તમને માનનાર છે ?

જ૦ હિંદુસ્થાન અને આફ્રિકા માં ઘણા ગુપ્તિઓ મને માને છે. ઇરાન માં ઘણા ઇસમાઇલીઓ મને ઈમામ તરીકે માને છે. અફ્ઘાનિસ્તાન, રશીઅન મધ્ય એશીઆ, ચીનાઇ તુર્કસ્તાન, સીરીઆ, મિસર, ભૂમધ્ય લીટી, તથા ઉત્તર આફ્રિકા માં પણ મારા ઘણા મુરીદો છે. હિંદુ ગુપ્તિઓને હું શીઆ ઇમામી ઇસમાઇલી ગણું છું. ઇરાનમાં મારા મુરીદોને "અતીએ ઈલાહી" (ખુદાના બક્ષેલા) મધ્ય એશીઆમાં તેઓને "મૌલાઇ" સીરીઆ ઇજીપ્ત અને ઉત્તર આફ્રિકામાં તેઓને "ઈસમાઇલી" કહેવામાં આવે છે, સીરીઆમાં "દ્રુસીસ" ને નામે પણ તેઓને બોલાવવામાં આવે છે. અફ્ઘાનિસ્તાનમાં તેઓ મૌલાઈ" કહેવાય છે, અને અત્રે આવતાં, તેઓને "બદકશાની" કહે છે.

સ૦ તમારા મુરીદો માટે, તમે નવો ધર્મ શોધી કાઢયો છે?

જ૦ ના, એ ખોટું છે.

સ૦ તમે ગુજરાતી "દુઆ" શોધી કાઢી છે ?

જ૦ ના.

સ૦ અને કોઇ નવી બંદગી?

જ૦ એક શબ્દ પણ નહીં.

સ૦ " જ્ઞાન " થોડા વખત ઉપર શોધી કાઢવામાં આવ્યા છે, એ શું ખરૂં છે?

જ૦ ના, એ ખોટું છે.

સ૦ તમે ખોજાઓના ધર્મમાં કાંઇ નવો ઉમેરો કર્યો છે?

જ૦ નહીં.

સ૦ હુસન અલી શાહ, અલી શાહ અને તમને પેશ ઇમામ જેવા ગણુવામાં આવે છે એ ખરૂં છે?

જ૦ ખોટું છે.

સ૦ પેશ નમાઝ અને પેશ ઇમામ એકજ છે કે?

જ૦ હા, તેવા પેશ નમાઝ એટલે પેશ ઇમામ દુનીઆમાં હજારો છે, અને તેઓને રૂ૦ ૨૦ વીશથી રૂ૦ ૩૦ ત્રીશનો પગાર મળેછે.

સ૦ પેશ નમાઝ અથવા પેશ ઇમામને નઝર ધરાવવામાં આવે છે, અથવા તેઓના મુરીદો હોય છે, એવું તમે કદી સાંભળ્યું છે કે?

જ૦ જે રીતે મને નઝર મળે છે, અને મારા મુરીદો છે, તે રીતે તો, નહિંજ.

સ૦ હુસનઅલી ઇસમાઇલી હતા, તેના તમે શું સબબો આપી શકો છો?

જ૦ તેનાં કેટલાક કારણો છે.

(૧) ઇ૦ સ૦ ૧૮૬૬ ના મુકદમામાં, મી૦ હાવરડે તેમને ઈસમાઈલી ઇમામ તરીકે વર્ણવ્યા હતા.

(૨) ઇ૦ સ૦ ૧૮૫૦ ના મુકદમા વખતે, પોતાના સ્ટેટમેંટમાં તેઓ પોતાને ઇમામ તરીકે જણાવે છે, અને પોતાના મુરીદોને ઇમામી ઇસમાઇલીઓ અને ઇસમાઇલીઆ તરીકે વરણાવે છે. એ ફીરકાને પ્રાચીન પંથ તરીકે જણાવી, અલા જીકરીઆસલામ નો દાખલો રજુ કરે છે, કે જે ઇસમાઇલીઓના જાણીતા ઇમામ હતા.

(૩) સર જોસફ આરનોલ્ડ પોતાના ચુકાદામાં હસન-અલી ને ઇસમાઇલીઓના ઇમામ તરીકે જણાવે છે.

(૪) અંગ્રેજીમાં "વોટસન્સ હીસ્ટરી ઓફ પરશીઆ" "મારકો પોલો" "યુલ્સ નોટસ ઓન મારકો પોલો" "ટ્રાંસલેશન બાઈ ડોકટર રોઝ ઓફ કલકત્તા, ઓફ ધી તારીખે રશીદી" ફારસી પુસ્તકોમાં, "નાસેખુત તવારીખ" "રોઝતુસ સફા" અને અરેબીકમાં, "નેશનલ ડીકશનેરી ઓફ બાઇઓ-ગ્રાફી" એટલે "ઈબને ખલકાન" વગેરે મુખ્ય પુસ્તકોમાં અમારા પંથને ઇસમાઇલી તરીકે વરણ-વામાં આવ્યો છે.

(૫) મારા દાદા ઇ. સ. ૧૮૪૦ ની સાલમાં હિંદુસ્થાનમાં આવ્યા હતા, અને ઇ. સ. ૧૮૮૧ માં મરણ પામ્યા હતા. તમના હજારો ગુપ્તિઓ મુરીદો હતા, જેઓ ગુજરાત, પંજાબ, વગેરેમાં રહેતા હતા. તેઓ

સુન્નત કરાવતા નહીં, અને લાશોને બાળતા હતા. ઇસના અશરી ધરમ પ્રમાણે, આવા માણુસો દોજખમાં જાય છે. મારા દાદાએ તેમને એ રીતીઓ પ્રમાણે ચાલવા દીધા, તેજ સાબીત કરે છે કે તે પોતે ઇસના અશરી હતા નહીં. તેમના એક શબ્દથી તેઓ મેહોમેદન રીવાજ એખતીયાર કરત,

( ૬ ) હસન અલીના વખતમાં "દુઆ" પઢવામાં આવતી, હતી, તે ઇસના અશરી કદીપણ પઢે નહીં.

( ૭ ) મારા બાપે જયારે મને "ધારમિક નુર" આપ્યું, ત્યારે તેણે મને કહ્યું હતું કે, તે પોતે ઇમામ હતા, તેના બાપ પણ ઈમામ હતા, અને અલી સુધીના તેના બધા પૂર્વજો ઇમામ હતા, જે, કોઇ ઇસના અશરી માનેજ નહીં

( ૭ ) જમાતખાનામાં ઇમામો તરફથી અમુક ચોકસ ક્રિયાઓ મારા દાદાના વખતમાં પણ થતી હતી, જે, કોઈ પણ ઇસના અશરી કદી કરેજ નહીં."

ઇસમાઇલી દીનના રાહનુમા, પેશવા, પાક હાજર ઇમામ, નામદાર આગાખાન, સર સુલતાન મહમદશાહ જી. સી. એસ. આઈ. જેવા મહાન કિર્ત્તિવંત અને બુલંદ મરતબાના સાહેબે નામદાર બ્રીટીશ સરકારની ન્યાયની હાઇકોર્ટમાં, પોતાની એફીડેવીટ તથા મુખ-જબાનીમાં, જે બીનાઓ જણાવી છે, તે અક્ષરે અક્ષર સાચી મનાવીજ જોઇએ. નામદાર આગાખાન તરફની ચોખવટ પ્રમાણે પણ, માનવંતા પીર સદરૂદીન સાહેબ પોતે શીઆ ઈમામી ઇસમાઇલી હતા, અને "ખોજા" ના માનવંતા લકબથી તેઓએ હિંદુઓને

શીઆ ઈમામી ઇસમાઈલી મઝહબમાં દાખલ કીધા હતા' માટે "ખોજા" લકબ ફક્ત શીઆ ઇમામી ઇસમાઇલીઓને ઘટારત તથા સજાવાર છે.

ઇસમાઇલી હાજર ઇમામ, નામદાર આગાખાન સાહેબે ગુપ્તિ હિંદુઓની રાહ રસમો ચાલવા દેવાવિષે, પોતાની મુખજબાનીમાં જણાવ્યું છે કે, "તેમના દાદાએ ગુપ્તિ હિંદુઓને હિંદુ રાહરસમમાં ચાલવા દીધા હતા. તેઓના એક શબ્દથી તેઓ મેહોમદન રીવાજ અખતીયાર કરત."

આ ઉપરથી એક ઘણીજ અગત્યની બીના ધ્યાનમાં લેવા જોગ થઇ પડે છે, તે એ છે કે, ઇસમાઇલી ઇમામો પોતાના મુરીદોને પાક ઇસલામનો બુલંદ કલમો પડાવ્યા પછી, મુરીદોને, કોઇ પણ રીતે, અગવડતામાં મુકનારી, ઇસલામની બાહારની રાહ રસમો જોરાવરીથી પળાવીને મુરીદોના દીલ રંજીદા કરતા નથી. ઇસલામની બહારની રાહ રસમો, સખતાઇથી અમલમાં મુકવા કરતાં, મુરીદોની જુની, તેમના દીલને પસંદ થયેલી, તથા તેમને સગવડ પડતી, નિર્દોષ રાહ રસમો ચાલુ રહેવા દઇ, મુરીદોને રાજી રાખવામાં, તેઓ ઉંડી ફીલોસોફી સમજે છે. ઇસમાઇલીઓની કેટલીક બહારની રાહ રસમો જોઇને, ઉંડી તપાસ નહીં કરનારા, તેઓનાં દીન વિષે, અનેક તર્ક વિતર્કો કરે છે, પણ ઉંડી તપાસ કરનારને સાબેત થશે કે, ખોજાઓ પાક દીન ઇસલામ પાળનારા છે, અને તેઓ પાક દીન ઇસલામનો શીઆ ઇમામી ઇસમાઈલી તરીકો ધરાવે છે.

# ચોખવટ નંબર તેરમો.

## હાજી બીબી વિરૂધ નામદાર આગાખાન તથા બીજાઓ

કેસ નંબર ૭૨૯ ઈ.સ. ૧૯૦૫

નામદાર જજ, ઓનરેબલ જસ્ટીસ, મી. રસલનું જજમેંટ

ચુકાદો અપાયો, તા. ૧ સપટેંબર ૧૯૦૮.

"હવે આ બાબત સિદ્ધ થએલી ગણાવી જોઈએ કે આશરે ૪૪૨ વરસ ઉપર તેઓને (ખોજાઓને) પીર સદરદીને વટલાવ્યા હતા. ખોજા જ્ઞાતીના મોટા ભાગની દંતકથા પ્રમાણે, નામદાર આગાખાનના એક વડવા ઇસલામશાહ તરફથી પીર સદરદીન ખુરાસાનથી ઇસમાઇલી મીશનરી તરીકે આવ્યા હતા, અને ઇસલામ દીનના જે મઝહબનું શિક્ષણ આપ્યું તે મઝહબ શીઆ ઇમામી ઇસમાઇલી હતો, સર જોસફ આરનોલ્ડે જે પ્રખ્યાત કેસનો ફેંસલો કીધો છે, તેમાં તે વિદ્વાન જજે જુદી જુદી દલીલોથી સાબીત કીધું છે કે, વંશપરંપરાથી ચાલતા આવેલા ઇસમાઇલી ઇમામોમાંના ઇસલામશાહ તરફથી પીર સદરદીન એક દાઇ મીશનરી તરીકે આવ્યા હતા, અને તેમણે પેહેલાં ખોજાઓને ઇસલામ દીનના શીઆ ઈમામી ઈસમાઈલી મઝહબમાં દાખલ કીધા હતા. સર જોસફ આરનોલ્ડે જે દલીલો રજુ કીધી છે, તે દલીલોને હીલાવવા માટે, વાદી પક્ષવાળા કાંઇ કોશેશ કરી શકયા નથી."

# મુંબઇ લૉ રીપોર્ટ.

### વોલ્યુમ ૧૧, સને ૧૯૦૯ માસ એપ્રિલ.

મજકુર લૉ રીપોર્ટને પાને ૪૦૯ મે, જાહેર લખાણ આવેલું છે, તેનો ગુજરાતી તરજુમો અમારા વાંચનારાઓની હજુરમાં મુકીએ છીએ.

"ઈમામ ઇસલામ શાહના વખતમાં, પીર સદરદીનને હાથે, ખોજાઓના વડવા **શીઆ ઇમામી ઈસમાઇલી** મઝહબમાં દાખલ થયા હતા. નામદાર આગાખાન ઇસનાઅશરી નથી, પરંતુ તેઓ **શીઆ ઇમામી ઇસમાઇલીઓના** વંશપરંપરાથી ઉતરતા આવેલા સરદાર હાજર ઇમામ છે. નામદાર આગાખાનને માનનારા ખોજાઓ અસલથીજ, **શીઆ ઈમામી ઇસમાઇલી** તરીકે ચાલ્યા આવે છે, અને હજુ પણ **શીઆ ઇમામી ઇસમાઇલી** છે. તેઓ ઇસનાઅશરી નથી, તેમજ કદીપણ, ઇસનાઅશરી નહીં હતા.

મુંબઇની હાઇકોર્ટના બાહોશ વિદ્વાન નામદાર જજ, ઓનરેબલ જસ્ટીસ, મી. રસલ તથા મુંબઇના લૉ રીપોર્ટ તરફની વજનદાર સાબેતીઓ તથા નિર્ણય પરથી, લેશ માત્ર પણ શંકા સિવાય વાંચનારને સાબીત થઇ શકશે કે માનવંતા પીર સદરદીન કદી પણ ઇસના અશરી નહીં હતા, નામદાર આગાખાન તથા તેમના વડવા ઇમામો કદીપણ ઇસના અશરી નહીં હતા. માનવંતા પીર સદરદીને હિંદુઓને ઇસના અશરી મઝહબમાં દાખલ નહીં કીધા હતા, પણ "ખોજા" ના માનવંતા લકબથી તેઓને **શીઆ**

ઇમામી ઇસમાઇલી મઝહબમાં દાખલ કીધા હતા, માટે "ખોજા" લકબ ફક્ત શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબ ધરાવનાર નેજ ઘટારત તથા સજાવાર છે.

ધારમિક, ઈતિહાસિક, તથા રાજદ્વારી સઘળા પુરાવા સાથે ચોખવટ કરવા અમોએ પ્રયત્ન કર્યો છે, અને અમારા અનુભવનું પરિણામ ઇનસાફી વાંચનારા માટે, જાહેરીમાં મુકેલું છે. જે બાજુમાં સત્યતા જણાય તેને ગ્રહણ કરી, અસત્ય ધોખાબાજીના પંજામાં ન આવવું, એ દરેક વિચારવંત મનુષ્યની ખાસ ફરજ છે, અને અમારા તરફથી નમ્ર અરજ છે,

---

## ખોજામાંથી કનવર્ટ થએલા ઇસના અશરી મીશન પ્રયોગ

### તથા

## તેનો છેવટનો અંજામ

પાણીમાં ડુબતો અણતારૂ માણુસ છેવટે ઘાસના તણખલાને વળગીને પોતાનો જીવ બચાવવા ઉમેદ ધરાવી બેસે છે, પણ એવી ઉમેદ વ્યર્થ છે. કારણ કે, ઘાસનું તણખલું માણુસ જેવી વજનદાર દેહીને આશ્રય આપી શકતું નથી.

માનવંતા તત્વજ્ઞાની મહાત્મા બોધગુરૂ પીર સદરદીન સાહેબ પાક ઇસમાઇલી ઇમામ, શ્રી ઈસલામ શાહના હુકમથી હિંદુસ્થાન ખાતે પધાર્યા હતા. પાક ઈમામ શ્રી ઈસલામ શાહ, શીઆ ઇમામી ઇસમાઇલી દીનના રાહનુમા, હાદી, અને તે જમાનાના ઇસમાઇલી હાજર ઇમામ હતા. માનવંતા પીર સદરદીન સાહેબ

શીઆ ઇમામી ઇસમાઇલી દીન ફેલાવનાર મીશનરી હોવાથી, સેહેજ સમજી શકાય છે કે તેઓ પોતે પણ શીઆ ઈમામી ઇસમાઈલી મઝહબ પાળતા હતા, અને હિંદમાં હિંદુઓ ઉંપર પણ ઇસમાઇલી મીશન પ્રયોગ ચલાવી તેમને પાક શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાં દાખલ કીધા હતા. ઇસમાઇલી દીનના મહાન સિદ્ધાંત તરીકે, તેમણે તે વખતના ઇસમાઇલી હાજર ઇમામ, શ્રી ઇસલામ શાહની બૈયતમાં તેમને લીધા હતા, અને ભવિષ્યની ઓલાદને શ્રી ઇસલામ શાહના ગાદી વારસ, દરેક જમાનાના હાજર ઇમામની બૈયત, તાબેદારી તથા વફાદારીમાં રહેવા ભલામણ કરી હતી. તેઓએ હિંદુસ્તાનમાં જે મીશનરી મેહેનતો કરી છે, તે સઘળી, તે જમાનાના ઇસમાઇલી હાજર ઇમામ, શ્રી ઇસલામ શાહના હુકમ અનુસાર હતી. માનવંતા પીર સદરદીન સાહેબે હિંદુસ્થાનમાં આવીને, જે મજહબ ફેલાવ્યો, તે ફકત શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબ છે, એ વાતમાં અણુમાત્ર પણ શંકા ધરાવવા જેવું, કાંઈપણ નથી. માનવંતા પીર સદરદીન ઉપરાંત, માનવંતા પીર હસન કબીરદીન તથા બીજા ગાદી ધરાવનારા પીરોએ પણ એજ શીઆ ઇમામી ઈસમાઇલી મઝહબ ફેલાવ્યો હતો. દરેક નામવર પીર નવા મુરીદોને પોતાના વખતના ઇસમાઈલી હાજર ઈમામની બૈયત કરાવતા, અને પોતાના જમાનાના ઇસમાઇલી હાજર ઇમામની તાબેદારી તથા વફાદારીમાં રહેવા સૂચવતા હતા.

ખોજાઓના અસલ પાક શીઆ ઈમામી ઇસમાઇલી મઝહબમાંથી નીકળી જનારાઓ, આ ઉપરની બાબતો સારી રીતે જાણે છે. અને તેઓ પોતાના દીલમાં સત્ય કરીને સમજે છે કે તેઓના પૂર્વજોને શીઆ ઇમામી ઈસમાઇલી મઝહબમાંજ દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ અનેક વખતે પુસ્તકોદ્વારા લેખિત ઇકરાર પણ કરી ચુક્યા છે, છતાંપણ, અજબ જેવું છે કે, ગાડીનાં ચક્રોની માફક, તેમની

માન્યતા, ચાલતાં ચાલતાંમાં, પાસું બદલી નાંખે છે અને તેઓ પાછા જણાવવા લાગી છે કે, "અમારી માન્યતા એવી થઇ છે કે ખોજાઓનો અસલ દીન, **ઈસના અશરી** છે, અને તેમને **ઇસના અશરી** મતમાં વટલાવનાર **મીશનરીઓ** પણ **ઈસના અશરીજ** હતા" ધાર્મિક માન્યતાઓ, ગાડીનાં ચક્ર માફક, એક મીનીટમાં પચાશ વખત પડખાં ફેરવે, એ ખરેખર ખેદ ઉપજાવનાર દેખાવ છે. તેઓની ધાર્મિક માન્યતાઓ આવી રીતે ઘડી ઘડી પાસાં બદલતી માલમ પડે છે. વાદળાની ઘડી ઘડીની ગતી પ્રમાણે જે ફેરફાર તેઓ દેખાડેછે, તે તેઓના દીલની ખરી માન્યતા ફેરફાર નથી. તેઓનું સ્વતંત્ર મગજ પણ સારી રીતે સમૂજે છે કે, માનવંતા પીર સદરદીને હિંદના હીંદુઓને "ખોજા" ના માનવંતા લકબથી, પાક **શીઆ ઇમામી ઇસમાઇલી** મઝહબમાં દાખલ કીધા હતા, અને પાક **ઇસમાઇલી ઇમામોના** ધાર્મિક વડપણનો સ્વીકાર કરાવ્યો હતો. ત્યારે સવાલ એ ઉઠે છે કે, દિલમાં સત્યતા સમજવા છતાં, રોજ રોજ, નવી માન્યતાઓ પ્રગટ કરવાની શું જરૂર હશે? જવાબ ખુલ્લો છે કે, પાક **શીઆ ઇમામી ઇસમાઇલી** મઝહબમાંથી નીકળી જનારાઓમાંથી કેટલાક, મુખ્ય કરીને, તેમના કેટલાક વકતા તથા લેખકો કોઇપણ ધોખાબાજીથી પોતાનો નવો ફીરકો વધારવાની ગેરવાજબી ઉલટ ધરાવે છે. નામદાર પીર સદરદીને હિંદુઓ ઉપર, ઇસમાઇલી **મીશન પ્રયોગ** ચલાવ્યો હતો, તે પ્રયોગને પુરતો ફતેહમંદ ગણીને, તેઓની નકલ તેઓ કરવા લાગ્યા છે. તેઓ હવે ઈસમાઈલીઓ ઉપર, **ઇસના અશરી મીશન પ્રયોગ** ચલાવતા થયા છે. તેઓ બહારથી કબુલ કરે છે કે, માનવંતા પીર સદરદીન, પીર હસન કબીરદીન વગેરે મહાત્માઓ સાચા હતા, તેઓએ અથાગ મેહેનત કરી, હિંદુઓને કુફરના અંધકારથી બચાવ્યા હતા. પોતાના **ઇસના અશરી મીશનને** ફતેહમંદ બનાવવાને માટે, પાછળથી એ ધોખાબાજી રજુ કરે છે

કે તેઓએ હિંદુઓને ઇસના અશરી મઝહબમાં મૂળથી દાખલ કીધા હતા, અને તે પીરો પોતે પણ ઈસના અશરી હતા. નામદાર મહાન બોધગુરૂ પીર સદરદ્દીનના સિદ્ધાંતોને ખોટા પાડવાનો કોઇ રસ્તો હસ્તી ધરાવતો નથી અને તેમના સિદ્ધાંતોને તોડી પાડવાનું તેઓથી બની શકે તેમ નથી, એવું જોઇને ઇસમાઇલીઓ ઉપર, ઇસના અશરી મીશન પ્રયોગ ચલાવવા તેઓ તૈયાર થયા છે. જ્યારે તેઓ સાફ રીતે જુએ છે કે, ઇસમાઇલીઓ માનવંતા પીર સદરદ્દીને શીખવેલા શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબ ઉપર ઘણાજ મુસ્તકીમ છે, અને એ મહાન બોધગુરૂનાં જ્ઞાન તરફ તેઓ ઉંચુ માન ધરાવે છે; જ્યારે તેઓ સાફ રીતે જુએ છે કે, તે માનવંતા પીરો તરફનો ઇસમાઇલીઓનો વિશ્વાસ કોઇ રીતે ડગી શકે તેમ નથી, ત્યારે "તે પીરો ખરા હતા; મહાત્મા હતા, તેઓએ મોટા સંકટો વેઠી, કુફરનો અંધકાર દુર કર્યો હતો અને તેઓ મોટા માનને લાયક થઇ ગયા છે" એવુ બહારથી દેખાડી, તેઓ ઇસમાઇલીઓના મન જીતી લેવા માગે છે, અને ત્યારબાદ, "તે પીરો ઈસના અશરી હતા, અને તેઓએ હિંદુઓને અસલથીજ ઇસના અશરી મઝહબમાં દાખલ કીધા હતા" એવો ઇસના અશરી મીશન પ્રયોગ, ઇસમાઇલીઓ ઉપર ચલાવવા માંગે છે. માનવંતા પીર સદરદ્દીન શીઆ ઇમામી ઈસમાઇલી મઝહબમાં હતા તથા તેઓએ હિંદુઓને શીઆ ઇમામી ઇસમાઇલી મઝહબમાં દાખલ કીધા હતા એ બાબતની એવી સ્પષ્ટ ચોખવટ થઇ ગઇ છે કે, હવે અજ્ઞાન તથા મુર્ખ ઇસમાઇલી સિવાય, બીજા દાના ઇસમાઇલીઓ ઉપર, એ ઈસના અશરી મીશન પ્રયોગ કાંઇ અસર કરી શકશે નહીં. એવા ઇસના અશરી મીશન પ્રયોગ ચલાવનારા વકતા તથા લેખકોને વાજબી સલાહ આપવાની અમારી ફરજ સમજીએ છીએ કે ધોખાબાજીના પ્રયોગથી પોતાની કોમની સંખ્યામાં

વધારો કરવાની ખોટી લાલચ રાખવી, એ પોતાનીજ ઇજ્જત તથા અકલને નામોશી લગાડનારી બીના છે. પોતાના ધર્મનો વધારો કરવાના પ્રમાણિક રસ્તાઓ ખુલ્લા પડેલા છે. દરેક માણસ પ્રમાણિક રિતી-ઓથી પોતાના ધર્મનો વધારો કરવાની કોશેશ કરવામાં વાજબી છે, અને પ્રમાણિક રિતીઓજ તેઓની કોશેશને માનવંતી બનાવે છે. જો કોઇ ધર્મ પાળનાર પોતાનો ફીરકો વધારવાને આતુર હોય તો તેણે પ્રમાણિકપણાથી, બીજાના દીન મઝહબ કરતાં, પોતાના દીન મઝહબમાં વધારે ઉંચી ખુબીઓ હોય, તો તેને જગતમાં જાહેરાતમાં મુકવી જોઇએ. જો લોકો પોતાના દીન કરતાં તેઓના દીનમાં વધારે ઉંચી ખુબીઓ જોશે, તો કુદરતી રીતે તેઓ તેઓના મઝહબમાં દાખલ થવાને લલચાશે. પ્રમાણિકપણાથી કીધેલો વધારો હમેશ ટકે તેવો તથા માન ભરેલો થાય છે. ધોખાબાજીથી કરેલો વધારો આખરે ધિક્કારની લાગણીને પાત્ર થાય છે. બીજાઓના દીનની નિંદા કરવી, એજ મોટી ફીલસુફી જે દીનની હોય, બીજાઓના બંગલા વાડીઓ પોતાના છે, એવી રીતે, જગતને ઠગવાની યુકિતઓ જે દીનમાં પ્રબળતા ભોગવતી હોય, તે દીન આખરે ટકી શકતો નથી. ટુંક કાળમાં તેઓની ઇમારતના પ્રપંચ રૂપી થાંભલા તથા ભાલ જમાનાની કીડથી ખવાઇને તુટી પડે છે, અને તેને પરિણામે તેઓના ધર્મની ઇમારત પાછી જમીનદોસ્ત થઇ જાય છે.

અમારા ખેંચેલા આ સારના ટેકામાં, અમે "ખોજા કોમની તવારીખ"ના પાનાં ૨૯૦ ઉપર વાંચનારનું ધ્યાન ખેંચવા વાજબી ધારીએ છીએ.

# ખોજા કોમની તવારીખ

## પા ૨૯૦

મજકુર પુસ્તકના પાનાં ૨૯૦ માં પુસ્તક કર્તા જણાવે છે કે,

" બારભાયા કેસ, ખોજા ડાહીઆ માહુમદ, માહુમદ સાયા, પીરમાંમદ કાશમ અને ફાજલભાઇ ગુલામહુસેનની ફરમાશથી માંડવામાં આવ્યો હતો. બંને પક્ષો તરફથી મોટા મોટા વકીલ બેરીસ્ટરો લાખોના ખરચથી રાખવામાં આવ્યા હતા. હાઇ કોર્ટના જજ, સર જોસફ આરનોલ્ડ પાસે આ કેસ ચાલ્યો. ફેસલો બારભાયા પક્ષની વિરૂદ્ધમાં થયો. ત્યારથી બારભાયા પક્ષના લોકોએ પોતાની જુદી સુન્ની જમાત બાંધી. નવી મસજીદ બંધાવી, કબરસ્તાન પણ અલાહેદું રાખ્યું. આ સુન્ની ખોજાઓની પ્રથમ સંખ્યા ઘણી હતી. પરંતુ હાલમાં સો કુટુંબો કરતાં પણ ઓછી છે. વ્યહવારીક મુશ્કેલીને કારણે, ઘણા, જુની જમાતમાં, અને પાછળથી જ્યારે ઇસના અશેરી જમાત ઉભી થઇ, ત્યારે તેમાં, જોડાઇ ગયા. આ જમાતે હવે પોતાનો પક્ષ વધારવાનું છોડી દીધું છે. બધા સાથે હળીમળીને ચાલે છે, ઇસના અશરી જમાતના ખોજાઓ સાથે પણ, કન્યાની; આપ લે કરે છે. આ જમાતવાળાનું એમ માનવું થયું છે કે, " ખોજાઓને વટલાવનાર પીર સદરદીન સુન્ની હતા. અને ખોજાઓને તેઓએ સુન્ની મુસલમાન બનાવ્યા હતા. આ ટોળાંઓ શરૂઆતમાં પોતાનો પક્ષ, મુંબઇ સિવાય, બીજે સ્થળે પણ વધારવા પેરવી કીધી હતી. પરતું, અનુકુળ સંજોગોની ગેરહાજરી, તથા મોટી જમાતના તેમ નહીં થવા દેવાના બળવાન પ્રયાસને લઇને તેઓ ફાવી શક્યા નહીં "

આ પુસ્તક કર્ત્તાના **મજકુર** લખાણનો સાર એવો દેખાય છે કે "**શીઆ ઇમામી ઇસમાઈલી** ખોજાઓને અસલ **સુન્ની** મઝહબમાં વટલાવવામાં આવ્યા હતા એવું ધારનારા, અસલના **શીઆ ઇમામી ઇસમાઇલી** તરીકામાંથી બહાર નીકળીને છુટા પડી ગયા હતા. તેઓએ પોતાની મસજીદ તથા કબરસ્તાનની અલાહેદા ગોઠવણ કરી લીધી. જ્યારે તેઓ પોતાને **સુન્ની** ધારવાની ખોટી માન્યતાને પ્રતાપે તેઓના અસલ **શીઆ ઇમામી ઇસમાઇલી** મઝહબને તજીને બહાર પડયા, ત્યારે તેઓની સંખ્યા ઘણી હતી, પણ હાલ સો કુટુંબ કરતાં પણ ઓછી છે. આ ટોળાએ પેતાની જમાતની સંખ્યા વધારવા પેરવી કીધી હતી, પણ મોટી જમાતના તેમ નહીં થવા દેવાના બળવાન પ્રયાસને લીધે તેઓ ફાવી શકયા નહીં હતા"

મજકુર પુસ્તક કર્ત્તા પોતાના ખેંચેલા આ સારના છેવટના ભાગમાં **શીઆ ઇમામી ઇસમાઇલીની** જુની જમાતમાંથી **સુન્નીને** નામે બહાર પડેલાઓ પોતાની જમાતનો વધારો કરવામાં ફાવી નહીં શકયા, તેના કારણભુત તરીકે, "**મોટી જમાતના તેમ નહીં થવા દેવાના** બળવાન **પ્રયાસ**"ને વજન આપે છે. પરંતુ આ ઠેકાણે પણ એ પુસ્તક કર્ત્તા પોતાનો બીન અનુભવ પ્રસિદ્ધિમાં લાવે છે. માનવંતા પીર સદરદ્દીન **સુન્ની** હતા, અને **શીઆ ઇમામી** ઇસમાઇલી ખોજાઓને અસલ **સુન્ની** તરીકામાં વટલાવવામાં આવ્યા હતા, એવી ગંભીર ભુલે કરીને જેઓ પોતાના અસલ **શીઆ ઈમામી ઈસમાઇલી** મઝહબથી છુટા પડયા હતા, તેઓનો વધારો, **મોટી જમાતના તેમ નહીં થવા દેવાના** બળવાન પ્રયાસને લીધે અટકી પડયો હતો, એ માન્યતા ઘણીજ ભુલ ભરેલી છે. અલબતાં, આ વાત સત્ય છે કે, તેઓનો વધારો અટકી પડયો હતો. એક વખતે હજારોની સંખ્યામાં ગણાતાં, હવે તેઓ સેંકડાની સંખ્યાને પણ પહોંચી શક્તા નથી. પણ આ પાછળ હઠવાજોગ સ્થિતિનું ખરૂં

કારણ, માનવંતા પીર સદરદીને તેમને સુન્ની તરીકામાં વટલાવ્યા હતા, એવી તેઓની ખોટી માન્યતાનું હતું. જેમ જેમ લોકોને સત્યતાની ખબર પડતી ગઈ અને તેઓની ઢંકાએલી આંખો ઉઘડતી ગઇ, તેમ તેમ તેઓ પસ્તાઇને પોતાના અસલ તરફ પાછા વળતા ગયા. મનુષ્યની આંખો હમેશાં સત્યતા તરફ ઢંકાએલી રહેતી નથી જ્યારે તેઓની આંખો સત્યતા તરફ ખુલ્લી થાય છે, અને સત્યતાને બરાબર જોઇ શકે છે, ત્યારે જો તેમનામાં વ્યહવારિક હિંમત હોય, તો તેઓ અસત્યથી પાછા વેગળા થઈ જાય છે. ખોજાઓને અસલ ઇસના અશરી મઝહબમાં વટલાવવામાં આવ્યા હતા, અને, તેઓને વટલાવનાર પીરો પણ ઇસના અશરી હતા, એ નવી માન્યતા, જાણી જોઇને સત્યતા તરફ આંખ ઢાંકી લેવાનું પરિણામ છે. જ્યારે તેઓ પોતાની આંખો પાછી આ સત્યતા તરફ ખુલ્લી કરશે કે, ખોજાઓને વટલાવનાર માનવંતા પીરો શીઆ ઇમામી ઇસમાઇલી હતા અને તેઓએ અસલમાં ખોજાઓને શીઆ ઇમામી ઈસમાઇલી મઝહબમાંજ દાખલ કીધા હતા, ત્યારે ખરેખર તેઓ પણ પોતાની ગંભીર ભુલને લીધે પુરેપુરા પસ્તાઈને પાછા પોતાના અસલ પાક શીઆ ઈમામી ઇસમાઇલી મઝહબ તરફ રજુ થશે.

---

## કુરાને શરીફ, સુરે બકર, આયત ૧૬૧.

ઈન્નલ લઝીના કફરૂ, વ માતુ, વ હુમ કુફ્ફારૂન,
ઉલાએકા, અલૈહીમ, લઅનતુલ્લાહે વ મલાએકતે,
વન નાસે અજમઇન.

**મતલબ.**

ખરે ખર જેઓ કાફર (નીમકહરામ, ગુણચોર) થયા છે, અને કાફરપણામાં મરી ગયા છે, તેઓની ઉપર, ખુદાની, ફીરશ્તાઓની અને સઘળા માણસોની લાનત (ફીટકાર) પડે છે.

## કુરાને શરીફ, સુરે બકર, આયત ૧૬૦.

ઇલ્લલ લઝીના તાબુ, વ અસલહુ, વ બય્યનુ, ફ ઉલાએકા, અતુબો અલૈહીમ, વ અનત તવ્વાબુર રહીમ.

**મતલબ.**

પણ જેઓ પશ્ચાતાપ કરે છે, અને પાછા સુધરી જાય છે, અને (હક) વર્ણન કરે છે, તેઓને પશ્ચાતાપ હું કબુલ કરીશ. ખરેખર હું પશ્ચાતાપ કબુલ કરનાર અને દયાળુ છું.

**સમાપ્ત.**

લા રૈબ હુએ અજલસે, શાહે દો સરા, અલી
ખલ્લાકે ખલ્ક, ખાલેકે અરઝો સમા, અલી— ૧
અવલ અલી, આખેર અલી, મુબતેદા, અલી
જાહેર અલી, બાતન અલી, જા બ જા, અલી— ૨
અએ મોમીનો, નહીં હુએ ખુદા સે જુદા, અલી
હુમ બંદે હુએં ઉસકે, બ ખુદા, હુએ ખુદા અલી— ૩
સરતાજ અંબીઆકે હુએ, ઉમ્મત કે પેશવા
બાદે નબી, ઇમામ અલી, રાહનુમા, અલી— ૪
સાબીત હદીસે " લહમોકા લહમી " સે હો ગયા
મૌલા અલી હુએ મુસ્તફા, ઔર મુરતઝા, અલી— ૫
પુછા નબીસે રૂતબા અલીકા, તો યેહ કહા
ભાઇ અલી, વસી અલી, આસના અલી— ૬
રોશન જહાંમેં, સુરએ " વશ શમ્સ " સે, હો ગયા
શમશો દુહા, નબી હુએ, તો બદરૂદ દુજા, અલી— ૭
દેખા હુએ, કલામે ખુદામેં ભી, જા બ જા
મકસદ અલી, મુરાદ અલી, મુદદઆ અલી,— ૮
આયા હુઆ પહાડ મુસીબતકા ટલ ગયા
ચીલ્લા કે જબ ઝબાંસે, હમને કહા અલી— ૯
કુહેતા હૈ કૌન, મઝહરે યઝદાં, અલી નહીં
મૌજુદ હુએ ઝમાનેમેં, હરએક જા, અલી— ૧૦
આવાઝ સુનકે, બોલે, યેહ, મેરાજમેં નબી
કરતા હુએ બાત મેરેસેં, ભાઇ મેરા અલી— ૧૧
કયું હમમેં, મેરા ઉકદએ લાહલ, ન હલ કરે
હાજત રવાએ ખલ્ક હુએ, મુશકીલ કુશા, અલી,— ૧૨
મહશરકા દીલમેં ડર હુએ, ન ખૌફ કબ્રકા
ઉઠેગા કબ્રસે કહેકર, " ઇખલાસ " યા અલી— ૧૩

આ પુસ્તકની બીજી આવૃત્તિની અઢી હજાર નકલ ફ્રી વહેંચી આપવા માટે, ફંડ ભરનારા સખી ગ્રહુસ્થોનાં મુબારક નામ, તથા તેઓએ આપેલી રકમ, તેમજ અઢી હજાર પુસ્તક માટે થએલા ખર્ચનો હિસાબ

| રૂ૦ | | રૂ૦ | |
|---|---|---|---|
| ૬૦ | મુંબાસાવાલા ભાઇઓ, હસ્તે, મુખી અબદલાભાઇ વાલજી. | ૧૭૦ | નકલ અઢી હજાર છપાવવા, તથા તેમના પુઠા બંધાવવા, તથા બીજા પરચુરણ કામ માટે થએલા ખરચ. |
| ૫૦| | મુખી લાલજીભાઈ દેવરાજ. | ૬૨ | નકલ અઢી હજાર માટે કાગળનો ખરચ. |
| ૨૫ | શેઠ રહેમતુલાભાઈ લાલજી દેવરાજ. | ૨૩૨ | |
| ૨૫ | શેઠ હુસનભાઇ લાલજી દેવરાજ. | ૩|| | વધારો થએલ, તે ઇસમાઇલી લીટરેચર સોસાઇટીને મદદ તરીકે આપી દીધા છે. |
| ૨૫ | શેઠ ડાહીયાભાઈ વેલજી. | ૨૩૫|| | |
| ૨૫|| | વીરજી પ્રેમજી પારપીઆ. | | |
| ૧૫ | શેઠ મનજીભાઇ ગુલામહુસેન. | | |
| ૧૦ | હાશમભાઇ ઓઘા માસ્તર. | | |
| ૨૩૫|| | | | |

વીરજી પ્રેમજી પારપીઆ
પ્રગટ કર્ત્તા.

તા૦ ક૦—બહાર દેશાવરથી, આ પુસ્તક મંગાવનારા ગ્રહુસ્થોએ, પોસ્ટ તથા પેકીંગ ખરચ માટે એક આનાની પોસ્ટ ટીકીટ મોકલી, નીચેના સરનામેથી, પુસ્તક ફ્રી મંગાવી લેવું.

વીરજી પ્રેમજી પારપીઆ,
ધી ખોજા સિંધી પ્રીંટીંગ પ્રેસ,
૧૧૬, પાલખી મોહોલા, મુંબઇ—૯.

# પાક શીઆ ઈમામી ઈસમાઈલી

## દીનને લગતાં

## આ પુસ્તક કર્તા તરફથી પ્રગટ થએલાં પુસ્તકો

## હાજર ઈમામનાં પવિત્ર ફરમાનો.

સરળ ગુજરાતી ભાષા તથા સિંધી ટાઈપમાં અને એકસરખી લાઇનમાં

**બહુરે રહેમત—ફરમાન** જંગબાર પેહેલી મુસાફરી, ગુજરાત, કાઠીઆવાડ, કચ્છ, જંગબાર બીજી મુસાફરી, પુના, મુંબઇ. રાજકોટ, સરવેનું એકજ મોટું પુસ્તક, પુસ્તકનાં સોનેરી નામ સાથે, લુગડાનાં ઇંગલીશ બાઇડીંગના પુઠા; હદીઓ બે રૂપીઆ, પોષ્ટેજ જુદું.

**બહરે રહેમત, છુટા વિભાગો.**

૧ **ફરમાન,** જંગબાર પેહેલી મુસાફરી.

૧ **ફરમાન,** ગુજરાત, કાઠીઆવાડ, તથા કચ્છ.

૧ **ફરમાન,** જંગબાર બીજી મુસાફરી, પુના, મુંબઇ તથા રાજકોટ,

હદીઓ દરેક વિભાગનો આઠ આના, પોષ્ટેજ જુદું.

**નુરે વહદાનીયત ભાગ પેહેલો** } **હજરત મૌલા મુરતઝાઅલી**નું જીવન
**નુરે વહદાનીયત ભાગ બીજો** } ચરિત્ર તથા બીજા ઉપયોગી વિષયો.

**ઈસમાઈલી પ્રકાશ ભાગ પેહેલો** }
**ઈસમાઈલી પ્રકાશ ભાગ બીજો** } મસનવી મૌલાના રૂમીમાંથી એ ચેલો સાર

**ઈસમાઈલી દર્પણ**—ઈસમાઇલી અડતાલીસે ઈમામોનાં (નકશા સાથે) વતન, ઈમામતના હીજરી તથા ઈસવી સન સાથે, ટુંક વર્ણન.

મજકુર પાંચે પુસ્તકમાંથી દરેકનો હદીઓ એક રૂપીઓ, પોષ્ટેજ જુદું.

**તઅલીમે દુઆ—**શીઆ ઇમામી ઇસમાઇલી પાક દુઆ, ગુજરાતી ટાઈપમાં, બીજા વિષયો સાથે.

**તફસીરે દુઆ**—શીઆ ઈમામી ઇસમાઇલી પાક દુઆનો તરજુમો, શબ્દાર્થો સાથે, મજકુર બન્ને પુસ્તકોમાંથી દરેક, હદીઓ છ આના, પોષ્ટેજ જુદું.

પુસ્તકો મળવાનાં ઠેકાણાં.

**હાશમ બોઘા માસ્તર પ્રગટ કર્તા.**—૨૩ નવા નાગપાડા,
પોલીસ ઈસ્પીતાલ સામે, પોષ્ટ નંબર ૮—મુંબઇ.

**મુખી લાલજીભાઈ દેવરાજ**—ધી ખોજા સિંધી પ્રિંટીંગ પ્રેસ,
૧૧૬, પાલખી મોહોલા, પોષ્ટ નંબર ૯.—**મુંબઈ**